Thursday, 20 November 2025
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિદ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૨ ● અંકઃ ૨૯૨ ● સંવત-૨૦૮૨ કારતક વદ અમાસ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD



શ્રદ્ધાનો અર્થ છે આત્મવિશ્વાસ અને આત્મવિશ્વાસનો અર્થ છે ઈશ્વરમાં વિશ્વાસ.
-મહાત્મા ગાંધીજી

## સેલવાસની લાયન્સ અંગ્રેજી સ્કૂલમાં કાનૂની જાગૃતિ શિબિર યોજાઈઃ બાળકોને ડ્રગ્સના સેવનથી થતી ખરાબ અસરો વિશે આપવામાં આવેલી વિસ્તૃત માહિતી

**ડ્રગ્સનો ઉપયોગ માત્ર સ્વાસ્થ્ય માટે હાનિકારક જ નથી, પણ જીવનમાં અંધકાર તરફ દોરી જાય છેઃ સેલવાસના સી.જે.એમ. અને ડી.એલ.એસ.એ. અધિક્ષક જે.વાય.ઘુલે**

**ડ્રગ્સનું સેવન કરવું કોઈપણ સમસ્યાનો ઉકેલ નથી અને તેનાથી દૂર રહીને જ વ્યક્તિનું જીવન સ્વસ્થ અને સુરક્ષિત બની શકે છેઃ જે.વાય.ઘુલે**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૯**

દાનહ જિલ્લા કાનૂની સેવા સત્તામંડળે સેલવાસમાં લાયન્સ અંગ્રેજી સ્કૂલ ખાતે કાનૂની જાગૃતિ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે આ પ્રસંગે ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ (સી.જે.એમ.) અને ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસ ઓથોરિટી(ડી.એલ.એસ.એ.)ના અધિક્ષક શ્રી જે.વાય.ઘુલે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને કાનૂની શિક્ષણ અને વિકલ્પો વિશે માહિતી આપી હતી અને ડ્રગ્સ મુક્તિ અભિયાન વિશે પણ વાત કરી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે દાનહ જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા સેલવાસની લાયન્સ અંગ્રેજી સ્કૂલમાં આયોજીત કાનૂની જાગૃતિ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ (સી.જે.એમ.) અને ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસ ઓથોરિટી (ડી.એલ.એસ.એ.)ના અધિક્ષક શ્રી જે.વાય.ઘુલેએ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું હતું કે ડ્રગ્સનો ઉપયોગ માત્ર સ્વાસ્થ્ય માટે હાનિકારક જ નથી, પણ જીવનમાં અંધકાર તરફ દોરી જાય છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ડ્રગ્સનું સેવન કરવું કોઈપણ સમસ્યાનો ઉકેલ નથી અને તેનાથી દૂર રહીને જ વ્યક્તિનું જીવન સ્વસ્થ અને સુરક્ષિત બની શકે છે. કાર્યક્રમના અંતે, વિદ્યાર્થીઓએ ડ્રગ્સ મુક્ત સમાજ બનાવવા માટે સક્રિય ભૂમિકા ભજવવાની પ્રતિજ્ઞા લીધી હતી. તેઓએ તેમના મિત્રો અને સમાજના અન્ય લોકોને ડ્રગ્સના સેવનથી થતી હાનિકારક અસરો વિશે શિક્ષિત કરવા અને તેમને સ્વસ્થ જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. શ્રી ઘુલેએ દરેકને જીવનભર ડ્રગ્સથી દૂર રહેવા અને સ્વસ્થ, સભ્ય અને સુંદર સમાજના નિર્માણમાં યોગદાન આપવા વિનંતી કરી હતી. આ પ્રસંગે શાળાના આચાર્યશ્રી, શિક્ષકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## ‘મેરા યુવા ભારત- દમણ’ દ્વારા જિલ્લા સ્તરીય રમત-ગમત સ્પર્ધાઓ યોજાઈ

**રમત-ગમત સ્પર્ધાનો ઉદ્દેશ્ય બ્લોક સ્તરે પસંદ કરાયેલા ખેલાડીઓને એક પ્લેટફોર્મ પૂરું પાડી તેમની રમત-ગમત પ્રતિભાને વધુ વિકસાવવાનો અને યુવાનોમાં રમત-ગમત, હિંમત, શિસ્ત અને ટીમવર્કને પ્રોત્સાહન આપવાનો હતો**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૯**

‘મેરા યુવા ભારત-દમણ’ દ્વારા ૧૬ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ટેબલ ટેનિસ હોલ, મોટી દમણ ખાતે એક ભવ્ય અને સફળ જિલ્લા સ્તરીય રમત-ગમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય બ્લોક સ્તરે પસંદ કરાયેલા ખેલાડીઓને એક પ્લેટફોર્મ પૂરું પાડવાનો, તેમની રમત-ગમત પ્રતિભાને વધુ વિકસાવવાનો અને યુવાનોમાં રમત-ગમત, હિંમત, શિસ્ત અને ટીમવર્કને પ્રોત્સાહન આપવાનો હતો. આ જિલ્લા સ્તરીય સ્પર્ધામાં ત્રણ મુખ્ય રમતો જેમાં ટગ ઓફ વોર(દોરડાખેંચ), કરાટે અને યોગમાં સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં બ્લોક સ્તર ૧, ૨ અને ૩માં વિજેતા થયેલા લગભગ ૨૦૦ ખેલાડીઓએ આ જિલ્લા સ્તરીય સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તમામ ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન સાથે તેમની ઉત્કૃષ્ટ પ્રતિભા દર્શાવી હતી. વિવિધ રમતોમાં



પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવનારાઓને મેડલ, ટ્રોફી અને પ્રમાણપત્રોથી સન્માનિત કરવામાં આવ્યા હતા, દરમિયાન પુરસ્કારો





મેળવનારા સહભાગીઓ આનંદ અને ઉત્સાહથી ભરાઈ ગયા હતા.

આ રમત-ગમત સ્પર્ધા ખૂબ જ વ્યવસ્થિત અને ન્યાયી રીતે યોજાઈ હતી, જેમાં રેફરી અને ન્યાયાધીશ તરીકે આકાશ ઉદેશી, રિચા વર્મા, અર્જુન ઉદેશી, પાર્થ પારડીકર, મેહુલ કેની, આશિમ ડે, શૈલીન, પ્રિન્સ, સુયોગ, કૃતગન અને મીતએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી અને પોતાની કુશળતાથી આ કાર્યક્રમનું સુચારુ સંચાલન સુનિશ્ચિત કર્યું હતું. વિવિધ વ્યવસ્થાઓ અને ખેલાડીઓના સંચાલનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવનારા રાષ્ટ્રીય યુવા સ્વયંસેવકો નિકિતા ઉદેશી અને અનિકેત હળપતિએ આ કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

આ ભવ્ય કાર્યક્રમનું નેતૃત્વ ‘મેરા યુવા ભારત- દમણ’ના જિલ્લા યુવા અધિકારી સુશ્રી મનસા કુમારી દ્વારા કરવામાં આવ્યું હતું, જેમના માર્ગદર્શન અને સંકલન હેઠળ આ જિલ્લા સ્તરની રમત-ગમત સ્પર્ધા સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી. અંતે, ‘મેરા યુવા ભારત- દમણ’ની ટીમે દમણ જિલ્લાના રમત-ગમત વિભાગનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો કે જેમણે આ કાર્યક્રમ માટે સમર્થન અને જરૂરી સુવિધાઓ પૂરી પાડી હતી.

## સેલવાસની આઈ.ટી.આઈ.માં ‘માર્ગ સલામતિ જાગૃતિ’ કાર્યક્રમ યોજાયો

**કાર્યક્રમમાં ગેજેટ્સની મદદથી આઈ.એમ.વી. એક્ટની મૂળભૂત બાબતો, કેવાયડી (તમારા દસ્તાવેજો જાણો), માર્ગ સલામતી ચિહ્નો, માર્ગ સલામતી શું કરવું અને શું ન કરવું અને સલામત ડ્રાઈવિંગ તકનીકો જેવા વિષયો પર આપવામાં આવી વિસ્તૃત માહિતી**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૯**

ઈન્ડસ્ટ્રીયલ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટ(આઈટીઆઈ) સેલવાસના વિદ્યાર્થીઓને ભારતીય મોટર વાહન અધિનિયમ, માર્ગ સલામતી જાગૃતિ અને રક્ષણાત્મક ડ્રાઈવિંગ વિશે માહિતી આપવા માટે આજે આઈ.ટી.આઈ. કેમ્પસમાં જાગૃતિ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

સત્રની શરૂઆત આઈ.ટી.આઈ.ના પ્રિન્સિપાલ શ્રી સૂર્યમણિ મિશ્રા દ્વારા આપણાં રોજિંદા જીવનમાં માર્ગ સલામતીના મહત્ત્વ અને રોડ(માર્ગ) અકસ્માતોને નિયંત્રિત કરવા અંગે જાગૃતિ પર ઉદ્‌ઘાટન ભાષણ અને ફેકલ્ટી સભ્ય શ્રી પરેશ ગજ્જર દ્વારા પરિચય સાથે થઈ હતી. આજના ફેકલ્ટી સભ્ય, શ્રી પરેશ ગજ્જર (સેફટી મેનેજર)એ માર્ગ સલામતી જાગૃતિ પર વિગતવાર પ્રેઝન્ટેશન અને ભારતીય મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ વિશે સંક્ષિપ્ત માહિતી આપી હતી.

- (વધુ પાના નં.૨ પર)

## શ્રી દમણ જિલ્લા સહકારી ભંડારની ૬૨મી વાર્ષિક સામાન્ય સભા મળી

**સંસ્થાના ચેરમેન હિરેન જોશીએ સભ્યો સમક્ષ પાછલા વર્ષના રજૂ કરેલા હિસાબોઃ આ વર્ષે તમામ શેરધારકોને ૧૦ ટકા ડિવિડન્ડનું વિતરણ કરવાનો લેવાયેલો નિર્ણય**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૯**

શ્રી દમણ જિલ્લા સહકારી ભંડારની ૬૨મી વાર્ષિક સામાન્ય સભા આજે શ્રી માછી મહાજન હોલ ખાતે યોજાઈ હતી. બેઠકમાં સંસ્થાના વિકાસ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે, દમણની સૌથી જૂનામાં જૂની સંસ્થા એવી શ્રી દમણ જિલ્લા સહકારી ભંડારની ૬૨મી વાર્ષિક સામાન્ય સભા સત્યનારાયણ મંદિર પાસેના શ્રી માછી મહાજન હોલ ખાતે યોજાઈ હતી.

- (વધુ પાના નં.૨ પર)






## સુવિચાર - સદ્વિચાર

વિશ્વાસ સાથે સંબંધો ઊંડા થાય છે.

## કવિતા-ભજન-પદ-ગરબા

### તોડ ચપણિયાં

તોડ ચપણિયાં ચાનાં ભઈલા
હાથ હવે ના જોડ,
માગે ભીખ ના હક્ક મળે
ઈતિહાસ હવે મરોડ,
ભઈલા ચાનાં ચપણિયાં તોડ!

બાપ બાપનો બાપ અહિયાં કરી કાકલૂદી,
ગાળમારના જુલમ સહ્યા ‘લ્યા હાલત થઈ ગઈ ભૂંડી
આજકાલ તો હવે છે તારી અંધકાર પછી પરોઢ
ભઈલા ચાનાં ચપણિયાં તોડ!

બામણવાદના ભેજામાં સદીઓથી કચરો સડતો
નૂતન યુગમાં પ્રતિકાર વિણ મેલ કશો ના પડતો.
સડીગળી સંસ્કૃતિના દંભી પડગમ ફોડ,
ભઈલા ચાનાં ચપણિયાં તોડ!

ધરમકરમ ને પુનર્જન્મની વાતો છે હેવાની,
કાયમ તુજને કચડવાની બાજી છાનીમાની.
વર્ણાશ્રમ વાડાબંધીની ઘોર જલ્દી ખોડ,
ભઈલા ચાનાં ચપણિયાં તોડ!

થુવેરિયા કે ઝાડબખોલે ફૂટી રકાબી લટકે,
ગામેગામે હાલત સરખી આગ ભીતરમાં ભડકે,
હવે નથી તું એક અટૂલો, તારા સાથી લાખ કરોડ,
ભઈલા ચાનાં ચપણિયાં તોડ!

- શંકર પેઈન્ટર

## આજની જોક

એક ગાંડાએ બીજાને કહ્યું : હા, હા સૂર્ય જ છે ભાઈ.
બીજો : ના, ના ચંદ્ર છે ચંદ્ર.
બન્ને વચ્ચે ખાસી ખેચંતાણી ચાલી. અંતે એમણે હતી એટલી બુદ્ધિ વાપરીને ત્રીજા કોઈને પૂછ્યું ‘અરે ભાઈસાબ, આ સૂર્ય છે કે ચંદ્ર?’
ત્રીજો : મને ના પૂછશો. હું અહીં નવો નવો આવ્યો છું.

## કબીર વાણી

**દિન ગમાયા દુનિયામે, દુનિયા ચલી ન સાથ;**
**પાંચ કુહાડા મારિયા, ગાફેલ અપને હાથ.**

**- અર્થાત-**

દહાડા, દુનિયવી ખટપટમાંજ રોકી દુનિયાંની ચીજો ભેગી કરવામાં તારો અમૂલ્ય વખત ગુમાવ્યો, પણ તે વસ્તુઓ તો તારી સાથે આવી નહિ; એ રીતે, ઓ ગાફેલ માણસ, તેં તારા પગમાં કોહાડી મારી.

## આજનો દિન વિશેષ

### મેહુલી ઘોષ

મેહુલી ઘોષ (જન્મ ૨૦ નવેમ્બર ૨૦૦૦) એક ભારતીય રમત શૂટર છે. તેણી સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય જુનિયર શૂટિંગ ચેમ્પિયનશીપમાં ભારતનું પ્રતિનિધિત્વ કરે છે. ૧૨૩ સ્પર્ધકોમાં, તે ચેક રિપબ્લિકમાં આયોજિત ૨૦૧૮ જુનિયર શૂટિંગ સ્પર્ધાની ફાઈનલમાં પહોંચનાર એકમાત્ર ભારતીય શૂટિંગ એથ્લેટ હતી. તે ત્યાં સાતમા ક્રમે છે. ૨૦૧૮ માં, ગોલ્ડ કોસ્ટ, ઓસ્ટ્રેલિયા ખાતે યોજાયેલી XXI કોમનવેલ્થ ગેમ્સમાં, તેણે માર્ટિના વેલોસો સાથે શૂટ-ઓફ બાદ મહિલાઓની ૧૦ મીટર એર રાઈફલમાં સિલ્વર મેડલ જીત્યો હતો. સપ્ટેમ્બર ૨૦૨૩ સુધીમાં, તેણી વિશ્વમાં ૩૬મા ક્રમે અને એશિયામાં ૧૪મા ક્રમે હતી.

મેહુલી ૨૦૧૪ માં સેરામપુર રાઈફલ ક્લબમાં જોડાઈ હતી. પ્રેક્ટિસ દરમિયાન અકસ્માતે કોઈ વ્યક્તિને મારવા બદલ ક્લબ દ્વારા તેણી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. પાછળથી, મેહુલીને ભૂતપૂર્વ ભારતીય ઓલિમ્પિક ફાઈનલિસ્ટ અને અર્જુન પુરસ્કાર, જોયદીપ કરમરકર દ્વારા માર્ગદર્શન અને કોચ કરવામાં આવી હતી.

તેણીએ તેની તાલીમ જોયદીપ કરમરકર શૂટિંગ એકેડમીમાં મેળવી હતી. ૨૦૧૬ માં, તેણી પુણેમાં યોજાયેલી ભારતીય રાષ્ટ્રીય શૂટિંગ ચેમ્પિયનશિપ માટે ક્વોલિફાય થઈ હતી. તેણીએ રાષ્ટ્રીય ચેમ્પિયનશિપમાં બે ગોલ્ડ મેડલ અને સાત સિલ્વર મેડલ મેળવ્યા હતા. ૨૦૧૭ની રાષ્ટ્રીય ચેમ્પિયનશિપમાં, મેહુલીએ આઠ સુવર્ણ અને ત્રણ કાંસ્ય ચંદ્રક જીત્યા, અને શ્રેષ્ઠ શૂટર તરીકે નિર્ણાયક બન્યો. ઘોષને ૨૦૨૦માં સ્પોર્ટસ્ટાર એસેસ એવોર્ડ્સમાં ‘‘ફીમેલ યંગ એથલીટ ઓફ ધ યર’’ એવોર્ડ આપવામાં આવ્યો હતો.

## રેસીપી : ગાજર સંભારો

ગાજર સંભારો એ તમારા ભોજન માટે શ્રેષ્ઠ ગુજરાતી શૈલીની સાઈડ ડિશ છે. તે થોડું ક્રન્ચી, ગરમ સલાડ સિવાય બીજું કંઈ નથી અને તેને ગુજરાતી ભાષામાં ‘ગાજર નો સંભારો’ અથવા ‘ગાજર માર્ચા નો સંભારો’ કહેવામાં આવે છે. મેં નીચે પદ્ધતિ શેર કરી છે.

ગાજર અને લાંબા મરચાં જે હળવા-મધ્યમ મસાલેદાર. આ થોડા મસાલેદાર હોય છે, તેથી હંમેશા બીજ અને નસ દૂર કરો. ફક્ત હિંગ અને હળદર પાવડરનો ઉપયોગ. અન્ય કોઈ મસાલા પાવડરની જરૂર નથી.

**ગાજરનો સંભારો કેવી રીતે બનાવવો? (પદ્ધતિ)**

(૧) ગાજરને ધોઈને છોલી લો. ગાજરને લાકડીઓમાં કાપો (૨) ઈંચ લાંબા અને ¼ ઈંચથી ઓછા જાડા). તે કાપવા માટે, ગાજરને ૨ ઈંચના ટુકડા કરો, અડધા ભાગમાં કાપો, કોર કાઢી લો અને લાકડીઓમાં કાપો.

(૨) લીલા મરચાં બનાવવા માટે, તેની ડાળી કાઢીને તેને ઊભી રીતે અડધા ભાગમાં કાપી લો. મરચાંના બીજ અને નસોને કાઢી નાખો. પછી ૨ ઈંચ લાંબા ટુકડા કરો.

(૧, ૨) મધ્યમ તાપ પર કડાઈ અથવા કડાઈમાં તેલ ગરમ કરો. ગરમ થાય એટલે તેમાં હળદર પાવડર અને હિંગ ઉમેરો. તેલમાં સરખી રીતે વહેંચવા માટે હલાવો.

(૩, ૪) તૈયાર ગાજર અને મરચાં મીઠું સાથે ઉમેરો. સારી રીતે મિક્સ કરો.

(૫, ૬) કડાઈને આંશિક રીતે ઢાંકી દો અને ગાજર ૭૦% રાંધાય ત્યાં સુધી રાંધો (એટલે કે તે હજુ પણ કરકરા હોય) અને સંપૂર્ણપણે નરમ ન થાય ત્યાં સુધી રાંધો.

# નીતિશ કુમારે રાજ્યપાલને રાજીનામું સોંપ્યું, નવી સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો

**નીતિશ કુમાર મુખ્યમંત્રી, સમ્રાટ ચૌધરી અને વિજય સિંહા નાયબ મુખ્યમંત્રી આવતીકાલ સવારે ૧૧:૩૦ વાગ્યે શપથગ્રહણ સમારોહ યોજવામાં આવશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**પટના, તા.૧૯**

નીતિશ કુમાર ફરી એકવાર જેડીયુના ધારાસભ્ય દળના નેતા તરીકે ચૂંટાઈ આવ્યા છે. હવે મુખ્યમંત્રી તરીકે નીતિશ કુમાર ૧૦મી વખત બિહારની બાગડોર સંભાળશે. જ્યારે બીજી બાજુ ભાજપની પટણામાં યોજાયેલી ધારાસભ્ય દળની બેઠકમાં બે નાયબ મુખ્યમંત્રી તરીકે પણ ભાજપ નેતા સમ્રાટ ચૌધરી અને વિજય સિંહાના નામને ફરી એકવાર મંજૂરી આપી દેવાઈ છે.

બિહારમાં બુધવારે NDAના ધારાસભ્ય દળની બેઠકમાં નીતિશ કુમારને નેતા પસંદ કરાયા છે. સમ્રાટ ચૌધરીએ ધારાસભ્ય દળના નેતા તરીકે નીતિશ કુમારના નામ પર પ્રસ્તાવ રાખ્યો, જેને સર્વસમ્મતિથી મંજૂર કરી લેવાયો. આવતીકાલ સવારે ૧૧:૩૦ વાગ્યે શપથગ્રહણ સમારોહ યોજાશે. હવે મુખ્યમંત્રી તરીકે નીતિશ કુમાર ૧૦મી વખત બિહારની બાગડોર સંભાળશે.

બીજી બાજુ ભાજપની પટણામાં યોજાયેલી ધારાસભ્ય દળની બેઠકમાં બે નાયબ મુખ્યમંત્રી તરીકે પણ ભાજપ નેતા સમ્રાટ ચૌધરી અને વિજય સિંહાના નામને ફરી એકવાર મંજૂરી આપી દેવાઈ છે. હવે નીતિશ કુમાર બિહારના રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાનને મળીને રાજીનામું સોંપ્યું છે અને વિધાનસભાનો ભંગ કરાયો છે. હવે બિહારમાં નવા મંત્રીમંડળની રચના થશે, જે ૨૦ નવેમ્બરે બિહારના ગાંધી મેદાનમાં શપથ લેશે. આ મુદ્દે NDAનો મેરેથોન બેઠકોનો દોર ચાલુ છે અને મંત્રીમંડળની વહેંચણીની ચર્ચા ચાલી રહી છે.

ભાજપ ધારાસભ્ય દળની બેઠકમાં સમ્રાટ ચૌધરીને પક્ષના ધારાસભ્ય દળના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા છે, તો વિજય સિંહાની નાયબ નેતા તરીકે પસંદગી કરાઈ છે. હવે બિહારમાં ફરી બંને ભાજપ નેતા નાયબ મુખ્યમંત્રી તરીકેની ભૂમિકામાં હશે.

આ સાથે જ નીતિશ કુમાર બિહારના સૌથી લાંબો સમય સુધી રહેનારા મુખ્યમંત્રી બની જશે. આ વખતે ૧૦મી વખત તેમનો કાર્યકાળ શરૂ થઈ રહ્યો છે. બિહાર વિધાનસભાની ૨૪૩ બેઠક પરની ચૂંટણીમાં જેડીયુએ ૮૫ બેઠક પર જીત હાંસલ કરી હતી. એનડીએની કુલ ૨૦૨ બેઠક પર જીત થઈ છે, જે બહુમતી માટે પૂરતી છે.

ધારાસભ્ય દળની બેઠકમાં ભાજપના નેતા તરીકે સમ્રાટ ચૌધરી, તો નાયબ નેતા તરીકે વિજય સિંહાની પસંદગી કરાઈ છે. સમ્રાટ ચૌધરી ભાજપ માટે ઓબીસી વર્ગનો મજબૂત ચહેરો છે. તેઓ તારાપુરમાંથી ત્રણ વાર ચૂંટાયેલા ધારાસભ્ય છે. સમ્રાટ ચૌધરીનો પરિવાર બિહારના રાજકારણમાં મજબૂત પ્રભાવ ધરાવે છે. તેમના પિતા શકુનિ ચૌધરી પણ તારાપુરથી સાત વાર ચૂંટાયા હતા અને માતા પાર્વતી દેવી પણ એકવાર વિધાનસભામાં ચૂંટાયા હતાં.

સમ્રાટ ચૌધરીએ વર્ષ ૨૦૦૦માં આરજેડીમાં જોડાઈને રાજકારણમાં સત્તાવાર પ્રવેશ કર્યો હતો. ત્યાર પછી ૨૦૧૪માં તેઓ જેડીયુમાં જોડાઈને મંત્રી બન્યા. ૨૦૧૭માં તેઓ ભાજપમાં જોડાયા અને ૨૦૨૪માં નાયબ મુખ્યમંત્રી તરીકે પસંદ થયા.

વિજય કુમાર સિંહા બિહાર ભાજપના વરિષ્ઠ નેતા છે. તેઓ લખીસરાય મત વિસ્તારમાંથી ચોથી વાર ધારાસભ્ય તરીકે ચૂંટાયા છે. પહેલીવાર તેઓ ૨૦૦૫માં ચૂંટણી જીત્યા હતા. એ જ વર્ષે તેઓ એક ચૂંટણીમાં હાર્યા હતા, પરંતુ ૨૦૧૦ પછી તેઓ સતત આ બેઠક પરથી જીત્યા છે. વર્ષ ૨૦૧૭થી ૨૦૨૦ સુધી તેઓ શ્રમ મંત્રી રહ્યા હત, તો ૨૦૨૦થી ૨૦૨૨ સુધી તેમણે બિહાર વિધાનસભાના સ્પીકર તરીકે ફરજ બજાવી હતી. ૨૦૨૨થી ૨૦૨૪ સુધી તેઓ વિપક્ષના નેતા અને ૨૦૨૪માં નાયબ મુખ્યમંત્રી પણ રહ્યા હતા. બિહાર સરકારમાં તેઓ પોલીસ, પ્રવાસન, વીજળી અને સિંચાઈ જેવા મહત્ત્વના વિભાગોના મંત્રી રહી ચૂક્યા છે.

## ગુરૂશિખરે -૫ ડિગ્રીથી બરફ છવાયો

# માઉન્ટઆબુમાં તાપમાન -૨ ડિગ્રી પહોંચતાં ધ્રૂજી રહ્યા છે લોકો



(સંપૂર્ણ સમાચાર સેવા)
**માઉન્ટઆબુ, તા.૧૯**

રાજસ્થાનના કાશ્મીર ગણાતા હિલ સ્ટેશન માઉન્ટઆબુમાં ઠંડીનો પારો ગગડતા એકજ દિવસમાં બે ડિગ્રી નીચે આવતા તાપમાન માયનસ બે ડિગ્રીએ પહોંચ્યું છે. માઉન્ટઆબુ અને અરવલ્લીની સૌથી ઊંચી ચોટી ગણાતા ગુરૂશિખરમાં માયનસ પાંચ ડિગ્રી તાપમાન નોંધાતા સર્વત્રે બરફની ચાદર છવાયેલી જોવા મળી રહી છે. બરફીલા વાતાવરણને માણવા હજારો પર્યટકો પહોંચ્યા છે. જયારે કાતિલ ઠંડીથી સ્થાનિક જનજીવન પ્રભાવિત થયું છે.

રાજસ્થાનમાં હવે ઠંડીએ તેના આકરા તેવર બતાવવાનું શરૂ કરી દીધું છે. સિરોહી, ચુરુ, શ્રી ગંગાનગર, હનુમાનગઢ સહિત અનેક મેદાની વિસ્તારોમાં સવાર-સાંજ ગાઢ ધુમ્મસ છવાઈ રહ્યું છે. તાપમાનમાં ઝડપી ઘટાડો થતાં લોકોનું જનજીવન પ્રભાવિત થઈ રહ્યું છે.

સવારે મોડે સુધી સૂર્યપ્રકાશ ન આવવાને કારણે ઓફિસે જતા લોકો અને શાળાના બાળકો મુશ્કેલી અનુભવી રહ્યા છે. રસ્તાઓ પર વાહનો હેડલાઈટ ચાલુ રાખીને ચાલી રહ્યા છે. ઠંડીથી બચવા માટે લોકો તાપણાં અને ગરમ વસ્ત્રોનો સહારો લઈ રહ્યા છે.

રાજયનું એકમાત્ર હિલ સ્ટેશન માઉન્ટ આબુ આ દિવસોમાં સૌથી ઠંડું સ્થળ બન્યું છે. છેલ્લા બે દિવસથી અહીં લઘુત્તમ તાપમાન શૂન્યથી નીચે જઈ રહ્યું છે. આજે (બુધવારે) સવારે પણ તાપમાન -૨ ડિગ્રી સેલ્સિયસની આસપાસ નોંધાયું હતું. તીવ્ર ઠંડીને કારણે વૃક્ષો, છોડ, વાહનો અને ઘાસ પર જામેલા ઝાકળના ટીપાં થીજી જતાં બરફ બની ગયા છે. નક્કી તળાવના કિનારે અને કેટલાક ઊંચાઈવાળા વિસ્તારોમાં બરફની પાતળી ચાદર જોવા મળી હતી.

માઉન્ટ આબુ પહોંચતા પર્યટકો આ ઠંડા છતાં મનોરમ દ્રશ્યની મજા માણી રહ્યા છે. જોકે, તેજ ઠંડા પવનો અને માઈનસ તાપમાન તેમને પણ ધ્રુજાવી રહ્યા છે. હોટલ અને રિસોર્ટમાં રૂમ હીટર અને તાપણાંની માગ વધી ગઈ છે. હવામાન વિભાગે આગામી ત્રણ-ચાર દિવસ સુધી માઉન્ટ આબુમાં તાપમાન માઈનસમાં રહેવાની અને મેદાની વિસ્તારોમાં ધુમ્મસ સાથે ઠંડી વધુ વધવાની ચેતવણી આપી છે.

## મતદાર યાદી ચકાસણીની પ્રક્રિયા (SIR)ના ડરથી

# બંગાળમાંથી પલાયનનો પ્રયાસ કરનારા ૫૦૦ લોકોને પકડ્યાનો BSFનો દાવો

**આ ૫૦૦ લોકોએ સ્વીકાર્યું કે તેઓ ગેરકાયદેસર રીતે ભારતમાં ઘૂસ્યા હતા અને તેમની પાસે કોઈ વિઝા, પાસપોર્ટ કે ઓળખપત્ર નથી**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૧૯**

ચૂંટણી પંચ દ્વારા દેશભરમાં શરૂ કરવામાં આવેલી મતદાર યાદી ચકાસણીની પ્રક્રિયા (SIR)નો ડર ગેરકાયદેસર રીતે ભારતમાં રહેતા બાંગ્લાદેશી ઘૂસણખોરોમાં ફેલાઈ ગયો છે. આ ડરને કારણે, પશ્ચિમ બંગાળમાંથી લગભગ 500 બાંગ્લાદેશીઓ ભારત છોડીને ભાગવાનો પ્રયાસ કરતા હોવાની માહિતી સામે આવી છે.

બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) એ આ લોકોને સરહદ પાર કરતી વખતે ઈન્ટરસેપ્ટ કર્યા હતા, જે દરમિયાન આ સમગ્ર મામલાનો ખુલાસો થયો. ચૂંટણી પંચે SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) હેઠળ એક અભિયાન શરૂ કર્યું છે, જેમાં બૂથ લેવલ ઓફિસરો (BLO) ઘરે-ઘરે જઈને મતદારોની માહિતીની ચકાસણી કરી રહ્યા છે. આ પ્રક્રિયામાં એવા સવાલો પૂછવામાં આવી રહ્યા છે કે, “શું તમારું નામ 2003ની મતદાર યાદીમાં હતું? જો નહીં, તો તમારા પરિવારના કયા સભ્યોનું નામ હતું?”

આવા સવાલોના જવાબ ગેરકાયદેસર રીતે રહેતા ઘૂસણખોરો આપી શકતા નથી, કારણ કે તેમની પાસે જૂના રેકોર્ડ હોતા નથી. પકડાઈ જવાના ડરથી હવે તેઓ ભારત છોડીને પાછા બાંગ્લાદેશ ભાગી રહ્યા છે.

સોમવારે, પશ્ચિમ બંગાળના ઉત્તર 24 પરગણા જિલ્લાના સ્વરૂપનગર પાસે આવેલી હાકિમપુર ચેક પોસ્ટ પરથી લગભગ 500 લોકો બાંગ્લાદેશ તરફ જતા જોવા મળ્યા હતા. BSFની 143મી બટાલિયને આ મોટી હિલચાલ જોઈને શંકાના આધારે તેમને અટકાવ્યા અને પૂછપરછ કરી.

BSF અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ 500 લોકોએ સ્વીકાર્યું કે તેઓ ગેરકાયદેસર રીતે ભારતમાં ઘૂસ્યા હતા અને તેમની પાસે કોઈ વિઝા, પાસપોર્ટ કે ઓળખપત્ર નથી. એક રિપોર્ટ મુજબ, આ વર્ષે આટલી મોટી સંખ્યામાં ગેરકાયદે બાંગ્લાદેશીઓનું ભારતમાંથી પલાયન કરવાની આ સૌથી મોટી ઘટના છે.

પકડાયેલા લોકોમાંથી ઘણાએ જણાવ્યું કે તેઓ વર્ષોથી પશ્ચિમ બંગાળના બિરાતી, મધ્યમગ્રામ, રાજરહાટ, ન્યૂ ટાઉન અને સોલ્ટ લેક જેવા વિસ્તારોમાં ઘરેલુ નોકર, મજૂર અને બાંધકામ ક્ષેત્રે કામ કરતા હતા. આ મહિનાની શરૂઆતમાં પણ, BSFએ આવા જ 100 બાંગ્લાદેશીઓને પકડ્યા હતા જેઓ SIRના ડરથી પાછા ફરી રહ્યા હતા.

## શિકારીઓએ નીલ ગાયનો શિકાર કર્યો

# ઈકબાલગઢ ફોરેસ્ટ રેન્જમાંથી ૧૦ શિકારીઓ ઝડપાયા



(સંપૂર્ણ સમાચાર સેવા)
**બનાસકાંઠા,તા.૧૯**

બનાસકાંઠા જિલ્લામાં ઈકબાલગઢ ફોરેસ્ટ રેન્જની ટીમે ૧૦ શિકારીઓને હથિયાર સાથે ઝડપી લીધા છે. શિકારીઓ પાસે લાયસન્સ વગરના હથિયારો હતા અને તેઓ વન્ય જીવોનો શિકાર કરી રહ્યા હતા.આ શિકારીઓએ નીલ ગાયનો શિકાર કર્યો હતો અને ત્યારબાદ સર્ચમાં નિકળેલી ફોરેસ્ટની ટીમે તેઓ વધુ શિકાર કરે તે પહેલાં જ તમામ શિકારીઓને ઝડપી લીધા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર શિકારીઓની ટુકડી ૧૪ જણાની હતી, જેમાંથી ૧૦ શિકારીઓને ઝડપી લેવાયા અને ૪ શિકારીઓ ફરાર થઈ ગયા હતા. ફરાર શિકારીઓને ઝડપી લેવાની તજવીજ વન વિભાગ દ્વારા કરાઈ છેઝડપાયેલા શિકારીઓ પાસેથી કુલ બંદૂકો મળી છે જેમાંથી ૪ બંદૂકો લાયસન્સ વિના બંદૂકો મળી આવી છે. ગેરકાયદેસર શિકાર માટે ગેરકાયદેસર હથિયારો લઈને નિકળેલા શિકારીઓને ઝડપી લેવાતા ઉત્તેજના છવાઈ ગઈ હતી.

ઝડપાયેલા શિકારીઓને પોલીસ દ્વારા કોર્ટમાં રજૂ કરી જેલ હવાલે કરવામાં આવ્યા છે અને ફોરેસ્ટ વિભાગની તપણ પાસ ચાલુ છે.

## સિંગરની માતાએ મેનેજર પર લગાવ્યા આરોપ

# જાણીતા ગાયક હ્યુમન સાગરનું ૩૪ વર્ષની વયે નિધન થયું

**‘હ્યૂમનની તબિયત ખરાબ હોવા છતાં તેને સ્ટેજ પર પરફોર્મ કરવા માટે મજબૂર કરાયો હતો : સિંગરની માતા**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૧૯**

છેલ્લા ઘણા સમયથી જીવન-મરણ સામે ઝઝૂમી રહેલા ઓડિયા સિંગર હ્યૂમન સાગરનું નિધન થઈ ગયું છે. સોમવારે સાંજે 34 વર્ષની વયે તેમણે દુનિયાને અલવિદા કહી દીધું છે. તેમના નિધનથી ઓડિયા ફિલ્મ અને મ્યૂઝિક ઈન્ડસ્ટ્રીમાં શોકની લહેર ફેલાઈ ગઈ. જેનો અવાજ લાખો લોકોના દિલને સ્પર્શતો હતો તે હવે હંમેશા માટે ખામોશ થઈ ગયો છે.

ડોક્ટરોના મતે હ્યૂમન સાગરનું મૃત્યુ મલ્ટી-ઓર્ગન ડિસફંક્શન સિન્ડ્રોમને કારણે થયું છે. તેમની ખરાબ તબિયતના કારણે તેમની છેલ્લા ત્રણ દિવસથી AIIMS ભુવનેશ્વરમાં સારવાર ચાલી રહી હતી. 14 નવેમ્બરના રોજ બપોરે લગભગ 1:10 વાગ્યે હ્યુમન સાગરને ગંભીર હાલતમાં AIIMS ભુવનેશ્વર લાવવામાં આવ્યા હતા. ડોક્ટરોએ તેમને તાત્કાલિક મેડિકલ ICUમાં શિફ્ટ કરીને ચેકઅપ કર્યું. પ્રાપ્ત માહિતી પ્રમાણે તેમના શરીરના ઘણા મહત્વપૂર્ણ અંગોએ કામ કરવાનું બંધ કરી દીધું હતું. ડોક્ટરોએ જણાવ્યું હતું કે તેઓ એક્યુટ-ઓન-ક્રોનિક લિવર ફેલ્યોર, બાયલેટર ન્યુમોનિયા અને ડાયલેટેડ કાર્ડિયોમાયોપથી જેવી ગંભીર બીમારીઓથી પીડાઈ રહ્યા હતા. તેમની હાલત ઝડપથી ખરાબ થતી ગઈ અને સોમવારે સાંજે તેમણે અંતિમ શ્વાસ લીધા. આ દુ:ખદ સમાચારથી સમગ્ર રાજયમાં શોકનું મોજું ફરી વળ્યું છે. બે દિવસ પહેલા જ્યારે તેમની તબિયત ખૂબ જ ખરાબ થઈ અને તેમને ICUમાં દાખલ કરવામાં આવ્યા ત્યારે જ રાજ્યના પૂર્વ મુખ્યમંત્રીએ સોશિયલ મીડિયા પર તેમના ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી હતી. તેમણે લખ્યું કે આખું રાજ્ય તેમના માટે પ્રાર્થના કરી રહ્યું છે અને આશા છે કે તેઓ ઝડપથી સ્વસ્થ થઈને પોતાના પરિવાર અને સંગીતની દુનિયામાં પાછા ફરશે. પરંતુ ભાગ્યને કંઈક બીજું જ મંજૂર હતું. સિંગરના નિધન બાદ તેમની માતા શેફાલીએ હ્યૂમનના મેનેજર અને ઈવેન્ટના આયોજકો પર ગંભીર આરોપ લગાવતા કહ્યું કે, ‘હ્યૂમનની તબિયત ખરાબ હોવા છતાં તેને સ્ટેજ પર પરફોર્મ કરવા માટે મજબૂર કરાયો હતો. હ્યુમનની તબિયત સારી નહોતી પરંતુ તેમ છતાં તેને પરફોર્મ કરવા માટે કહેવામાં આવ્યું.’

હ્યુમન સાગરની લોકપ્રિયતા માત્ર તેમના ગીતો સુધી જ મર્યાદિત નહોતી - તેઓ લોકોની લાગણીઓનો અવાજ હતા. તેમણે ફિલ્મ ‘ઈશ્ક તૂ હી તૂ’ ના ટાઈટલ ટ્રેકથી શરૂઆત કરી હતી, જેને દર્શકોએ ખૂબ પસંદ કર્યું. ત્યારબાદ તેમણે ઓડિયા ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં તો સેંકડો ગીતો ગાયા, પરંતુ આ સાથે જ મેરા યે જહાં જેવા આલ્બમથી હિન્દીમાં પણ પોતાની છાપ છોડી. તેમના નિશ્વાસા, બેખુદી, તુમા ઓથા તાલે અને ચેહરા જેવા ઘણા આલ્બમ સુપરહિટ થયા. ઓડિશાના લગભગ દરેક ઘરમાં તેમનો અવાજ ગુંજતો હતો અને હવે તેમના નિધનથી ચાહકો સ્તબ્ધ છે.

# અમરેલીના બોરાળા પ્રાથમિક શાળાને વાલીઓ દ્વારા તાળાબંધી કરવામાં આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમરેલી,તા.૧૯**

અમરેલી જિલ્લાના ખાંભા ગીર તાલુકામાં આવેલી બોરાળા પ્રાથમિક શાળાને વાલીઓ દ્વારા તાળાબંધી કરવામાં આવી છે. ગામ લોકો દ્વારા આચાર્યની બદલી કરવાની માગ અને સ્ટાફ ઘટ હોવાના કારણે શાળામાં તાળાબંધી કરી છે. વાલીઓએ બોરાળા ગામની પ્રાથમિક શાળાને તાળાબંધી કરી છે. ગ્રામજનો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે, બાળકોનું ભણતર બગડી રહ્યું છે. ૧ થી ૪ ધોરણના બાળકોને વહેલી સવારે શાળાની બહાર બેસાડ્યા હતા. છેલ્લા એક વર્ષથી આચાર્યને બદલવાની માંગ ગ્રામજનો દ્વારા કરવામાં આવી છે. આ સાથે વાલીઓએ લેખિત બાંહેધરી ન મળે ત્યાં સુધી તાળાબંધીની ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

**(પહેલાં પાનાનું ચાલુ)**
**સેલવાસની આઈ.ટી.આઈ.માં...**

કાર્યક્રમમાં આઈ.ટી.આઈ. કેમ્પસમાં ઉપલબ્ધ સ્માર્ટ ક્લાસ ગેજેટ્સની મદદથી આઈ.એમ.વી. એક્ટની મૂળભૂત બાબતો, કેવાયડી (તમારા દસ્તાવેજો જાણો), માર્ગ સલામતી ચિહ્નો, માર્ગ(રોડ) સલામતી શું કરવું અને શું ન કરવું અને સલામત ડ્રાઈવિંગ તકનીકો જેવા વિષયો આવરી લેવામાં આવ્યા હતા. આ સત્રમાં હેલ્મેટનો ઉપયોગ, સીટ બેલ્ટ અને એર બેગનું મહત્ત્વ, અને કટોકટીમાં સલામતીત્રિકોણ અને વાહનના કાચ તોડનારાઓના ઉપયોગ પર વ્યવહારુ પ્રદર્શનો પણ સામેલ હતા. આ સત્રમાં તાજેતરના માર્ગ અકસ્માતો, જેમાં બસમાં આગ લાગવાની ઘટનાઓ અને ખોટી દિશા-નિર્દેશો તરફ દોરી જતી જી.પી.એસ. સિસ્ટમની નિષ્ફળતાઓનો સમાવેશ થાય છે, વિદ્યાર્થીઓ સંદેશ/શિક્ષણને સરળતાથી સમજી શકે તે માટે મોટાભાગની સ્લાઈડ્સ ચિત્ર પ્રસ્તુતિના રૂપમાં હતી. આજના સત્રમાં આઈ.ટી.આઈ. સેલવાસના ૧૦૫ વિદ્યાર્થીઓ અને ૧૫ સ્ટાફ સભ્યોએ હાજરી આપી હતી. જ્ઞાન પ્રદાન કરતો કાર્યક્રમ પ્રશ્નજવાબ સત્ર સાથે સમાપ્ત થયો, જેમાં બધા વિદ્યાર્થીઓએ સક્રિયપણે ભાગ લીધો. સહભાગીઓએ આ અદ્ભૂત કાર્યક્રમનું આયોજન કરવાની તક પૂરી પાડવા બદલ આઈ.ટી.આઈ. મેનેજમેન્ટ અને દાનહ વહીવટીતંત્રનો આભાર માન્યો હતો.

**(પહેલાં પાનાનું ચાલુ)** **શ્રી દમણ જિલ્લા સહકારી...**

જેમાં ગયા વર્ષની વાર્ષિક સભાના મિનિટ્સ પહેલા વાંચી સંભળાવવામાં આવ્યા હતા. ત્યારબાદ, ચેરમેન શ્રી હિરેન જોશીએ સભ્યો સમક્ષ પાછલા વર્ષના હિસાબો રજૂ કર્યા હતા. ગયા વર્ષે, સંસ્થાનું વાર્ષિક ટર્નઓવર આશરે ₹૪૯ કરોડ હતું. આ સંસ્થા સમગ્ર દમણમાં અમૂલ દૂધ અને અન્ય અમૂલ ઉત્પાદનોનું મુખ્ય વિતરક છે.

આ બેઠકમાં સંસ્થાના વિકાસને લગતા ઘણાં મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી અને આ વર્ષે તમામ શેરધારકોને ૧૦ ટકા ડિવિડન્ડનું વિતરણ કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ વાર્ષિક સભામાં ચેરમેન શ્રી હિરેન જોષી, વાઈસ ચેરમેન શ્રી ઈશ્વરભાઈ ટંડેલ, સેક્રેટરી શ્રી વિષ્ણુ બાબુ તથા ડાયરેક્ટર શ્રી ખુશમનભાઈ ઢીમર, શ્રી દેવેન્દ્રભાઈ ઘોડે, શ્રી ધનસુખભાઈ ચાયવાલા, શ્રી સૂર્યકાંતભાઈ ભંડારી, શ્રી હર્ષદભાઈ શાહ, શ્રી મનીષભાઈ ભટ્ટ, શ્રી ઉમેશભાઈ પાઠક, શ્રી કમલેશભાઈ મોઢા સહિત મોટી સંખ્યામાં સભ્યો હાજર રહ્યા હતા. અંતમાં એજીએમના ચેરપર્સન શ્રી કાંતિભાઈ પામસીએ આભાર માનીને સભાનું સમાપન જાહેર કર્યું હતું.

# વલસાડમાં વર્લ્ડ ટોઈલેટ ડે ની ઉજવણીઃ જિલ્લામાં તા.૧૦ ડિસેમ્બર માનવ અધિકાર દિવસ સુધી અભિયાન હાથ ધરાશે

## ગામે ગામના સરપંચો અને તલાટીઓને પોતાના ગામમાં વ્યક્તિગત અને સામૂહિક શૌચાલય પર રંગ રોગાન કરી સુશોભિત કરવા માર્ગદર્શન અપાયું





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૧૯**

દર વર્ષે તા.૧૯ નવેમ્બરના રોજ ''વિશ્વ શૌચાલય દિવસ''ની ઉજવણી કરવામાં આવે છે. ચાલુ વર્ષે વિશ્વ શૌચાલય દિવસની ઉજવણી ''અમારૂ શૌચાલય, અમારૂ ભવિષ્ય''ના સ્લોગન સાથે તા.૧૯ નવેમ્બર ૨૦૨૫ થી તા.૧૦ ડિસેમ્બર ૨૦૨૫ 'માનવ અધિકાર દિવસ' સુધી કરવાનું આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યું છે.

આ ઝુંબેશમાં ''અમારૂ શૌચાલય, અમારુ ભવિષ્ય'' અભિયાન દ્વારા જિલ્લા અને તાલુકાઓના તમામ ગ્રામ્ય વિસ્તારોમાં શૌચાલયોની કાર્યક્ષમતા વધારવી, સાફસફાઇ અને જન ભાગીદારી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જેથી સંપૂર્ણ સ્વચ્છતા હાંસલ કરી શકાય.

### ''અમારૂં શૌચાલય, અમારૂં ભવિષ્ય'' થીમ દ્વારા તમામ તાલુકાઓમાં ''વિશ્વ શૌચાલય દિવસ''નો લોન્ચિંગ કાર્યક્રમ પણ યોજાયો

આજરોજ તા.૧૯ નવેમ્બરના રોજ ''વિશ્વ શૌચાલય દિવસ'' નિમિત્તે ''અમારૂ શૌચાલય, અમારૂ ભવિષ્ય'' થીમ દ્વારા વલસાડ તાલુકા પંચાયત કચેરી ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી કચેરીના સ્વચ્છ ભારત મિશનના હ્યુમન રિસોર્સના કન્સલ્ટન્ટ ચેતનભાઈ અને લિક્વીટ વેસ્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ દિવ્યેશભાઈ જણાવ્યું કે, સૌ પ્રથમ વર્ષ ૨૦૦૧માં સિંગાપોરથી ટોઈલેટ ડેની ઉજવણીનો પ્રારંભ કર્યો હતો. ત્યારબાદ સ્વચ્છતાને પ્રાધાન્ય આપી વર્ષ ૨૦૧૩થી ભારતમાં પણ વર્લ્ડ ટોઈલેટ ડે ની ઉજવણી થઈ રહી છે. શૌચાલયનો ઉપયોગ એ માત્ર આદત નથી પણ માનવ ગૌરવ અને સુરક્ષાની નિશાની છે. વધુમાં આ દિવસની ઉજવણી કેમ કરવામાં આવી રહી છે તે અંગે પણ સમજણ આપવામાં આવી હતી.

આ પ્રસંગે વલસાડના મદદનીશ તાલુકા વિકાસ અધિકારી અંકિતભાઈ તેમજ વલસાડ તાલુકાના દરેક ગામોના સરપંચશ્રી અને તલાટીશ્રીઓ હાજર રહ્યા હતા. ''અમારૂ શૌચાલય, અમારૂ ભવિષ્ય'' થીમ દ્વારા તમામ તાલુકાઓમાં ''વિશ્વ શૌચાલય દિવસ''નો લોન્ચિંગ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં વિવિધ ગામના સરપંચો અને તલાટીઓને તા. ૧૯ નવેમ્બર વિશ્વ શૌચાલય દિવસથી તા.૧૦ ડિસેમ્બર માનવ અધિકાર દિવસ સુધી યોજાનાર આ અભિયાન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ ગામે ગામ વ્યક્તિગત અને સામૂહિક શૌચાલય પર રંગ રોગાન દ્વારા સુશોભિત પેન્ટિંગ કરવામાં આવ્યું હતું.

# ચીખલી કોલેજ સર્કલથી વસુધારા ડેરી રોડ પર ભ્રષ્ટચારની બૂઃ રોડ બનાવતાની સાથે ઠેર-ઠેર ગોબા પડ્યા



-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ચીખલી (વંકાલ), તા.૧૯**

ચીખલીમાં કોલેજ સર્કલથી આલીપોર વસુધારા ડેરી નેશનલ હાઈવેને જોડતા માર્ગના કામમાં નકરી વેઠ ઉતારી મોટાપાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોય તેમ અવાર નવાર થીંગલા મારવા છતાં ડામરની સપાટી તૂટી જવા સાથે બેસી જતા વારંવાર ખાડાઓ પડી રહ્યા છે અને આ માર્ગ પરથી ધૂળની ડમરીઓ ઊડતી હોય છે.

હાલે આ માર્ગ ઉપર દિવાળી બાદ બીજી વખત પેચવર્ક મારવામાં આવી રહ્યો છે. ત્યારે પેચવર્કના કામમાં પણ નકરી વેઠ ઉતારાતા હવે ભ્રષ્ટાચાર પર ઢાંકપીછોડો કરવા માટે દિવાળી બાદના ટૂંકા ગાળામાં જ બીજી વખત પેચવર્ક કરવાની નોબત આવી હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે ચીખલી કોલેજ સર્કલ થી આલીપોર વસુધારા ડેરી થી ગણદેવીને જોડતો આ માર્ગ નવીનીકરણ બાદના ગેરેન્ટી પિરિયડમાં આવે છેકે કેમ અને જો તેમ હોય તો સબંધિત એજન્સી સામે પણ માર્ગ મકાન દ્વારા દંડનીય કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે. જોકે ગેરેન્ટી પિરિયડ પૂર્ણ થઈ ગયો હોય તેવામાં વારંવાર પેચવર્ક પાછળ લાખો રૂપિયાનું એંધાણ કરવામાં આવી રહ્યું છે. ત્યારે આ માટે જવાબદાર માર્ગ મકાનના અધિકારીઓની પણ જવાબદારી નક્કી કરી આ પ્રકારની બેદરકારી દાખવતા અધિકારીઓ સામે પગલાં લેવાઇ તે જરૂરી છે.

# ધરમપુર નાની વહીયાળ હાઈસ્કૂલની ૭૨ વિદ્યાર્થીનીઓને સાયકલ વિતરણ કરાઈ





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૧૯**

વોક ટુ ગેધર્સ શ્રી ઉમેદભાઈ દોષી સાર્વજનિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા નાની વહીયાળ તા.ધરમપુરમાં ધોરણ-૯ માં દાખલ થયેલ વર્ષ ૨૦૨૪/૨૫ માં ૩૮ કન્યાઓ અને ૨૦૨૫/૨૬ માં ૩૪ કન્યા મળી કુલ-૭૨ અપડાઉન કરતી કન્યાઓને વિદ્યા સાધના યોજના અંતર્ગત મદદનીશ કમિ'ર કચેરી વલસાડ દ્વારા જિ.પંચાયત સભ્ય આચાર્ય શૈલેશકુમાર પટેલ, નાની વહીયાળ ગામના સરપંચ વિનોદભાઈ પઢેર, વાલી મંડળના ઉપપ્રમુખ કમલેશભાઈ પટેલ, ધરમપુર તાલુકા એપીએમસી ચેરમેન જયેશભાઈ પટેલના હસ્તે મફતમાં સાયકલ વિતરણ કરવામાં આવી હતી. વિદ્યાર્થીનીઓને શાળાએ આવવા અને શાળાએથી ઘરે જવા સાયકલ મળવાથી સમય બચશે. તમામ વિદ્યાર્થીનીઓ અને વાલીઓએ સાયકલ મળવાથી આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

# અંકલેશ્વરની એસેન્ટ શાળા ખાતે ક્લસ્ટર કક્ષાનો કલા ઉત્સવ ઉજવાયો




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ઓલપાડ, તા.૧૯**

વિદ્યાર્થીઓની કલાશક્તિની પીછાણ કરવા તથા તેઓની સુષુપ્ત શક્તિઓને બહાર લાવવાનાં હેતૂસર જીસીઈઆરટી, ગાંધીનગર તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભરૂચ દ્વારા આયોજિત નોબારીયા ક્લસ્ટર કક્ષાનાં કલા ઉત્સવની ઉજવણી એસેન્ટ શાળા ખાતે કરવામાં આવી હતી. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અંકલેશ્વરનાં અધ્યક્ષ ગણેશ અગ્રવાલ, અતિથિ વિશેષ એવાં રાજ્ય અને રાષ્ટ્રીય શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિજેતા ગજેન્દ્ર પટેલ, બી.આર.સી. કો-ઓર્ડિનેટર વિજય પટેલ, સી.આર.સી. કો-ઓર્ડિનેટર વિશાલ જોશી, ટ્રસ્ટનાં પ્રમુખ વિનેશ કાગજવાલા, પૂર્વ પ્રિન્સિપાલ બીના કાગજવાલા, આચાર્ય વિશાલ શાહ તથા શિક્ષકો અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ વચ્ચે દીપ પ્રાગટ્યથી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે અતિથિ વિશેષ ગજેન્દ્ર પટેલે કલા ઉત્સવને બિરદાવી ભવિષ્યમાં વિદ્યાર્થીઓમાંથી નામાંકિત કલાકારો પ્રાપ્ત થશે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરી ભાગ લેનાર સૌને અભિનંદન પાઠવ્યા હતાં. કાર્યક્રમનાં પ્રારંભે સ્વાગત પ્રવચન વિશાલ શાહે કર્યું હતું. કલા ઉત્સવમાં ચિત્ર સ્પર્ધા, વાદ્ય, ગાયન અને વાર્તા કઠન જેવી કૃતિઓની રજૂઆત કરવામાં આવી હતી. કલાઉત્સવમાં ૧૪ શાળાનાં ૩૪ થી વધુ વિદ્યાર્થીઓએ સહર્ષ ભાગ લીધો હતો.

# અંગ્રેજોએ પ્રતિબંધિત કરેલું ''ધરાસણાનો કાળો કેર'' પુસ્તક વલસાડના ગાંધીપ્રેમીઓએ છપાવી નિઃશુલ્ક વિતરણ કર્યું


### નવી પેઢી આ સત્યાગ્રહ અને દેશને મળેલી મહામુલી આઝાદીનું મહત્વ સમજે તે માટે વલસાડ ગાંધી વિચાર મંચ દ્વારા પ્રયાસ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૧૯**

રાષ્ટ્રપિતા પૂ.મહાત્મા ગાંધીજીના પ્રથમ અને ઐતિહાસિક અહિંસક ધરાસણા મીઠા સત્યાગ્રહમાં સત્યાગ્રહીઓએ સહન કરવી પડેલી યાતનાઓ અને અમાનુષી મારનું વર્ણન કરતું અને તે સમયે પ્રસિધ્ધ થયેલુ ''ધરાસણાનો કાળો કેર'' પુસ્તક તે સમયની અંગ્રેજ સરકારે જપ્ત કરી તેના પર પ્રતિબંધ મુક્યો હતો. આ અપ્રાપ્ય પુસ્તક વર્ષ ૨૦૦૩માં ગાંધીપ્રેમીઓએ શોધી કાઢી તે પુસ્તક છપાવ્યું હતું. આ પુસ્તક ગાંધી પ્રેમીઓમાં વહેંચાયુ હતુ બાદમાં આ પુસ્તકની લોકપ્રિયતા વધતા ગાંધી પ્રેમીઓમાં પુસ્તકની માંગ વધી હતી પરંતુ તેની નકલો પુરી થતાં ગાંધીપ્રેમી અને વલસાડ અતુલના શ્રીમતી વિમળાબેન લાલભાઈએ પોતાના હસ્તકના 'શ્રી કસ્તુરભાઈ લાલભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ' તરફથી 'વલસાડ ગાંધી વિચાર મંચ' મારફત આ પુસ્તક છપાવી સુરત, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લાની હાઈસ્કૂલો, આશ્રમશાળાઓ તથા પુસ્તકાલયોમાં પહોંચતું કરવામાં આવ્યું હતું. જેના દ્વારા વિદ્યાર્થીઓમાં અને સમાજમાં આઝાદી લડત સમયે દેશપ્રેમીઓએ અંગ્રેજોનો કેવો અત્યાચાર સહન કર્યો હતો તેની સમજણ કેળવાઈ, દેશભક્તિની ભાવના બળવત્તર બને તે હેતુથી પુસ્તકનો પ્રચાર પ્રસાર થઈ રહ્યો છે. જેના ભાગરૂપે વલસાડ ગાંધી વિચાર મંચના મંત્રી ડૉ.રાધિકાબેનના હસ્તે વ્યારાના માજી સાંસદ શ્રી અમરસિંહ ઝેડ ચૌધરી અને ગણદેવી નજીક આવેલા અજરાઈ આશ્રમના શ્રી ભગુભાઈ દરજીને ૩૦૦-૩૦૦ પુસ્તક અર્પણ કરવામાં આવ્યા હતા. મંચના સ્થાપક શ્રી નટુભાઈ દેસાઈ પણ આ પ્રસંગે હાજર રહ્યા હતા તેઓએ જણાવ્યું કે, અમરસિંહભાઈ દ્વારા તાપી અને સુરત જિલ્લામાં તેમજ ભગુભાઈ દરજી દ્વારા નવસારી અને વલસાડ જિલ્લાની છાત્રાલયો અને લાઈબ્રેરીઓમાં આ પુસ્તક પહોંચતુ કરવામાં આવશે. જેથી લોકો આ પુસ્તકને વાંચી શકે અને દેશને મળેલી મહામુલી આઝાદી અને ધરાસણા સત્યાગ્રહનું મુલ્ય સમજી શકશે તેવી આશા છે.

# વલસાડના તિથલ ખાતે તા.૨૧ ડિસેમ્બરના રોજ ''સ્વસ્થ વલસાડ, ફિટ વલસાડ'' મેરેથોન યોજાશે




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૧૯**


વલસાડમાં આરોગ્ય અને ફિટનેસની નવી ઓળખ ઊભી કરનાર VRG – Valsad racers group અને રોટરી ક્લબ ઓફ વલસાડ ૧૧મી ''રોટરી વલસાડ સિટી મેરેથોન''નું આયોજન કરી રહ્યું છે. છેલ્લા દાયકામાં VRG એ સમગ્ર જિલ્લામાં એક અનોખું "Health Revolution" સર્જ્યું છે. દરેક ઉંમર અને દરેક સમાજના લોકોનો એકમાત્ર ધ્યેય છે ''સ્વસ્થ વલસાડ, ફિટ વલસાડ''. આ વર્ષે મેરેથોન તા. ૨૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ યોજાશે, જેમાં ૫ કિ.મી. ફન રન, ૧૦ કિ.મી., ૨૧ કિ.મી. હાફ મેરેથોન અને ૩૦ કિ.મી. એન્ડ્યુરન્સ રન કેટેગરીઓનો સમાવેશ કરાયો છે.


વલસાડ રેસર્સ ગ્રુપના સ્થાપક શ્રી ડો. કલ્પેશભાઈ જોશીએ જણાવ્યું કે, આ મેરેથોનની શરૂઆત શાંતિ રિસોર્ટ, તિથલથી થશે. આ મેરેથોન માત્ર એક રેસ

### આ મેરેથોન માત્ર એક રેસ નથી, આપણા આરોગ્યનું વચન છે, આપણા શહેરની એનર્જી અને સ્વસ્થ જીવનશૈલીનું પ્રતિક છેઃ ડો. કલ્પેશ જોશી

નથી, આ તમારા આરોગ્યનું વચન છે, આપણા શહેરની એનર્જી છે અને એક સ્વસ્થ જીવનશૈલીનું પ્રતિક છે. પાછલા ૧૦ વર્ષમાં હજારો લોકો નિયમિત દોડથી જીવનમાં મોટા પોઝિટિવ ફેરફારો લાવી ચૂક્યા છે, સ્વસ્થતા માટે, ઉત્સાહ માટે અને એકતા માટે દોડવું જરૂરી છે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ લોકોના સ્વાસ્થ્ય મુદ્દે ચિંતિત છે એટલે રાજ્ય સરકાર દ્વારા ''સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત'' અભિયાન ચાલી રહ્યુ છે. આપણે સૌ સાથે મળી વલસાડ મેરેથોનને વલસાડની ઓળખ બનાવીએ. તો આવો તા. ૨૧/૧૨/૨૫ના રોજ સૌ એકસાથે દોડીએ અને હેલ્થ રેવોલ્યુશનને વધુ મજબૂત બનાવીએ. આ વર્ષે તમે પણ તમારા માટે, તમારા પરિવાર માટે અને આપણાં પોતાના વલસાડ માટે જોડાઓ. રજીસ્ટ્રેશન લિંક https://konfhub.com/valsad-city-marathon-25 છે.

# હિંમતનગરના મહાવીર નગરમાં અજંટા સોસાયટીના રહેણાંક મકાનમાં ગટરના પાણી ઉભરાયા





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) હિંમતનગર, તા.૧૯**

હિંમતનગર શહેરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ અજંટા સોસાયટીના રહેણાંક મકાનોમાં ગટરના પાણી ઉભરાવાની સમસ્યા માથાના દુખાવા સમાન બની છે. વિકાસની વાતો કરતી હિંમતનગર નગરપાલિકા એક તરફ સ્વચ્છતાની વાતો કરે છે તો બીજી તરફ વાસ્તવિક પરિસ્થિતિ કંઈક અલગ છે. અજંટા સોસાયટીમાં રહેતા જગદીશભાઈ પ્રજાપતિના ઘરના બાથરૂમમાં ઉભરાતી ગટરોના પાણી આવતા વારંવાર હિંમતનગર નગરપાલિકામાં રજૂઆત કરવા છતાં પાલિકા દ્વારા આ સમસ્યાનો કોઈ ઉકેલ હાથ ધરવામાં આવતું નથી. દુર્ગંધ મારતું પ્રદૂષિત ગટરનું પાણી રોગચાળો પણ ફેલાવી શકે છે સ્થાનિકે તાત્કાલિક ધોરણે મકાનમાં આવતા ગટરના પાણી બંધ કરવા ઉગ્ર માંગ કરી છે.

# દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર બેકાબૂ કારે ૫ શ્રમિકોને કચડ્યાં, બેના મોત

### દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર સરસવણી ગામ પાસે પાંચ મજૂરો રોડ મેન્ટેનન્સનું કામ કરી રહ્યા હતા





(સંપૂર્ણ સમાચાર સેવા) **વડોદરા, તા.૧૯**

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર વડોદરાના પાદરા નજીક બુધવારે સવારે એક અત્યંત ગમખ્વાર અને દર્દનાક માર્ગ અકસ્માત સર્જાયો છે. પાદરાના સરસવણી ગામ પાસે હાઈવે પર સમારકામની કામગીરી કરી રહેલા પાંચ મજૂરોને એક પૂરઝડપે આવી રહેલી કારે અડફેટે લીધા હતા. આ ભીષણ ટક્કરમાં બે મજૂરોના ઘટનાસ્થળે જ કરૂણ મોત થયા હતા, જ્યારે અન્ય ત્રણ મજૂરોનો આબાદ બચાવ થયો છે.

મળતી માહિતી મુજબ, દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર સરસવણી ગામ પાસે પાંચ મજૂરો રોડ મેન્ટેનન્સનું કામ કરી રહ્યા હતા. બુધવારે સવારે લગભગ ૯ વાગ્યે, વડોદરાથી ભરૂચ તરફ જઈ રહેલી એક કારના ચાલકે અચાનક સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો અને કાર સીધી કામ કરી રહેલા મજૂરો પર ફરી વળી.

અકસ્માત એટલો ગંભીર હતો કે બે મજૂરો, દિલીપ દહિયા અને મનોજ કુમાર, ગંભીર રીતે ઘાયલ થયા હતા અને તેમના મોત થયા હતા. ઘટના સમયે હાજર અને બચી ગયેલા સાથી મજૂર સાગર પ્રજાપતિએ જણાવ્યું હતું કે, "અમે સવારે ૮:૩૦ વાગ્યે સાઈટ પર પહોંચ્યા હતા અને તમામ સેફટી સાધનો પહેરીને કામ કરી રહ્યા હતા. અમે કુલ ૫ લોકો હતા. સવારે ૯ વાગ્યાની આસપાસ, ફુલ સ્પીડમાં એક ગાડી આવી અને અમારા સાથીઓને ટક્કર મારી દીધી. અમારા બે લોકોને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા."

ઘટનાની જાણ થતાં જ પાદરા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડીને અકસ્માત સર્જનાર કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. પોલીસે કારચાલકની ઓળખ કરવા અને તેને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

વર્તમાન પ્રવાહ
તંત્રી લેખ

# અવામી લીગના કાર્યકરોનો રોષ ફાટી નીકળે તો બાંગ્લાદેશમાં ભારે અરાજકતા ફેલાઈ શકે છે



**અ**રાજકતા અને કટ્ટરતાના ભરડામાં અટવાયેલા બાંગલાદેશમાં અપેક્ષા મુજબ માજી વડાપ્રધાન શેખ હસીનાને ફાંસીની સજા કરાઈ છે. બાંગલાદેશમાં ભારે ઉગ્ર અને લોહિયાળ આંદોલન બાદ સત્તા છોડીને નવી દિલ્હી જતા રહેલા શેખ હસીનાને તેમની ગેરહાજરીમાં આંતરરાષ્ટ્રીય ગુના માટેની ખાસ અદાલતે માનવતા વિરુદ્ધના અપરાધ બદલ ફાંસીની સજા ફરમાવી છે. હાલે નવી દિલ્હીના એક સરકારી સેફ હાઉસમાં આશ્રય લઈ રહેલા આ નેતાને સજા થતા હવે બાંગલાદેશ સરકારે તેમને પરત મોકલવાની નવેસરથી ભારત સરકાર સમક્ષ માંગણી પણ કરી નાખી છે. ગયાં વર્ષે બાંગલાદેશમાં યુવાનોના ઉગ્ર આંદોલનને પગલે ત્યાં સરકારને સત્તા છોડવાની ફરજ પડી હતી. ત્યારથી નવી દિલ્હીમાં આશ્રય લઈ રહેલા માજી વડાપ્રધાન શેખ હસીનાને પ્રત્યાર્પણ સંધી હેઠળ પોતાના દેશ પરત મોકલવાની બાંગલાદેશના વિદેશ મંત્રાલયે ભારત સરકાર સમક્ષ માંગ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ છેલ્લા સત્તાપલટા સુધી બાંગલાદેશના ભારત સાથે સારા સંબંધ રહ્યા છે, પણ હવે ત્યાંની વચગાળાની સરકારનું વલણ શત્રુતાભર્યું રહ્યું છે. અત્યાર સુધી પાકિસ્તાનથી અળગા રહેતા બાંગલાદેશે હવે તેની સાથે ગાઢ સંબંધ કેળવવા શરૂ કર્યા છે. એક રીતે ભારત વિરોધી ધરી ત્યાં સક્રિય બની છે. હવે શેખ હસીનાના મામલે વાત વધુ વણસે એવી પૂરી શક્યતા છે. શેખ હસીનાને સજા થતા તેમને ૨૦૧૩ની પ્રત્યાર્પણ સંધી મુજબ પોતાના દેશ પરત મોકલવા જોઈએ એવી બાંગલાદેશની માંગ છે. ત્યાંના વિદેશ મંત્રાલયે એમ પણ કહ્યું છે કે, શેખ હસીનાને શરણ આપવું એ મિત્રતાની વિરુદ્ધ રહેશે અને ન્યાય તરફ અવમાનના બની રહેશે. જો કે, બાંગલાદેશ જે પ્રત્યાર્પણ કરારને ટાંકી રહ્યું છે, તેની કલમ આઠ મુજબ જો આરોપીના જીવને જોખમ હોય, તેની સામે નિષ્પક્ષ કાર્યવાહી થઈ ન હોય અથવા અદાલતી કાર્યવાહીનો ઉદ્દેશ ન્યાય નહીં પણ રાજકીય હોય તેવા સંજોગોમાં ભારત પ્રત્યાર્પણની વિનંતીને નકારી શકે છે. શેખ હસીનાના કેસમાં તેમને પોતાનો બચાવ કરવાની તક પણ અપાઈ ન હતી. એટલે આ અદાલતી કાર્યવાહી ફારસ બની રહી હતી, જેનો ચુકાદો પણ સૌને ખ્યાલ જ હતો. આ કહેવાતા ખટલા સામે આંતરરાષ્ટ્રીય સંગઠનો વાંધો ઉઠાવી ચુક્યા છે. આમે શેખ હસીના તેમની સામેની સજા સામે ઉપલી અદાલતોમાં અપીલ કરી શકે છે, પણ જે રીતે ત્યાં ન્યાયતંત્ર પર સરકારનું દબાણ છે તે જોતાં તેમની અપીલ ધ્યાને લેવાય એવી શક્યતા બહુ ઓછી છે, પણ તેઓ આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર પરિષદ ઉપરાંત અન્ય વૈશ્વિક સંગઠનોની પાસે ન્યાય માટે વિનંતી કરે એવી શક્યતા છે. દરમ્યાન મોહમ્મદ યુનુસના વડપણ હેઠળની બાંગલાદેશની વચગાળાની સરકાર દેશમાં સ્થિરતા સ્થાપવામાં સફળ થઈ નથી. આંદોલન ચલાવી ચૂકેલા વિદ્યાર્થીઓના મજબૂત સરકારનું સ્વપ્ન સકાર થતું જણાતું નથી. આવામાં શેખ હસીનાને જે રીતે સજા કરાઈ છે તેનાથી દેશમાં સ્થિતિ વણસી શકે તેમ છે. તેમના અવામી લીગના કાર્યકરોનો રોષ ફાટી નીકળે તો દેશમાં ભારે અરાજકતા ફેલાઈ શકે છે. આવનારો સમય બાંગલાદેશ માટે ભારે પડકારરૂપ બની રહેશે અને તેમાંથી માર્ગ શોધવાનું મોહમ્મદ યુનુસ અને તેમના સાથીદારો માટે લગભગ અશક્ય બની રહેશે એમ જણાય છે.

# સંસાર સાથે સંબંધ વિચ્છેદ કરવાના સુગમ ઉપાય

**શ્રી**મદ્ ભગવદ્ગીતાના પંદરમા અધ્યાયના શરૂઆતના બે શ્લોકોમાં જે સંસાર વૃક્ષનું વર્ણન કરવામાં આવ્યું છે તેનું પ્રયોજન શું છે..? તે બતાવતાં ભગવાન શ્રીમદ્ ભગવદ્ ગીતા(૧૫/૩)માં કહે છે કે,

ન રૂપમસ્યેહ તથોપલભ્યતે
નાન્તો ન ચાદિર્ન ચ સંમ્પ્રતિષ્ઠા
અશ્વત્થમેનં સુવિરૂઢમૂલમ્
અસંગશસ્ત્રેણ દ્રઢેન છિત્વા..

આ સંસારવૃક્ષનું સ્વરૂપ જેવું કહ્યું છે તેવું અહીં વિચારકાળમાં મળી આવતું નથી, કેમ કે આનો નથી આદિ કે નથી અંત..! તેમજ નથી આની નિશ્ચિત પ્રકારની સ્થિતિ. માટે આ અહંતા મમતા અને વાસના રૂપી અત્યંત દ્રઢ થયેલાં મૂળ ધરાવતા સંસારરૂપી અશ્વત્થ વૃક્ષને દ્રઢ વૈરાગ્યરૂપી શસ્ત્ર વડે કાપીને. (ગીતા:૧૫/૩)

ગીતાનો પંદરમો અધ્યાય ગીતાજીનું મસ્તિષ્ક છે. આ અધ્યાયમાં દાર્શનિક બાબતે મહત્ત્વની સ્પષ્ટતા કરી છે. જો આ એક જ અધ્યાયને જિજ્ઞાસુ સારી રીતે સમજે તો ઘણી ગૂંચો દૂર થઈ શકે તેમ છે. આ વૃક્ષનું સાચું રૂપ અહીં ઉપલબ્ધ થતું નથી, કારણ કે તેનો આદિ અને અંત દેખાતો નથી. તેનો પાયો પણ દેખાતો નથી એવું આ અશ્વત્થ નામનું વૃક્ષ જેનાં મૂળ બહુ જ દ્રઢ મજબૂત છે. જો તેને કાપી નાખવું હોય તો અસંગ અનાસક્તિ નામના એક જ શસ્ત્રથી કાપી શકાય છે.

જેનો આદિ અને અંત ન હોય તે અનાદિ હોય. જે અનાદિ હોય તેનો પાયો ન હોય. પાયો હોય ત્યાંથી શરૂઆત થઈ કહેવાય. આ વૃક્ષની શરૂઆત નથી. તે વિસ્તરી રહ્યું છે અને વિસ્તરતું ચાલ્યું આવે છે. જેને એવું લાગે કે આ વૃક્ષ ઉપર હવે રહેવું નથી. હવે આમાંથી છૂટવું છે કારણ કે આ વૃક્ષ ઉપર સુખ-દુ:ખના દ્વંદ્વ રહેલા છે. તેમાં સુખ થોડું અને દુ:ખ વધારે છે. તેમાંથી છૂટવું છે તેનો ઉપાય બતાવે છે. અસંગ નામના શસ્ત્રથી આ વૃક્ષને મૂળમાંથી જ કાપી નાખવાનું. અસંગ એટલે અનાસક્તિ, નિર્મોહીભાવ. આ વૃક્ષને પકડી રાખનારું તત્ત્વ મોહઆસક્તિ છે. તે ન હોય તો આ વૃક્ષ નથી અર્થાત્ કપાઈ જાય. અસંગ કોની સાથે કરવાનો? જેના સંગથી મોહ ઊપજે, બંધન દ્રઢ થાય તે બધી વસ્તુઓ પ્રત્યે અસંગ રાખવાનો. અસંગ એક શસ્ત્ર છે તેના દ્વારા આ અશ્વત્થ વૃક્ષને કાપી નાંખીને પછી પરમેશ્વરના ધામની શોધમાં નીકળી પડવાનું.

સકામ અનુષ્ઠાનથી લોક-પરલોકમાં વિશાળ ભોગો મળશે..! આવી વાતો સાંભળીને મનુષ્ય આ લોક તથા સ્વર્ગલોકમાં સુખ રમણીયતા અને સ્થાઈપણું માલૂમ પડે છે. આથી અજ્ઞાની મનુષ્યો કામ અને ભોગોને પરાયણ થાય છે આનાથી વધીને કોઈ સુખ નથી. આવો તેમનો નિશ્ચય થઈ જાય છે. જ્યાં સુધી સંસાર સાથે તાદાત્મય મમતા અને કામનાનો સંબંધ છે ત્યાં સુધી એવું પ્રતિત થાય છે, પરંતુ ભગવાન કહે છે કે વિવેકવંતી બુદ્ધિથી સંસારથી અલગ થઈને સંસારથી સંબંધ વિચ્છેદ કરીને દેખવાથી જેવું રૂપ આપણે અત્યારે માની રાખ્યું છે તેવું ઉપલબ્ધ થતું નથી, એટલે કે એ નાશવાન અને દુ:ખરૂપ પ્રતિત થાય છે. આ સુખ અને આનંદમાં ફરક છે. વિષયવસ્તુ સાથે ઈન્દ્રિયોનો સંબંધ થયા પછી જે થાય તેને સુખ કહેવાય અને વિષયવસ્તુ સહિત અંદર એક ઝરણું ફુટે તેને આનંદ કહેવાય છે.

કોઈપણ વસ્તુના આદિમધ્ય અને અંતનું જ્ઞાન બે પ્રકારનું હોય છે: સ્થુળકૃત અને કાળકૃત. આ સંસારનો


ગીતામૃતમ્
વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી, તા. શહેરા, જી. પંચમહાલ
(મો.) ૯૭૨૬૧ ૬૬૦૭૫

આરંભ ક્યાંથી થાય છે, મધ્ય ક્યાં છે અને અંત ક્યાં થાય છે..? આ રીતે સંસારના સ્થળકૃત આદિમધ્ય અને અંતનો પત્તો નથી અને ક્યાંથી આરંભ થયો અને ક્યાં




સુધી રહેશે અને ક્યાં તેનો અંત થશે..? આ રીતે સંસારના કાળકૃત આદિમધ્ય અને અંતનો પણ પત્તો નથી.

વાસ્તવમાં સંસારની સ્વતંત્ર સત્તા (સ્થિતિ) છે જ નહીં, ફક્ત ઉત્પત્તિ અને વિનાશનો ક્રમ માત્ર છે. સંસારનો આ ઉત્પત્તિ વિનાશનો પ્રવાહ જ સ્થિતિ રૂપે પ્રતિત થાય છે, જેનું સ્વરૂપ એક ક્ષણ પણ સ્થાયી ન રહેતું હોય એવા સંસારની પ્રતિષ્ઠા (સ્થિતિ) કેવી..? સંસાર સાથે પોતાનો માની લીધેલો સંબંધ છોડતાં જ તેનો પોતાના માટે અંત થઈ જાય છે અને પોતાના વાસ્તવિક સ્વરૂપ પરમાત્મામાં સ્થિત થઈ જાય છે. સંસારથી સંબંધ વિચ્છેદ કરવાનો સુગમ ઉપાય છે. સંસારથી પ્રાપ્ત (મન બુદ્ધિ ઈન્દ્રિયો શરીર ધન વગેરે) તમામ સામગ્રીને પોતાની અને પોતાના માટેની ના માનીને તેને સંસારની સેવામાં લગાવી દેવી. વ્યક્તિ પદાર્થ ક્રિયા વગેરેમાં રાગ અને મમતા હોવાથી સાંસારીક બંધન વધુને વધુ દ્રઢ થતું જાય છે. જે પદાર્થ અને વ્યક્તિઓમાં રાગ અને મમતાનો ઘનિષ્ઠ સંબંધ થઈ જાય છે, તેમને મનુષ્ય પોતાનું સ્વરૂપ માનવા લાગી જાય છે. આ સંસાર વૃક્ષના મૂળ બહુ જ દ્રઢ છે છતાં પણ તેમને દ્રઢ અસંગતારૂપી શસ્ત્ર દ્વારા કાપી શકાય છે.

કોઈપણ સ્થાન વ્યક્તિ વસ્તુ પરિસ્થિતિ વગેરે પ્રત્યે મનમાં આકર્ષણ, સુખ બુદ્ધિનું થવું અને એમના સંબંધથી પોતાની જાતને મોટા અને સુખી માનવું. પદાર્થોના પ્રાપ્ત થતાં પ્રસન્ન થવું આ જ સંગ કહેવાય છે. એમનું ન હોવું એ જ અસંગતા એટલે કે વૈરાગ્ય છે. વૈરાગ્ય અનેક પ્રકારના છે.

**પહેલો વૈરાગ્ય:** તન.. મન.. ધન.. વગેરેથી વૈરાગ્ય થાય છે. આનો સ્વરૂપથી ત્યાગ કરી દેવા છતાં પણ મનમાં તેનું મહત્ત્વ બનેલું હોય તો વાસ્તવમાં આ વૈરાગ્ય નથી. અંત:કરણમાં જડ પદાર્થોનું સહેજપણ મહત્ત્વ અને આકર્ષણ ન રહે આ જ વૈરાગ્ય છે.

**બીજો સ્મશાન વૈરાગ્ય:** કોઈના મૃત્યુના સમયે માણસ તેને પહોંચાડવા સ્મશાનમાં જાય છે ત્યારે તેને એમ લાગે છે કે મરનાર ગયો તેમ હું પણ એક દિવસ જવાનો છું. આ બધું ખોટું છે. આવી રીતે માણસને સ્મશાનમાં વૈરાગ્ય થાય છે, પરંતુ સ્મશાનમાં હોય ત્યાં સુધી જ આ વૈરાગ્ય ટકે છે. સ્મશાન વૈરાગ્ય, નૈવેધ વૈરાગ્ય, પ્રસૂતા વૈરાગ્ય આ બધા કામ ચલાઉ વૈરાગ્ય છે પરંતુ જીવનમાં જ્ઞાનગર્ભ દ્રઢ વૈરાગ્ય આવવો જોઈએ. જો શરીર સાથે સંબંધ ચાલુ હોય તો સકળ સંસાર સાથે સંબંધ ચાલુ રહે છે, કેમ કે શરીર સંસારનું જ બીજ અથવા અંગ છે. શરીર સાથે તાદાત્મય ન રહેવું એને જ વૈરાગ્ય કહે છે.

જ્યારે મનુષ્ય પોતે એવો અનુભવ કરી લે છે કે હું શરીર નથી, શરીર મારૂં નથી ત્યારે કામના મમતા અને તાદાત્મય ત્રણેય દૂર થાય છે. આ જ વાસ્તવિક વૈરાગ્ય છે. જેના અંત:કરણમાં તમામ વાસનાઓનો નાશ થઈ જાય છે. સહુંનું કલ્યાણ થાવ, સહું સુખી થાવ, સૌ નિરોગી થાવ, ક્યારેય કોઈને સહેજ પણ દુ:ખ ન થાવ.. આ ભાવનું રહેવું તેને જ દ્રઢ વૈરાગ્ય લક્ષણ કહે છે.

**સંસાર સાથે સંબંધ વિચ્છેદ કરવાના કેટલાક સુગમ ઉપાય:-**


કંઈ પણ લેવાની ઈચ્છા ન રાખીને સંસાર પાસેથી મળેલી સામગ્રીને સંસારની સેવામાં જ લગાવી દેવી, સાંસારીક સુખ (ભોગ અને સંગ્રહ)ની કામનાનો સર્વથા ત્યાગ કરી દેવો, હું ભગવાનનો છું, ભગવાન મારા છે.. આ વાસ્તવિકતાને દ્રઢતાથી વળગી રહેવું, શરીર સંસારથી હું અને મારાપણાને બિલ્કુલ હટાવી લેવું, મારે એક પરમેશ્વરની તરફ ચાલવું છે એવો દ્રઢ નિશ્ચિય કરવો, શાસ્ત્ર વિહિત પોતપોતાનાં કર્તવ્ય કર્મો (સ્વધર્મ)નું તત્પરતાપૂર્વક પાલન કરવું, બાળપણમાં શરીર પદાર્થ પરિસ્થિતિ વિદ્યા સામર્થ્ય વગેરે જેવાં હતાં તેવાં અત્યારે નથી એટલે કે તે તમામ બદલાઈ ગયાં પરંતુ હું પોતે તે જ છું બદલાયો નથી. પોતાના આ અનુભવને મહત્ત્વ આપવું, સંસાર સાથે માનેલા સંબંધનો સત્તાભાવ દૂર કરવો.


સંસાર રાગના કારણે જ દેખાય છે. જે વસ્તુમાં રાગ હોય છે તે વસ્તુની સત્તા અને મહત્તા દેખાય છે. જો રાગ ન હોય તો સંસારની સત્તા દેખાવા છતાં મહત્તા રહેતી નથી. તેથી પોતાના અંત:કરણમાં પરમાત્મા સિવાય અન્ય કોઈ સાથે સંબંધ ન રાખવો. સંબંધ વિચ્છેદ કરવાથી સંસારનો અભાવ થઈ જાય છે અને તે ભગવદ્રૂપે દેખાવા લાગે છે..

# સાત સમંદર પાર કરતા યાયાવર પક્ષીઓનું સ્થળાંતર અને અદ્ભૂત દિશાજ્ઞાન







**એ**ક નાનકડું પક્ષી સાત સમંદર પાર કરી હજારો કિલોમીટર ઉડીને એકધારો જે રીતે પ્રવાસ કરે છે એ ખરેખર અદ્ભૂત હોય છે. ખાસ કરીને યાયાવર પક્ષીઓનું દિશાજ્ઞાન અદ્ભૂત હોય છે. જુદા જુદા પક્ષીઓનું સ્થળાંતર જુદું જુદું હોય છે.

**સ્થળાંતરના પ્રકારો:**

**(૧)અલ્ટિટ્યુડનલ સ્થળાંતર:** આ પ્રકારનું સ્થળાંતર કરતાં પક્ષી ઉનાળામાં ખીણ વિસ્તાર તરફથી પર્વતીય વિસ્તાર તરફ જાય છે અને શિયાળામાં એથી વિરુદ્ધ ભારતમાં ઉનાળામાં પહાડી પ્રદેશ તરફ જઈને વસે છે. આ પક્ષીઓમાં બુશરોટ અને સામાન્ય પ્રકારના લક્કડખોદનો સમાવેશ થાય છે.

**(૨)રેખાંશીય પ્રકારનાં સ્થળાંતર:** આ પ્રકારના સ્થળાંતરમાં પંખીઓ પૂર્વથી પશ્ચિમ તરફ અથવા પશ્ચિમથી પૂર્વ તરફ જાય છે.


**(૩)આંશિક પ્રકારનું સ્થળાંતર:** આંશિક પ્રકારનું સ્થળાંતર કરતાં પંખીઓમાં એક જ જાતિનાં બધાં પક્ષીઓ પોતાનું વતન છોડતાં નથી.

**(૪)અનિયમિત સ્થળાંતર:** અનિયમિત સ્થળાંતર કરતાં કોયલ, હિરોક વગેરે પંખીઓ કોઈ નિશ્ચિત દિશા વગર ખોરાક તથા ભક્ષણ માટે ગમે તે દિશામાં ભટકે છે.

**(૫)ઋતુને અનુલક્ષીને સ્થળાંતર:** ઋતુને અનુલક્ષીને સ્થળાંતર કરતાં પંખીઓને બે વિભાગમાં વહેંચવામાં આવ્યા છે.

૧. બ્રિટનમાં ઉનાળાનાં પ્રવાસી પંખીઓ દક્ષિણમાંથી આવે છે અને શરદ ઋતુમાં પોતાના વતન ઉત્તર તરફ પ્રયાણ કરે છે. ૨. શિયાળુ પંખીઓ શરદ ઋતુમાં ઉત્તર તરફનું વતન છોડીને દક્ષિણ તરફ જાય છે. સ્થળાંતર વખતે સામાન્ય રીતે પંખીઓ ૩૦૦૦ ફૂટ ઊંચે ઊડતાં હોય છે. જ્યારે કેટલાંક નાનાં પંખીઓ ૬થી ૧૪ હજાર ફૂટ ઊંચે ઊડતાં હોય છે. દરિયાઈ પક્ષીઓ સમુદ્રી માર્ગ પસંદ કરે છે. મોટે ભાગે ઉત્તર દિશા તરફ રહેતાં પંખીઓ શિયાળામાં દક્ષિણ તરફ આવે છે. ઉનાળામાં ફરી વતન તરફ પ્રયાણ કરે છે. નબળી પાંખો ધરાવતાં પંખી નીચાં ઊડે છે. લાંબા પ્રવાસ દરમ્યાન કેટલાંક પક્ષીઓ થાકીને દરિયામાં અને રણ પ્રદેશમાં મરી પણ જાય છે.

**પક્ષીઓનું અદ્ભૂત દિશાજ્ઞાન:** આ પક્ષીઓ એકધાર્યું હજારો માઈલ સુધી કેવી રીતે ઊડતાં હશે? તેમને દિશા સ્થાન કોણ બતાવતું હશે? રસ્તો કેમ ભૂલી જતાં નહીં હોય? રસ્તામાં આવતો દરિયો, વાવાઝોડું, દરિયાઈ તોફાનો, પવનના ઝપાટા વગેરેનો સામનો કેવી રીતે કરતાં હશે? આ બધા પ્રશ્નો પણ વૈજ્ઞાનિકોને સતાવતા રહ્યાં છે. આ અંગે ઘણું બધું સંશોધન થયું પણ છે. રશિયાના કેટલાક બગલા શિયાળામાં ઊંચાં શિખરો પરથી સીધીલીટીમાં ઊડીને ભારત આવે છે. પક્ષીઓમાં યાદશક્તિ કે વિચારવિનિમય શક્તિ ન હોવા છતાં બીજા વર્ષે એ જ રસ્તે બરાબર સ્થળે પાછાં પહોંચી જાય છે. એ પણ એક અજાયબી જ છે. તેમનું દિશાજ્ઞાન અદ્ભૂત હોય છે. વાર્બલર નામની ચકલી લાંબી સફર માટે અંધકાર જ પસંદ કરે છે. પ્રવાસ માટે બ્રિટનમાંથી ઊડતી ચકલી ૭૦૦૦ ફૂટ ઊંચેથી પસાર થતી હોય છે. પક્ષીઓ ધ્રુવિત પ્રકાશચિહ્નો પારખી શકે છે. એટલે એ રીતે એમને નિર્ધારિત દિશા મળી જાય છે. ઉપરાંત હવામાં છૂટતા પક્ષી ગંધને કારણે પણ એમના માળામાં પહોંચી જઈ શકે છે. પંખીઓના મોટા ભાગના નિર્ણયો એમની સૂંઘવાની શક્તિ પર જ આધારિત હોય છે. વળી પક્ષીઓ અંતસ્થ કર્ણ દ્વારા ચુંબકત્વની અસરનો ફેરફાર પારકી શકે છે અને તેની મદદથી સ્થળાંતરનો માર્ગ શોધે છે. અથવા અસ્ટ્રાવાયોલેટ તરંગોનો સહારો લે છે. છેલ્લામાં છેલ્લી શોધ પ્રમાણે પક્ષીઓ પોતાનો માર્ગ દિવસ દરમ્યાન સૂર્યની મદદથી તથા રાત્રિના તારાઓની મદદથી નક્કી કરે છે.


પક્ષી જગત
લેખક: દીપક જગતાપ
નિવાસ: 'ઋષાર્થ', મહેતા કોમ્પલેક્ષ પાસે, સંતોષ ચાર રસ્તા, રાજપીપળા - ૩૯૩૧૪૫. (જિ.નર્મદા)
(મો.૯૯૮૮૭૯૬૫૨૭)
(Email : deepakjagtap3@gmail.com)

એક માન્યતા પ્રમાણે પ્રવાસી પંખીઓના માથામાં લોખંડનો અંશ હોવાને કારણે પૃથ્વીના ચુંબકીય ધ્રુવનું જ્ઞાન થાય છે અને તેને કારણે ચોક્કસ દિશામાં જ જાય છે.

**પક્ષીઓની ઝડપ:** મનુષ્યની સરખામણીમાં પક્ષીઓની ઝડપ ઘણી જ વધારે હોય છે. લાંબી કે વણથંભી ઊડવાની યાત્રામાં પંખીની સાધારણ ગતિ કલાકના ૨૫થી ૩૦ માઈલની હોય છે. સ્વિટ પંખી કલાકના ૧૩૦ માઈલની ઝડપે કલાકો સુધી ઊડી શકે છે. ગીધ ભારેખમ પક્ષી હોવા છતાં કલાકના ૮૩થી ૯૦ માઈલની ઝડપે ઊડે છે. આ ઝડપને કારણે મૃત જનાવર ગમે ત્યાં હોય તો પણ ઝડપથી પહોંચીને શિકાર ઝડપી લે છે. જ્યારે થોડું અંતર પણ ઘણી જ ઝડપથી અર્થાત્ કલાકના ૭૦થી ૧૨૫ કિ.મી.ની ઝડપે કબૂતર ઊડે છે. વોલો નામના પક્ષીની ઝડપ કલાકના ૧૧૦ માઈલની છે. જ્યારે સ્વિટ પક્ષીની ઝડપ ૧૩૦ માઈલની છે. ગરુડની ઝડપ ૧૪૦ માઈલની છે. જ્યારે વુડકોક પક્ષીની ઝડપ કલાકના ૧૫૦ માઈલની છે.

પવનની દિશાને ધ્યાનમાં લઈને ઊડનારું સમુદ્રપક્ષી ગલ છે. ચંડોળ પક્ષી ૪૦ માઈલ કરતાં વધારે ઝડપથી ઊડી શકતું નથી. કાગડો ૩૦ થી ૪૫ માઈલની ઝડપે ઊડે છે. કેટલાંક પક્ષીઓ ઘણું લાંબું અંતર કાપી શકે છે. દક્ષિણ અમેરિકાથી ઠેઠ આફ્રિકા સુધી રસ્તામાં જરાયે સરક્યા વિના પક્ષીઓ ઊડે છે. કલાકના ૧૦૦ માઈલની ઝડપે પ્રવાસ કરવા છતાં જરાયે હાંફ્યા વિના દર વર્ષે હજારો માઈલનો નિશ્ચિત પ્રવાસ કરનારાં હજારો પંખીઓની દુનિયા પણ નિરાળી છે. સૌથી વધુ ઝડપે ઊડતાં પક્ષીઓમાં બતકની કેટલીક જાતોનો સમાવેશ થાય છે. તેમાં આઈડર તથા મેરમેન્સર અને ગુજ પ્રકારનાં પક્ષીઓ છે. આ પક્ષીઓ કલાકના ૮૦ માઈલની ઝડપે ઊડે છે. પરંતુ સર્વપક્ષીઓમાં સૌથી વધુ ઝડપે ઊડનારું પક્ષી તો સ્વિટ જ છે. પક્ષી ઊડતી વખતે જે ઝડપથી પાંખોની ઉઘાડવાસ કરે છે તે સેકન્ડના હિસાબે માપવામાં આવે છે. પ્રત્યેક સેકન્ડે પાંખો સૌથી વધુ ઉઘાડવાસ કરવાનો વિક્રમ હોન્ડ અનજેમ ધરાવે છે. જે હમિંગ બર્ડના કુળનું છે. મધ્ય તથા પૂર્વ બ્રાઝિલમાં મળી આવતું આ પક્ષી પ્રત્યેક સેકન્ડે ૯૦ વખત પાંખોની ઉઘાડવાસ કરે છે. સ્થળાંતર કરનારાં પક્ષીઓ કેટલીક વાર ખૂબ વધુ ઊંચાઈએ ઊડતા હોય છે. પ્રતીતિજનક રીતે વિજ્ઞાનીઓએ માન્ય કરેલ ૨૭ હજાર ફૂટની ઊંચાઈનો વિક્રમ 'હુપર' હંસના ફાળે જાય છે. જ્યારે સ્થળાંતર દરમ્યાન સૌથી વધુ અંતર કાપવાનો વિક્રમ 'આર્કટિકટર્ન' નામના પક્ષીએ નોંધાવ્યો છે. આ અંતર ૮૮ હજાર માઈલ થયું હતું.

**વિશ્વના યાયાવર પંખીઓનો ઋતુ પ્રવાસ:** લાંબું ઊડવા માટે પક્ષીઓ વિજ્ઞાનને ઝાંખું પાડે તેવી અદ્ભૂત શક્તિ ધરાવે છે. દર શિયાળે અખાતના માર્ગે સૌરાષ્ટ્રને કાંઠે ભોજન માટે આવતાં દરિયાઈ વાબગલી (ધ કેસ્પીરન ટન) ૩૦૦૦ માઈલનું અંતર કાપીને આવે છે. છેક જર્મનીથી સફેદ બગલા (ધી વ્હાઈટ સ્વોલોઝ) ૩૬૦૦ માઈલ ઊડીને છેક સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં આવે છે.

રાજસ્થાનના ભરતપુરથી ૨ કિ.મી. દૂર ઉત્તરપૂર્વમાં કેવલાદેવ નામનું રાષ્ટ્રિય ઉદ્યાન વિશ્વમાં સુંદર પક્ષીવિહાર ગણાય છે. શિયાળામાં યુરેશિયા, ચીન, વગેરે પ્રદેશોમાંથી હજારો પ્રવાસી પંખીઓ અહીં આવે છે અને નિર્ધારિત સમય સુધી વસવાટ કરે છે. કેટલાંક સ્થાનિક પક્ષીઓ આ પક્ષીવિહારમાં કાયમી વસવાટ કરે છે. વિદેશી મહેમાન પક્ષીઓનું નવેમ્બર માસથી આગમન શરૂ થઈ જાય છે. આ પક્ષીવિહારમાં આવનારા દેશી તેમજ પરદેશી પંખીઓની લગભગ ૩૫૨ પેટા જાતિઓ અત્યાર સુધીમાં ઓળખી શકાઈ છે. એમાં આશરે ૨૩૨ તો સ્થાનિક પેટા જાતિઓનો સમાવેશ થાય છે. વિદેશી પક્ષી પ્રજાતિમાં મુખ્ય આકર્ષણ સાઈબીરિયન કેવીનું છે. કેમ કે આ પંખીઓ આજે પક્ષીવિહારમાં આવીને રહે છે. કળ્યું નામનું એક પંખી ઈંડાં અલાસ્કામાં મૂકે છે ને ઠંડી વિતાવવા માટે ઉત્તર પ્રશાંત મહાસાગર પસાર કરી ૩૦૦૦ માઈલ દક્ષિણ દિશામાં આવેલા પલીસીનીયા નામના ટાપુમાં પહોંચે છે. જ્યારે આલ્બા ફોસવણ મોટા પંખી તરીકે ઓળખાય છે. તે સેંકડો માઈલનો પ્રવાસ ખેડતું હોય છે. પરંતુ તે ઈંડાં મૂકવા માટે તો ગમે ત્યાંથી પણ પ્રવાસ કરી એકાંતમાં પ્રસરેલા દક્ષિણ મહાસાગરના બેટમાં પહોંચી જાય છે. ઉત્તરધ્રુવનું બાબગલી પક્ષી દર વર્ષે ઉત્તર ધ્રુવ પ્રદેશથી દક્ષિણ ધ્રુવ પ્રદેશનું ૨૫૦૦૦ માઈલનું અંતર કાપીને આવે છે અને જાય છે. પ્રશાંત મહાસાગરમાં થતાં આલ્બફોસ નામના દરિયાઈ પક્ષી વિમાનો કરતાં પણ ક્યાંય લાંબા સમય સુધી ઊડે છે. તેઓ વર્ષમાં ૯ મહિના સુધી ઊડ્યા જ કરે છે. આ પક્ષીઓ ઊડતાં ઊડતાં જ ઊંઘી લે છે. જ્યારે યુરોપ અને ઉત્તર એશિયાના પક્ષીઓ ભારત ઉપરાંત ઉત્તર અને મધ્ય એશિયામાંથી સિંધ, અફઘાનિસ્તાન તથા ઈરાનમાં થઈને દક્ષિણ અરબસ્તાનના માર્ગે આફ્રિકામાં સોમાલી પ્રદેશ પર ઊતરે છે અને ત્યાંથી મધ્ય અને દક્ષિણ આફ્રિકા સુધી ફેલાઈ જાય છે. જ્યારે ઉત્તર અમેરિકાના ગોલ્ડન પ્લોયર નામનાં પક્ષીઓ શિયાળો હજારો કિ.મી. દૂર હવાઈન ટાપુ પર ગુજારે છે. આ પક્ષીઓને પેસેફિક મહાસાગર પરથી પસાર થવું પડે છે. ઉડ્ડયન કરતાં પક્ષીઓને ઘણી વાર અકસ્માતો પણ નડે છે. અડધાથી વધુ અકસ્માતો ૧૫૦ મીટરની ઊંચાઈ પર થયેલા છે. એક નાનકડું પક્ષી જો કોઈ એરબસ સાથે અથડાય તો તેને ૧૮ ટન જેટલો ધક્કો લાગે છે. જ્યારે ગીધ, સમડી વગેરે જેવા પક્ષીથી ૫૭ ટન જેટલો ધક્કો લાગી શકે છે. વિમાન ઉડ્ડયન દરમ્યાન પાઈલોટ લાખ કોશિશ કરે પણ સંભવિત અકસ્માત નિવારી શકાતો નથી.

આમ આજે પણ વિશ્વ પ્રવાસી પંખીના ઉડ્ડયનની અનેક અજાયબીઓ વૈજ્ઞાનિકો માટે સંશોધન અને રહસ્યનો વિષય બનીને રહી ગઈ છે.

# સ્પોર્ટ્સ ન્યુઝ

### ઓટો ડ્રાઈવરની પુત્રી મીનાક્ષી હુડ્ડાએ કરી કમાલ

## મીનાક્ષી હુડ્ડાની વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપ ફાઇનલમાં એન્ટ્રી

**ગ્રેટર નોઈડામાં યોજાયેલી વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપમાં ભારતીય બોક્સરોએ શાનદાર પ્રદર્શન કર્યું હતું**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગ્રેટર નોઈડા, તા.૧૯**

ગ્રેટર નોઈડાના શહીદ વિજય સિંહ પથિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં ચાલી રહેલી વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપની ફાઈનલમાં ઓટો ડ્રાઈવરની પુત્રી મીનાક્ષી હુડ્ડા પહોંચી ગઈ છે. મીનાક્ષી (૪૮ કિલોગ્રામ) એ કોરિયાની બેક ચો-રોંગને ૫-૦ થી હરાવી.



આંતરરાષ્ટ્રીય સ્તરે વાપસી કરતી અરુંધતી ચૌધરીએ ત્રણ વખતની વર્લ્ડ કપ મેડલ વિજેતા લિયોની મુલરને હરાવી. મીનાક્ષી, અંકુશ પંઘાલ, પરવીન અને નુપુર બધાએ ફાઈનલમાં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું.

ભૂતપૂર્વ વર્લ્ડ ચેમ્પિયન અરુંધતી દોઢ વર્ષ પછી સ્પર્ધા કરી રહી હતી. તેણીએ શરૂઆતના બંને રાઉન્ડ સંપૂર્ણ આક્રમકતા સાથે જીત્યા. તેણીએ બીજા રાઉન્ડમાં જર્મન ખેલાડીને પછાડી દીધી. અરુંધતીએ કહ્યું, "હું દોઢ વર્ષ પછી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં પાછી ફરી છું, અને RSC માં જીત સાથે પરત ફરવાનો મને ખૂબ આનંદ છે. શરૂઆતમાં હું થોડી નર્વસ હતી, કારણ કે મારો છેલ્લો આંતરરાષ્ટ્રીય અનુભવ પેરિસ (ઓલિમ્પિક ૨૦૨૪) ક્વોલિફાયરમાં હારનો હતો, ત્યારબાદ મેં કાંડાની સર્જરી કરાવી."

અંકુશ પંઘાલ (૮૦ કિગ્રા) એ ઓસ્ટ્રેલિયાના માર્લોન સેવહોનને ૫-૦ થી હરાવ્યો, જ્યારે નુપુર (૮૦ કિગ્રા) એ યુક્રેનની મારિયા લવચિન્સ્કાને હરાવી. પરવીન (૬૦ કિગ્રા) એ દિવસનો સૌથી મોટો અપસેટ સર્જ્યો, પોલેન્ડની વર્લ્ડ બોક્સિંગ કપ સિલ્વર મેડલ વિજેતા રાયગેલ્સ્કા અનેતા એલ્ઝબીટાને નજીકની સ્પર્ધામાં હરાવીને, તેણીની મજબૂત રિંગ હાજરી દર્શાવી.

પ્રીતિ (૫૪ કિગ્રા) ને ઓલિમ્પિક મેડલ વિજેતા અને ત્રણ વખતના વિશ્વ ચેમ્પિયન હુઆંગ હ્સિયાઓ-વેન સામે કઠિન પડકારનો સામનો કરવો પડશે, જ્યારે સવિતી બોરા (૭૫ કિગ્રા) ઓસ્ટ્રેલિયાની એમ્મા-સુ ગ્રેટ્રી સામે રમશે. નરિન્દર અને નવીન પણ ફાઈનલમાં પહોંચવા માટે પ્રયત્નશીલ રહેશે. અભિનાશ જામવાલ યુક્રેનના એલ્વિન અલીયેવ સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે.

૨૦૧૭માં જુનિયર નેશનલ ચેમ્પિયનશિપ જીતી. ૨૦૧૯માં યુથ નેશનલ ચેમ્પિયનશિપમાં પ્રથમ સ્થાન મેળવ્યું. ૨૦૨૧માં સિનિયર નેશનલ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીત્યો. ૨૦૨૨માં એશિયન ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીત્યો. ૨૦૨૨ની નેશનલ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો. ૨૦૨૪માં બ્રિક્સ ગેમ્સ અને એલોર્ડા કપમાં ગોલ્ડ મેડલ જીત્યો. સપ્ટેમ્બરમાં વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીત્યો.

## ન્યૂઝીલેન્ડના બેટરે નંબર-૧ બનીને રચી દીધો ઈતિહાસ

**પ્રથમ ક્રમે ન્યૂઝીલેન્ડના ડેરીલ મિચેલએ તેનું સ્થાન લીધું**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૯ :** ICCએ આ અઠવાડિયાની નવી રન્કિંગ ૧૯ નવેમ્બરના રોજ જાહેર કરી. ત્રણ અઠવાડિયા સુધી ODIમાં નંબર ૧ સ્થાન જાળવી રાખ્યા પછી હિટમેન રોહિત શર્માએ તાજ ગુમાવ્યો છે. હવે ન્યુઝીલેન્ડનો ડેરિલ મિશેલ બન્યો છે. જો કે, અભિષેક શર્મા T20 બેટિંગ રેન્કિંગમાં લાંબા સમયથી નંબર ૧ પર યથાવત છે. પ્રથમ ક્રમે ન્યૂઝીલેન્ડનો મજબૂત બેટર ડેરીલ મિચેલએ તેનું સ્થાન લીધુ છે.

મિશેલના ૭૮૨ રેટિંગ પોઈન્ટ છે, જ્યારે રોહિતના ૭૮૧ રેટિંગ પોઈન્ટ છે. દક્ષિણ આફ્રિકા સામેની પ્રથમ ટેસ્ટમાં નિષ્ફળ રહેલા યશસ્વી જયસ્વાલને પણ ઝટકો લાગ્યો છે.

ડાબોડી ભારતીય ઓપનર ટેસ્ટ બેટિંગ રેન્કિંગમાં બે સ્થાન નીચે ગયો છે. યશસ્વી હવે ટોપ ૫માંથી બહાર થઈ ગયો છે અને હવે સાતમા સ્થાને છે. જો રૂટ યાદીમાં ટોપ પર યથાવત છે.

બોલરોની વાત કરીએ તો T20માં ભારતીય સ્પિનર વરુણ ચક્રવર્તીએ નંબર-૧નો તાજ જાળવી રાખ્યો છે. સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ નંબર ૧ ટેસ્ટ બોલર રહ્યો છે, જ્યારે અફઘાનિસ્તાનનો રાશિદ ખાન નંબર 1 ODI બોલર છે.

રવિન્દ્ર જાડેજા ઓલરાઉન્ડરોની યાદીમાં નંબર ૧ ટેસ્ટ ઓલરાઉન્ડર રહ્યો છે. અફઘાનિસ્તાનનો અઝમતુલ્લાહ ઓમરઝાઈ ODIમાં નંબર ૧ છે અને પાકિસ્તાનનો સૈમ અયુબ T20માં નંબર ૧ છે.

ટીમ રેન્કિંગ પર નજર કરીએ તો, ઈંગ્લેન્ડ ત્રીજા નંબરથી બીજા નંબર પર આવી ગયું છે. કોલકાતા ટેસ્ટમાં ભારતને હરાવનાર દક્ષિણ આફ્રિકા બીજા નંબરથી ત્રીજા નંબર પર સરકી ગયું છે. ઓસ્ટ્રેલિયા નંબર વન ટેસ્ટ ટીમ બની રહી છે. જ્યારે ભારતીય ક્રિકેટ ટીમ વનડે અને ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં પ્રભુત્વ છે.

### BCCIએ આપી હેલ્થ અપડેટ

## શુભમન ગિલનું ગુવાહાટી જવાનું કન્ફર્મ, બીજી ટેસ્ટમાં રમવા ઉપર સસ્પેન્સ

**૨૨ નવેમ્બરથી ગુવાહાટીમાં શરૂ થનારી ટેસ્ટ મેચમાં શુભમન ગિલ રમશે કે નહીં તે અંગે હજુ પણ અનિશ્ચિતતા**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગુવાહાટી, તા.૧૯ :** ટીમ ઈન્ડિયાના કેપ્ટન શુભમન ગિલના ગુવાહાટી પ્રવાસની પુષ્ટિ થઈ ગઈ છે. આ માહિતી BCCIના નવીનતમ અપડેટમાં જાહેર કરવામાં આવી છે. જો કે, ૨૨ નવેમ્બરથી ગુવાહાટીમાં શરૂ થનારી ટેસ્ટ મેચમાં તે રમશે કે નહીં તે અંગે હજુ પણ અનિશ્ચિતતા છે.

દક્ષિણ આફ્રિકા સામે કોલકાતા ટેસ્ટના બીજા દિવસે ગરદનમાં ઈજા થયા બાદ તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. દિવસની રમત પછી તેની તબીબી તપાસ કરવામાં આવી તેને નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યો અને બીજા દિવસે તેને રજા આપવામાં આવી.

BCCI મેડિકલ ટીમના જણાવ્યા અનુસાર, શુભમન ગિલ ટ્રીટમેન્ટ પર સારી રીતે રિસ્પોન્ડ કરી રહ્યો છે. તેથી નિર્ણય લેવામાં આવ્યો છે કે ગિલ ૧૯ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ટીમ સાથે ગુવાહાટી જશે. જો કે, તેની ઈજા પર સતત દેખરેખ રાખવામાં આવશે અને બીજી ટેસ્ટમાં તેના રમવા અંગે અંતિમ નિર્ણય મેડિકલ ટીમના રિપોર્ટના આધારે લેવામાં આવશે.

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે કોલકાતા ટેસ્ટના બીજા દિવસે શુભમન ગિલને ગરદનમાં ઈજા થઈ હતી. વોશિંગ્ટન સુંદરના આઉટ થયા પછી ગિલ બીજા દિવસે મેદાનમાં ઉતર્યો હતો. ગિલ પહેલા બે બોલ પર રન બનાવી શક્યો નહીં, પરંતુ તે ઓવરના પાંચમા બોલ પર, તેણે સિમોન હાર્મરના બોલને બેકવર્ડ સ્ક્વેર લેગ પર ફોર માટે સ્વિપ કર્યો. આ શોટ રમ્યા પછી શુભમન તરત જ તેની ગરદન પકડી લીધી.

તેને ગરદનમાં ભારે દુખાવો થયો. ગિલ ૩ બોલમાં ૪ રન બનાવ્યા પછી રિટાયર્ડ હર્ટ થયો. તે બીજી ઈનિંગમાં પણ બેટિંગ કરી શક્યો નહોતો. કોલકાતામાં રમાયેલી પહેલી ટેસ્ટમાં દક્ષિણ આફ્રિકાએ ભારતને ૩૦ રનથી હરાવ્યું. આ ટેસ્ટમાં બાવુમા ટીમે ભારતીય ટીમને જીતવા માટે ફક્ત ૧૨૪ રનનો ટાર્ગેટ આપ્યો હતો, પરંતુ શુભમન ટીમ આ પણ હાંસલ કરવામાં નિષ્ફળ રહી. પરિણામે, આફ્રિકન ટીમે ૧૫ વર્ષમાં ભારતમાં પહેલી ટેસ્ટ મેચ જીત મેળવી.

જો ગિલ ગુવાહાટી ટેસ્ટ માટે ફિટ ન થાય, તો રિષભ પંત તેની જગ્યાએ કેપ્ટનશીપ સંભાળશે. ગિલના નંબર ૪ પોઝિશન પર સાઈ સુદર્શન અથવા દેવદત્ત પડિકલ રમી શકે છે. દરમિયાન દક્ષિણ આફ્રિકાના કેપ્ટન ટેમ્બા બાવુમા શ્રેણી જીતવા માટે મેચ ડ્રો કરવા પર નજર રાખશે.

## ફેક આઈડીના ખડકલા સાથે નકલી RAW ઓફિસર પકડાયો : જજને પણ પ્રેમ જાળમાં ફસાવીને લગ્ન કર્યા

**ધરપકડ સમયે, તે એક કંપની બનાવીને લોકો સાથે કરોડોની ઠગાઈ કરવાની યોજના બનાવી રહ્યો હતો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**લખનૌ, તા.૧૯**

ઉત્તર પ્રદેશ સ્પેશિયલ ટાસ્ક ફોર્સ(STF)ની ટીમે બુધવારે વહેલી સવારે એક વ્યક્તિની ધરપકડ કરી, જે પોતાને ક્યારેક રૉ (RAW-રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ) અધિકારી તો ક્યારેક આર્મીનો મેજર ગણાવીને રહેતો હતો. તેણે પોતાને રૉ અધિકારી તરીકે રજૂ કરીને બિહારના છપરામાં ફરજ બજાવતા એક મહિલા જજને ફસાવીને તેમની સાથે લગ્ન કર્યા હતા. ધરપકડ સમયે, તે એક કંપની બનાવીને લોકો સાથે કરોડોની ઠગાઈ કરવાની યોજના બનાવી રહ્યો હતો, જેના સંબંધિત દસ્તાવેજો પણ STFએ જપ્ત કર્યા છે.

ધરપકડ કરાયેલા આ નકલી અધિકારી પાસેથી મોટી માત્રામાં પુરાવાઓ જપ્ત કરવામાં આવ્યા છે. આ પુરાવાઓમાં નકલી ID, ચેક બુક, નકલી પોલીસ વેરિફિકેશન લેટર, ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ, પાન કાર્ડ, આધાર કાર્ડ અને વોટર ID કાર્ડ વગેરેનો સમાવેશ થાય છે. વધુમાં, તેના ટેબલેટમાંથી દિલ્હી બ્લાસ્ટને લગતો વીડિયો પણ મળી આવ્યો છે. હાલમાં, STF અને ઈન્ટેલીજન્સ એજન્સીઓના વરિષ્ઠ અધિકારીઓ તેની સઘન પૂછપરછ કરી રહ્યા છે.

STF(નોઈડા યુનિટ)ના અપર પોલીસ અધિક્ષક રાજકુમાર મિશ્રાના જણાવ્યા અનુસાર, ગઈ રાત્રે સબ-ઈન્સ્પેક્ટર અક્ષય પરમવીર કુમાર ત્યાગી અને તેમની ટીમને એક શંકાસ્પદ વ્યક્તિ વિશે માહિતી મળી હતી. આ વ્યક્તિ જુદી જુદી સોસાયટીઓમાં રહેતો હતો અને પોતાને ક્યારેક મેજર અમિત તો ક્યારેક ડિરેક્ટર રૉ તરીકે ઓળખાવતો હતો. દિલ્હીમાં થયેલા બોમ્બ બ્લાસ્ટના સંદર્ભમાં આ માહિતીને ગંભીરતાથી લઈને, STFની એક ટીમ દ્વારા ગ્રેટર નોઈડાની પેરામાઉન્ટ ગોલ્ફ ફોરેસ્ટ સોસાયટીમાં દરોડો પાડવામાં આવ્યો હતો.જ્યારે STFની ટીમ કથિત રૉ અધિકારીના ફ્લેટ પર પહોંચી, ત્યારે એક મહિલાએ દરવાજો ખોલ્યો. તે જ સમયે, ત્યાં એક વ્યક્તિ આવ્યો, જેણે પોતાનું નામ સ્વર્ગસ્થ બ્રજનંદન શાહના પુત્ર સુમિત કુમાર જણાવ્યું, ત્યારે તેના પર્સની તલાશી લેવામાં આવતા, તેમાંથી ભારત સરકારના કેબિનેટ સેક્રેટરીએટનું એક ID કાર્ડ મળી આવ્યું. આ કાર્ડ પર તેનું નામ સુમિત કુમાર અને હોદ્દો ડિરેક્ટર(ઓપરેશન), JIC નેશનલ સિક્યુરિટી કાઉન્સિલ(રિસર્ચ એન્ડ એનાલિસિસ સર્વિસ), રેક્ક જોઈન્ટ સેક્રેટરી સહિતની વિગતો(જેમ કે IC 7623 B, બ્લડ ગ્રુપ O પોઝિટિવ, જન્મ તારીખ ૨૫ માર્ચ ૧૯૮૮) હતી.

શંકાના આધારે STFએ રૉના વરિષ્ઠ અધિકારીઓને જાણ કરી, જેમણે સ્થળ પર તપાસ કરીને પુષ્ટિ કરી કે આ નામનો કોઈ વ્યક્તિ તેમના વિભાગમાં કાર્યરત નથી અને મળી આવેલું ID કાર્ડ નકલી છે. મકાનમાલકિન મંજુ ગુપ્તાનો સંપર્ક સાધતા, તેમણે જણાવ્યું કે તેમના ભાડુઆત મેજર અમિત કુમાર છે, જેમણે દિલ્હી પોલીસના ડેપ્યુટી કમિશનરના લેટરહેડ પર નકલી પોલીસ વેરિફિકેશન પણ કરાવ્યું હતું(જેની કોપી તેમણે WhatsApp દ્વારા મોકલી). બીજી તરફ, બિહારના છપરામાં ફરજ બજાવતા સુમિતની પત્ની (ન્યાયિક મેજિસ્ટ્રેટ)એ જણાવ્યું કે તેમના પતિ ગૃહ મંત્રાલયમાં ઈન્ટેલીજન્સમાં નિમણૂક પર છે.

### નક્સલી સંગઠનનો ટોચનો ટેક્નિકલ એક્સપર્ટ ઠાર

## સુરક્ષાદળોની મોટી કાર્યવાહી, હિડમા બાદ વધુ ૭ નક્સલીઓ ઠાર

**મૃત્યુ પામેલા નક્સલીઓમાં સંગઠનનો ટોચનો ઇન્ટેલિજન્ટ ઇલેક્ટ્રોનિક ડિવાઇસ(IED) એક્સપર્ટ મેત્તુરુ જોગારાવ ઉર્ફે ટેક શંકર પણ હતો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**અમરાવતી, તા.૧૯**

આંધ્રપ્રદેશના પૂર્વી ગોદાવરી જિલ્લાના મારેડુમિલ્લી અને જી.એમ. વાલસાના જંગલોમાં બુધવારે સવારે સુરક્ષા દળો અને નક્સલીઓ વચ્ચે થયેલી ભીષણ અથડામણમાં ૭ નક્સલી માર્યા ગયા છે. મંગળવારથી શરૂ કરાયેલા સંયુક્ત ઓપરેશનના ભાગરૂપે આ કાર્યવાહી કરવામાં આવી હતી. રાજ્યના ઈન્ટેલિજન્સ એડીજી મહેશ ચંદ્ર લડ્ડાએ પ્રેસ કોન્ફરન્સમાં પુષ્ટિ કરી હતી કે અથડામણ દરમિયાન ૪ પુરુષ અને ૩ મહિલા નક્સલીઓ ઠાર થયા છે.

મૃત્યુ પામેલા નક્સલીઓમાં સંગઠનનો ટોચનો ઈન્ટેલિજન્ટ ઈલેક્ટ્રોનિક ડિવાઈસ(IED) એક્સપર્ટ મેત્તુરુ જોગારાવ ઉર્ફે ટેક શંકર પણ હતો. તે આંધ્ર-ઓડિશા બોર્ડર સ્પેશિયલ ઝોનલ કમિટી (AOBSZC)નો એક મહત્ત્વપૂર્ણ સભ્ય હતો અને ટેક્નિકલ ઓપરેશન્સ માટે મુખ્યત્વે જવાબદાર ગણાતો હતો. સુરક્ષા એજન્સીઓ અનુસાર, ટેક શંકર એવો કેડર હતો જેણે છેલ્લા કેટલાક વર્ષોમાં છત્તીસગઢ અને આંધ્ર-ઓડિશા બોર્ડર(AOB) વિસ્તારમાં સુરક્ષા દળો પર થયેલા લગભગ બધા મોટા લેન્ડમાઈન અને IED હુમલાઓનું ડિઝાઈનિંગ અને અમલ કર્યો હતો. પોલીસના કહેવા મુજબ, તે હથિયારોનું ઉત્પાદન, સંચાર પ્રણાલી અને વિસ્ફોટક ઉપકરણોની રચનામાં નિષ્ણાત હતો. તેની આ જ વિશેષજ્ઞતાને કારણે તે સંગઠનની ટેક્નિકલ કરોડરજ્જુ તરીકે ઓળખાતો હતો. છેલ્લા કેટલાક મહિનાઓથી, આંધ્ર-ઓડિશા બોર્ડર વિસ્તારમાં નક્સલી ગતિવિધિઓ વધી રહી હોવાના અહેવાલો હતા. મળતી જાણકારી અનુસાર, નક્સલીઓ જંગલોની અંદર નવા ઠેકાણાઓ ઊભા કરી રહ્યા હતા, પોતાના કેડરને ફરી સક્રિય કરી રહ્યા હતા અને છત્તીસગઢ તરફથી નવા જૂથો રાજ્યની સરહદમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ માહિતીના આધારે, આંધ્ર પ્રદેશ ગ્રેહાઉન્ડ્સ અને અન્ય એજન્સીઓએ મંગળવારે મોટું સર્ચ ઓપરેશન શરૂ કર્યું. આ ઓપરેશનના પરિણામે, બુધવારે સવારે જી.એમ. વાલસા વિસ્તારમાં અથડામણ થઈ.

એડીજી લડ્ડાએ માહિતી આપી કે, અગાઉ ૧૭ નવેમ્બરે પણ સુરક્ષા દળોએ મારેડુમિલ્લી વિસ્તારમાં મોટી કાર્યવાહી કરી હતી, જેમાં કુખ્યાત નક્સલી નેતા હિડમા સહિત છ નક્સલીઓ ઠાર થયા હતા. તેમની પાસેથી મળેલી ગુપ્ત માહિતીને કારણે સંયુક્ત ટીમોને AOB વિસ્તારમાં ફેલાયેલા નક્સલી નેટવર્ક પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવાની દિશા મળી, જેના પગલે સતત ઘણા જિલ્લાઓમાં ઓપરેશન હાથ ધરવામાં આવ્યા.

એડીજી લડ્ડાના જણાવ્યા મુજબ, તાજેતરમાં NTR, કૃષ્ણા, કાકીનાડા, કોનસીમા અને એલુરુ જિલ્લાઓમાંથી ૫૦ નક્સલીઓની ધરપકડ કરવામાં આવી છે. પકડાયેલા લોકોમાં કેન્દ્રીય સમિતિ, રાજ્ય સમિતિ, એરિયા કમિટી અને પ્લાટૂન ટીમના સભ્યોનો સમાવેશ થાય છે. આ એક ઐતિહાસિક ઘટના છે, કારણ કે સંગઠનના કોર કેડરને આટલા મોટા પાયે એકસાથે પકડવામાં આવ્યા હોય તેવું આ પ્રથમ વખત બન્યું છે.

સુરક્ષા દળોએ આ અભિયાન દરમિયાન ૪૫ હથિયારો, ૨૭૨ કારતૂસ, બે મેગેઝીન, ૭૫૦ ગ્રામ વાયર તેમજ અનેક ટેક્નિકલ ઉપકરણો અને દસ્તાવેજો જપ્ત કર્યા છે. એડીજી લડ્ડાએ જણાવ્યું કે ફિલ્ડ સ્ટાફે કોઈ પણ નુકસાન વિના અને સંપૂર્ણ યોજના મુજબ આ ઓપરેશન સફળતાપૂર્વક પૂરું કર્યું છે. ઈન્ટેલિજન્સ વિભાગે સતત નક્સલીઓની ગતિવિધિઓ પર દેખરેખ રાખીને યોગ્ય સમયની રાહ જોઈ અને પછી નિર્ણાયક પગલું ભર્યું. આ અથડામણ એવા સમયે થઈ છે જ્યારે સુરક્ષા એજન્સીઓ હાઈ-અલર્ટ પર છે. તેમની આશંકા છે કે છત્તીસગઢમાં દબાણ વધ્યા પછી ઘણા નક્સલીઓ આંધ્ર પ્રદેશમાં આશરો લેવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ ઓપરેશનને માઓવાદી સંગઠનના ટેક્નિકલ માળખા અને નેતૃત્વ પર એક મોટો ફટકો માનવામાં આવે છે અને તે સુરક્ષા એજન્સીઓ માટે એક મહત્ત્વપૂર્ણ સફળતા છે.

## ત્રાસવાદ સામે ઝીરો ટોલેરન્સની આવશ્યકતાઃ વિદેશ મંત્રી જયશંકર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મોસ્કો, તા.૧૯**

આતંકવાદના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓ પ્રત્યે વિશ્વના દેશોને ઝીરો ટોલેરન્સની હાંકલ કરતાં ભારતના વિદેશ પ્રધાન એસ જયશંકરે જણાવ્યું હતું કે, ત્રાસવાસને ક્યારેય ન્યાયી ઠેરવી શકાય નહીં, તેના તરફથી નજર પણ ફેરવી શકાય નહીં અથવા ઢાંકપિછોડો કરી શકાય નહીં. મોસ્કોમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) કાઉન્સિલ ઓફ હેડ્સ ઓફ ગવર્નમેન્ટ મીટિંગમાં પોતાના સંબોધનમાં તેમણે જણાવ્યું હતુ કે ભારતે દર્શાવ્યું છે કે આપણને આતંકવાદ સામે આપણા લોકોનો બચાવ કરવાનો અધિકાર છે અને અમે તેનો ઉપયોગ કરતાં રહીશું. SCO એ બદલાતા વૈશ્વિક પરિદૃશ્યને અનુરુપ બનવું જોઈએ, એજન્ડાને વિસ્તૃત બનાવવો જોઈએ અને કાર્યપદ્ધતિમાં સુધારો કરવો જોઈએ. આ ઉદ્દેશ્યોને હાંસલ કરવામાં અમે સકારાત્મક અને સંપૂર્ણ યોગદાન આપીશું. જયશંકરે જણાવ્યું હતુ કે આપણે ક્યારેય ન ભૂલવું જોઈએ કે SCOની સ્થાપના આતંકવાદ, અલગતાવાદ અને ઉગ્રવાદના ત્રણ દૂષણોનો સામનો કરવા માટે કરવામાં આવી હતી. આ ખતરા છેલ્લા કેટલાંક વર્ષોમાં વધુ ગંભીર બન્યા છે.

### એરપોર્ટ પર NIAએ કરી ધરપકડ

## લોરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલને ભારત લવાયો

**અનમોલ પર NCP નેતા બાબા સિદ્દીકી, પંજાબી ગાયક મૂસેવાલાની હત્યાનો આરોપ છે : અન્ય લોકોને પણ લવાયા**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૯**

બોલીવુડ અભિનેતા સલમાન ખાનના ઘર બહાર ફાયરિંગ અને બાબા સિદ્દીકી હત્યા કાંડના આરોપી ગેંગસ્ટર અનમોલ બિશ્નોઈને આજે અમેરિકાથી ભારત લાવવામાં આવ્યો છે. લોરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલને અમેરિકાથી ડિપોર્ટ કરવામાં આવ્યો છે અને આજે તે દિલ્હી એરપોર્ટ પહોંચ્યો, જ્યાં NIA એ તેની ધરપકડ કરી છે. તેની સાથે અન્ય ડિપોર્ટ કરાયેલા લોકોને પણ આ ફ્લાઈટ દ્વારા ભારત લાવવામાં આવ્યા છે.

અમેરિકામાં રહેતો અનમોલ બિશ્નોઈ ૨૦૨૨ થી ફરાર છે. તે તેના જેલમાં બંધ ભાઈ લોરેન્સ બિશ્નોઈ દ્વારા સંચાલિત આતંકવાદી સિન્ડિકેટમાં ૧૯મો આરોપી છે.

NIA એ માર્ચ ૨૦૨૩ માં તેની વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી હતી. NIA ની તપાસ મુજબ, અનમોલે ૨૦૨૦ થી ૨૦૨૩ વચ્ચે અનેક આતંકવાદી હુમલાઓને અંજામ આપવામાં ગોલ્ડી બ્રાર અને લોરેન્સ બિશ્નોઈને સીધી મદદ કરી હતી. તે ભારતમાં વિવિધ ઘટનાઓના આયોજનમાં સામેલ હતો અને કાવતરામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

અનમોલે યુએસમાંથી બિશ્નોઈ ગેંગના નેટવર્કનું સંચાલન કર્યું હતું. તે ગેંગના શૂટર્સ અને ગ્રાઉન્ડ ઓપરેટિવ્સને નિર્દેશિત કરતો હતો, તેમને આશ્રય અને લોજિસ્ટિકલ સપોર્ટ પૂરો પાડતો હતો.

તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે અનમોલ ભારતમાં વિદેશમાંથી પૈસા પડાવતો હતો. આ કરવા માટે, તેણે અન્ય ગેંગસ્ટરોની મદદ લીધી અને ગેંગની પ્રવૃત્તિઓનું સંકલન કર્યું.

અનમોલ બિશ્નોઈ પર ઘણા હાઈ -પ્રોફાઈલ કેસની તપાસ બાકી છે. કેન્દ્ર સરકાર તે નક્કી કરશે કે તેની આગળની કસ્ટડી કઈ એજન્સીને આપવામાં આવશે. મહારાષ્ટ્ર પોલીસના એક અધિકારીએ જણાવ્યું કે અનમોલ સલમાન ખાનના ગેલેક્ટ્રી એપાર્ટમેન્ટ પર એપ્રિલ ૨૦૨૪મા થયેલા ફાયરિંગ કેસમાં પણ વોન્ટેડ છે. મુંબઈ પોલીસ પણ તેને પોતાની કસ્ટડીમાં લેવા માટે કોર્ટમાં અરજી કરશે.

મુંબઈ પોલીસે અનમોલના પ્રત્યર્પણ માટે બે પ્રસ્તાવ મોકલ્યા હતા અને દેશભરમાં તેની વિરુદ્ધ ઘણા કેસ નોંધાયેલા છે. આ મહિનાની શરૂઆતમાં એજન્સીઓને જાણકારી મળી હતી કે અનમોલ જે અમેરિકા અને કેનેડા વચ્ચે પોતાનું કોલેશન બદલતો રહે છે. તેની કેનેડામાં અટકાયત કરવામાં આવી છે. તેની પાસે નકલી દસ્તાવેજ પર બનેલો રશિયન પાસપોર્ટ પણ મળવાની જાણકારી સામે આવી છે. પાછલા વર્ષે નવેમ્બરમાં અમેરિકામાં તેની અટકાયત કરવામાં આવી હતી.

અનમોલ બિશ્નોઈનું નામ ૨૦૨૨માં પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલાના હત્યા કેસમાં પણ સામે આવ્યું હતું. આ દરમિયાન, NCP નેતા અને સ્વર્ગસ્થ બાબા સિદ્દીકીના પુત્ર ઝીશાન સિદ્દીકીએ કહ્યું કે, તેમને એક ઈમેલ મળ્યો હતો જેમાં તેમને જાણ કરવામાં આવી હતી કે અનમોલને ભારત મોકલવામાં આવી રહ્યો છે. ઝીશાને કહ્યું કે અનમોલને ભારત લાવવામાં આવે અને તેના ગુનાઓ માટે સજા આપવામાં આવે.

## ઢાકામાં આંતરિક હિંસાને પગલે ભારતીય તીરંદાજો એરપોર્ટ પર દસ કલાક ફસાયા

**ભારતની તિરંદાજોની આ ટીમમાં સાત મહિલા ખેલાડીઓ પણ હતી. તમામ મહિલા ખેલાડીઓને એક જ રૂમમાં રાખવામાં આવી હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલકાતા, તા.૧૯**

બાંગ્લાદેશના ઢાકામાં યોજાયેલી એશિયન તીરંદાજી (આર્ચરી) ચેમ્પિયનશિપમાં ભાગ લેવા ગયેલા ભારતના તીરંદાજો આ ઈવેન્ટ બાદ વતન પરત ફરી રહ્યા હતા ત્યારે તેમને ગંભીર સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. તાજેતરમાં ઢાકામાં થયેલી હિંસાને પગલે ભારતીય તીરંદાજોને લગભગ દસ કલાક સુધી એરપોર્ટ પર જ ફસાયેલા રહેવું પડ્યું હતું. આ ઉપરાંત બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં કોઇ પણ સુરક્ષા વિના તેમને સ્થાનિક બસમાં બેસાડી દેવામાં આવ્યા હતા. આટલું ઓછું હોય તેમ સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન તીરંદાજોને સાવ નીચલા સ્તરની એક હોટેલમાં રોકાવાની ફરજ પડી હતી.

ભારતના ૨૩ તીરંદાજોની ટીમના ૧૧ સદસ્ય ફ્લાઈટ ઉપડવામાં થઈ રહેલા વારંવારના વિલંબથી પરેશાન હતા તેમાં બે ટિનએજર એથ્લેટ પણ સામેલ હતા. જે એરલાઈન્સની ટિકિટ બુક કરવામાં આવી હતી તેના તરફથી પણ કોઈ વ્યવસ્થિત જવાબ આપવામાં આવતો ન હતો. દિલ્હી માટેની ફ્લાઈટ પકડવા તીરંદાજો રાત્રે સાડા નવ કલાકે ઢાકા ઈન્ટરનેશનલ એરપોર્ટ પહોંચી ગયા હતા. ફ્લાઈટમાં બોર્ડિંગ થયા બાદ તેમને જાણ કરવામાં આવી હતી કે વિમાનમાં ટેન્કિકલ સમસ્યા થઈ હોવાને કારણે હાલ વિમાન ઉડી શકે તેવી સ્થિતિમાં નથી. રાત્રે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા પણ કરવામાં આવી ન હતી અને ફ્લાઈટ કેન્સલ કરવામાં આવી છે તેવી જાહેરાત કરાયા બાદ ટીમ એરપોર્ટની બહાર આવી ગઈ હતી.

આ સંજોગોમાં ટીમ એરપોર્ટની બહાર નીકળતા જ તેમની મુશ્કેલીઓમાં વધારો થયો હતો. ખેલાડીઓને ખુલ્લી (બારી વિનાની) સ્થાનિક બસમાં બેસાડી દેવામાં આવ્યા હતા અને લગભગ અડધો કલાકનું ટ્રાવેલિંગ કર્યા બાદ તેમને એક નીચલા સ્તરની ધર્મશાળા કહી શકાય તેવી હોટેલમાં મોકલી દેવામાં આવ્યા હતા. ભારતની તિરંદાજોની આ ટીમમાં સાત મહિલા ખેલાડીઓ પણ હતી. તમામ મહિલા ખેલાડીઓને એક જ રૂમમાં રાખવામાં આવી હતી. બીજા દિવસે સવારે ૧૧.૦૦ કલાકે તેમને એરપોર્ટ રવાના કરાયા બાદ ફ્લાઈટમાં બેસાડવામાં આવ્યા હતા અને તેઓ ભારત પરત ફર્યા હતા.

### હમાસ સાથે આર-પારના મુડમાં નેતન્યાહૂ!

# ઈઝરાયલે દક્ષિણ લેબનોનમાં કરી એરસ્ટ્રાઈક, ૧૩ના મોત

## ઇઝરાયલે દાવો કર્યો હતો કે લક્ષ્ય હમાસના સભ્યો હતા, જ્યારે હમાસે આરોપોને જૂઠાણા અને બનાવટી ગણાવ્યા



(સંપૂર્ણ સમાચાર સેવા)

**લેબનોન, તા.૧૯**

દેશના આરોગ્ય મંત્રાલયે પુષ્ટિ આપી કે દક્ષિણ લેબનોનમાં પેલેસ્ટિનિયન શરણાર્થી શિબિર નજીક ઈઝરાયલી હવાઈ હુમલામાં ઓછામાં ઓછા ૧૩ લોકો માર્યા ગયા હતા. ઈઝરાયલે દાવો કર્યો હતો કે લક્ષ્ય હમાસના સભ્યો હતા, જ્યારે હમાસે આ આરોપોને "જૂઠાણા અને બનાવટી" ગણાવીને ફગાવી દીધા હતા.

ઈઝરાયલી સૈન્ય (IDF) એ કહ્યું કે, તેણે ઈન અલ-હિલવેહ વિસ્તારમાં હમાસના "તાલીમ સંકુલ" ને નિશાન બનાવ્યું. તેમના મતે, આ સ્થળનો ઉપયોગ ઈઝરાયલ પર હુમલાઓની યોજના બનાવવા અને અમલમાં મૂકવા માટે થઈ રહ્યો હતો. હમાસે જવાબ આપતા કહ્યું કે, દાવો સંપૂર્ણપણે બનાવટી છે અને પેલેસ્ટિનિયન શિબિરોમાં તેમનો કોઈ લશ્કરી જગ્યા નથી.

લેબનીઝ આરોગ્ય મંત્રાલયે અહેવાલ આપ્યો કે મૃતકો ઉપરાંત ઓછામાં ઓછા ચાર લોકો ઘાયલ થયા છે. સોશિયલ મીડિયા પરના વીડિયોમાં એઈન અલ-હિલ્વે કેમ્પની સાંકડી શેરીઓમાંથી એમ્બ્યુલન્સ ઝડપથી દોડી રહી હતી, જેમાં આ વિસ્તારમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા હતા. અહેવાલો દર્શાવે છે કે હુમલો એક મસ્જિદની બહાર થયો હતો, જ્યાં સામાન્ય રીતે રાત્રે ભીડ હોય છે.

હમાસે હુમલાની નિંદા કરતા કહ્યું કે, ઈઝરાયલી લક્ષ્ય ખરેખર એક ખુલ્લું રમતનું મેદાન હતું, લશ્કરી જગ્યા નહીં. IDF એ કહ્યું કે, તેણે હુમલા પહેલા નાગરિક જાનહાનિ અટકાવવા માટે "ચોકસાઈવાળા શસ્ત્રો, હવાઈ દેખરેખ અને વધારાની ગુપ્ત માહિતી"નો ઉપયોગ કર્યો હતો.

૭ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ, હમાસે ગાઝાથી દક્ષિણ ઈઝરાયલ પર હુમલો શરૂ કર્યો, જેમાં ૧,૨૦૦ લોકો માર્યા ગયા અને ૨૫૧ લોકોને બંધક બનાવ્યા. ગાઝાના હમાસ સંચાલિત આરોગ્ય મંત્રાલય અનુસાર, ઈઝરાયલી બદલો લેવાના પરિણામે ગાઝામાં અત્યાર સુધીમાં ૬૯,૧૬૯ પેલેસ્ટિનિયનોના મોત થયા છે. હમાસના હુમલાના બીજા દિવસે, લેબનોન સ્થિત, ઈરાન સમર્થિત સંગઠન હિઝબુલ્લાહે ઈઝરાયલ પર રોકેટ છોડ્યા. આનાથી ૧૩ મહિના સુધી ચાલેલા સંઘર્ષની શરૂઆત થઈ, જે ઓક્ટોબર ૨૦૨૪માં ભારે ઈઝરાયલી બોમ્બમારા અને જમીન કાર્યવાહી સાથે વધુ તીવ્ર બન્યો.

લેબનીઝ અધિકારીઓ કહે છે કે, આ સંઘર્ષમાં આશરે ૪,૦૦૦ લોકો માર્યા ગયા છે, જેમાં મોટી સંખ્યામાં નાગરિકોનો સમાવેશ થાય છે, અને ૧.૨ મિલિયનથી વધુ લોકોને તેમના ઘર છોડવાની ફરજ પડી છે. ઈઝરાયલનો દાવો છે કે આ હુમલાઓમાં તેના ૮૦ સૈનિકો અને ૪૭ નાગરિકો માર્યા ગયા હતા.

# રાફેલ વિરુદ્ધ આ કારણસર ચલાવ્યું હતું ફેક કેમ્પેઈન : અમેરિકી રિપોર્ટે ચીન અને પાક.ના જુઠ્ઠાણાની પોલ ખોલી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વોશિંગ્ટન, તા.૧૯**

ભારત અને પાકિસ્તાન વચ્ચે મે ૨૦૨૫માં ઓપરેશન સિંદૂર દરમિયાન સૈન્ય સંઘર્ષ થયો તો તેની ચર્ચા દુનિયાભરમાં થઈ. ફક્ત યુદ્ધ અને તેના કારણો જ નહીં પરંતુ તેમાં ઉપયોગમાં લેવાયેલા હથિયારો વિશે પણ ખુબ ચર્ચા થઈ. ભારતના સુદર્શન ચક્રથી લઈને બ્રહ્મોસ મિસાઈલોએ પોતાનો દમ દેખાડ્યો. જ્યારે પાકિસ્તાને તો પોતાની ઈજ્જત બચાવવા માટે ભારતીય સેનાના ફાઈટર વિમાનો તોડી પાડ્યાના દાવા કર્યા. જો કે હવે એક અમેરિકી રિપોર્ટે સ્પષ્ટ કર્યું છે કે રાફેલવાળા પાકિસ્તાની દાવા ફેક હતા અને તેની પાછળ એક મોટું ષડયંત્ર હતું.

અમેરિકાના એક રિપોર્ટમાં દાવો કરાયો છે કે મે ૨૦૨૫માં ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા ચાર દિવસના સૈન્ય સંઘર્ષને ચીને તક બનાવી દીધો. તેના દ્વારા ચીને પોતાના હથિયારોની ક્ષમતા દેખાડવાની ભરપૂર કોશિશ કરી અને રાફેલ વિશે પણ ફેક ન્યૂઝ ફેલાવ્યા. અમેરિકાના રિપોર્ટ મુજબ પાકિસ્તાને આ દરમિયાન ચીનના હથિયારોનો ઉપયોગ કર્યો અને ફ્રેન્ચ ફાઈટર જેટના માર્કેટ ખરાબ કરવાની કોશિશ કરી. આ રિપોર્ટમાં કહેવાયેલા તથ્યોને જો કે પાકિસ્તાન અને ચીન બંનેએ ફગાવ્યા છે.

રિપોર્ટ દર્શાવે છે કે ભારત પર નિશાન લગાવવા માટે ચીને સિક્રેટ માહિતીનો સહારો પણ લીધો. આ જ કારણ હતું કે આ ઘર્ષણમાં બંને દેશોએ એક બીજાની સરહદની અંદર સુધી હુમલા કર્યા. જે છેલ્લા ૫૦ વર્ષમાં સૌથી વધુ હતા. રિપોર્ટ કહે છે કે ચીને આ સંઘર્ષનો ઉપયોગ પોતાના આધુનિક હથિયારો જેમ કે HQ-9 એર ડિફેન્સ સિસ્ટમ, PL-15 મિસાઈલ અને J-10 ફાઈટર વિમાનને લાઈવ બેટલ ટેસ્ટ કરવા તરીકે કર્યા. ચીન આમ પણ પહેલેથી જ પાકિસ્તાનનો સૌથી મોટો હથિયાર સપ્લાયર છે.- ૨૦૧૯ થી ૨૦૨૩ વચ્ચે પાકિસ્તાનની ૮૨% હથિયાર ખરીદી ચીન પાસેથી થઈ. સંઘર્ષ બાદ પણ ચીને પાકિસ્તાનને J-35 ફાઈટર જેટ, KJ-500 એરક્રાફ્ટ અને મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ વેચવાની રજૂઆત કરી નાખી.

રિપોર્ટ એ પણ દર્શાવે છે કે ચીને સોશિયલ મીડિયા પર ફેક એકાઉન્ટ્સ દ્વારા ફ્રાન્સના રાફેલ વિમાનો વિરુદ્ધ દુષ્પ્રચાર કર્યો જેથી કરીને પોતાના J-35 વિમાનનું વેચાણ વધારી શકાય. એવું કહેવાય છે કે આ દુષ્પ્રચારની અસર ઈન્ડોનેશિયા પર પડી અને તેણે રાફેલ ખરીદીની પ્રક્રિયા રોકી. બધુ મળીને રિપોર્ટમાં દાવો છે કે ચીને આ સમગ્ર સંકટનો પોતાની સૈન્ય અને હથિયાર બજારમાં હાજરી વધારવા માટે ઉપયોગ કર્યો.

# જાપાનનો ચલણી યેન યૂરોની સરખામણીમાં ૧૮૦ સુધી ઘટયો



(સંપૂર્ણ સમાચાર સેવા)

**ટોક્યો, તા.૧૯**

જાપાનની આર્થિક સ્થિતિને લઈને એક મુદ્રા વેપારીઓની ચિંતાને લઈને યેન યૂરોની સરખામણીમાં ન્યૂનતમ સ્તરે પહોંચાડી દીધો છે. પ્રાપ્ત માહિતી અનુસાર ૧૯૯૯માં યુરો મુદ્રાનું અસ્તિત્વ આવ્યા પછી જાપાનના યેન સાથે પ્રથમવાર બન્યું છે. જાપાનના મહિલા વડાપ્રધાન તાકાઈચિ સાનાઈએ આર્થિક પેકેજ ખૂબ ઝડપથી આવતા સપ્તાહમાં બહાર પાડી શકે છે. જાપાનના અર્થતંત્ર અને કરન્સીને મજબૂત બનાવવા માટે પેકેજ મોટું હોવાનું માનવામાં આવે છે.

ન્યૂયોર્કમાં જાપાની મુદ્રા યેન નબળી પડતા અને કેટલાક સમય માટે યૂરોની સરખામણીમાં ૧૮૦ યેનના સ્તર પર પહોંચી હતી. બજારના કારોબારીઓનું માનવું છે કે ડિસેમ્બરમાં બેંક ઓફ જાપાનની આગામી નીતિગત બેઠકમાં વ્યાજદરોમાં કોઈ વૃધ્ધિ થશે નહી. સોમવારે ન્યૂયોર્કમાં ડોલરની સરખામણીમાં યેનની કિંમતમાં ઘટાડો થયો હતો એ સમયે યેન ૧૫૫ના નિચેલા સ્તરે હતો. નિષ્ણાતોનું માનવું છે કે, રોકાણકારો તાકાઈચિના આર્થિક ઉપાયો અને આર્થિક પોષણ આપવાની યોજના પર નજર રાખી રહયા છે.

### ઓસ્ટ્રેલિયાના સિડનીમાં કાર અકસ્માત

# ૮ મહિનાથી ગર્ભવતી ભારતીય મહિલા અને બાળકનું મોત

## પેરામેડિક્સે ઘટનાસ્થળે જ સમન્વયાની સારવાર કરી અને ત્યારબાદ તેને વેસ્ટમીડ હોસ્પિટલમાં લઈ જવામાં આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**સિડની, તા.૧૯**

ઓસ્ટ્રેલિયાના સિડનીમાંથી એક અત્યંત ચોંકાવનારા અને હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. અહીં એક કાર અકસ્માતમાં ભારતીય મૂળની 33 વર્ષીય સગર્ભા મહિલા અને તેના ગર્ભમાં રહેલા બાળકનું કરૂણ મૃત્યુ થયું છે.

સ્થાનિક મીડિયા રિપોર્ટ મુજબ, ઓસ્ટ્રેલિયન અધિકારીઓએ આ ઘટનાની જાણકારી આપી છે.એક અહેવાલ મુજબ, 33 વર્ષીય સમન્વયા ધારેશ્વર, જેઓ આઠ મહિનાના ગર્ભવતી હતા, તે શુક્રવારે સિડનીના હોર્ન્સબી ઉપનગરમાં પોતાના પતિ અને ત્રણ વર્ષના પુત્ર સાથે પગપાળા જઈ રહ્યા હતા. આ દરમિયાન, એક 'કિયા કાર્નિવલ' કાર તેમને રસ્તો ઓળંગવા દેવા માટે ધીમી પડી.તે જ સમયે, 19 વર્ષીય એરોન પાપાજોગ્લુ દ્વારા ચલાવવામાં આવી રહેલી એક BMW સેડાન કારે કથિત રીતે પાછળથી 'કિયા'ને ટક્કર મારી. આ જોરદાર ટક્કરને કારણે 'કિયા' કાર આગળની તરફ ઉછળી અને સીધી સમન્વયા સાથે અથડાઈ.

અકસ્માત બાદ તરત જ ઈમરજન્સી સેવાઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પેરામેડિક્સે ઘટનાસ્થળે જ સમન્વયાની સારવાર કરી અને ત્યારબાદ તેને વેસ્ટમીડ હોસ્પિટલમાં લઈ જવામાં આવી. પરંતુ, તમામ પ્રયાસો છતાં ડોક્ટરો સમન્વયા અને તેના અજાત બાળક, બંનેમાંથી કોઈને પણ બચાવી શક્યા નહીં.

આ દુર્ઘટનાએ એક હસતા-રમતા પરિવારને વિખેરી નાખ્યો છે. સમન્વયા માત્ર થોડા અઠવાડિયામાં જ પોતાના બીજા બાળકને જન્મ આપવાની હતી. ઓસ્ટ્રેલિયન પોલીસ આ મામલે 19 વર્ષીય BMW ચાલક વિરુદ્ધ તપાસ કરી રહી છે.




### ૧૬ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ ઓટીટી પર રિલીઝ થશે

# રિતેશ, વિવેક અને આફતાબની મસ્તી ૪ ઓટીટી પર ધૂમ મચાવશે




## ફિલ્મમાં શ્રેયા શર્મા, રૂહી સિંહ, એલનમ નોરોઝી અને નિશાંત મલકાની વિવેક, આફતાબ અને તુષાર સાથે મહત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવે છે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૧૯**

રિતેશ દેશમુખ, વિવેક ઓબેરોય અને આફતાબ શિવદાસાની ફરી એકવાર એક ડાર્ક કોમેડી ફિલ્મ સાથે પરત ફરી રહ્યા છે. તેમની ફિલ્મ, મસ્તી ૪, ટૂંક સમયમાં સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. આ મસ્તી ફ્રેન્ચાઇઝની ચોથી ફિલ્મ છે અને ૨૧ નવેમ્બરના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. આ ફિલ્મ ત્રણેયને ફરીથી જોડશે. લોકો મસ્તી ૪ માટે ખૂબ જ ઉત્સાહિત છે અને તેની રિલીઝ પહેલા જ તેની ઓટીટી રિલીઝ વિશે જાણવા માટે ઉત્સુક છે.




ફિલ્મ થિયેટરમાં રિલીઝ થયા પછી, અહેવાલો સૂચવે છે કે આ ફિલ્મ ૧૬ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ થવાની છે. અહેવાલ મુજબ, મસ્તી ૪ ૧૬ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ થશે. જોકે, નિર્માતાઓ કે ઓટીટી પ્લેટફોર્મ બંનેએ હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી જાહેર કરી નથી.

મસ્તી ૪ વિશે વાત કરીએ તો, તે ત્રણ મિત્રોની વાર્તા છે જેઓ તેમના લગ્ન જીવનથી કંટાળી જાય છે અને પછી અફેરમાં જોડાય છે. જ્યારે તેઓ ગુનાહિત પ્રવૃત્તિમાં ફસાઈ જાય છે ત્યારે તેમની મુશ્કેલીઓ વધુ ખરાબ થાય છે. આ વખતે, વાર્તા વધુ ખાસ બનવાની છે, કારણ કે ત્રણેય પતિઓની પત્નીઓ પણ તેમના અફેરમાં ફસાઈ ગઈ છે. તેમની પત્નીઓને પણ અફેર હોવાનું દર્શાવવામાં આવ્યું છે. મસ્તી ૪ ની સ્ટાર કાસ્ટ વિશે વાત કરીએ તો, શ્રેયા શર્મા, રૂહી સિંહ, એલનમ નોરોઝી અને નિશાંત મલકાની વિવેક, આફતાબ અને તુષાર સાથે મહત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવે છે. આ ફિલ્મનું નિર્દેશન મિલાપ ઝવેર દ્વારા કરવામાં આવ્યું છે.

# પ્રભાસની ફૌજીમાં કાંતારાની કોપી જેવા બે ભાગ આવશે




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૧૯**

મૈથી મૂવી મેકર્સે પોતાની આગામી ફિલ્મ 'ફૌજી'ને બે ભાગમાં રીલિઝ કરવાની ઘોષણા કરી છે. જેનું દિગ્દર્શન હનુ રાઘવપુડીનું છે અને મુખ્ય રોલમાં પ્રભાસ જોવા મળવાનો છે. આ ફિલ્મના બે ભાગની ઘોષણા કરવાની સાથેસાથે જણાવવામાં આવ્યું છે કે, ફિલ્મનો બીજો ભાગ પ્રીકવલ હશે. આ ફિલ્મમાં પ્રભાસ એક સૈનિકના રોલમાં જોવા મળશે. એક રીતે 'ફૌજી'માં 'કાંતારા'ની નકલ કરવામાં આવી છે. 'કાંતારા'માં પણ પહેલા ભાગ પછી સીકવલ રજૂ થઈ હતી જેમાં પહેલા ભાગના આગળના સમયની કથા કહેવાઈ હતી. રાઘવપુડીએ કહ્યું હતું કે, આ ફિલ્મ એક સૈનિકની વીરતા પર છે. તેમાં અનેક સેનાનીઓની ગાથા દર્શાવવામાં આવશે.




# બોલિવૂડ એક્ટ્રેસ કંગના રનૌત ગીરમાં, ગુજરાત પર અભિભૂત થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા) **અમદાવાદ, તા.૧૯**

હિન્દી ફિલ્મોની જાણીતી અભિનેત્રી અને ભાજપની સાંસદ કંગના રણૌટ સૌરાષ્ટ્રના સાસણ ગીરની મુલાકાતે આવી હતી. કંગના પોતાના ભાણેજ પૃથ્વી સાથે આવી હતી અને અહીં તેણે સફારી પાર્કની મુલાકાત લીધી હતી. સવારે કંગનાએ ગીરના એશિયાટિક સિંહ જોયા હતા અને પોતાના આ અનુભવને સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો.



સાસણ ગીરના વન વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર કંગના મંગળવારે સવારે તેની મોટી બહેનના દીકરા પૃથ્વી સાથે સફારી પાર્કમાં ફરવા ગઈ હતી. તેણે ખુલ્લી જીપ્સીમાં બેસી લગભગ બે કલાક આ વિસ્તારમાં વિતાવ્યાં હતાં. કંગનાએ બે સિંહ અને એક સિંહણ જોયા હતા અને આ અનુભવથી તે ખુશ થઈ ગઈ હતી. અભિનેત્રીએ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર ગુજરાતને અદભૂત કહ્યું હતું અને અહીંની સુંદરતા, સંસ્કૃતિ ને પ્રામાણિકતાને વખાણી હતી. સાંસદ બન્યાં બાદ ફિલ્મોથી દૂર થઈ છે. તેની ફિલ્મ ઈમરજન્સી બોક્સ ઓફિસ પર ચાલી ન હતી. કંગના હિમાચલ પ્રદેશના મંડીથી ભાજપની ટિકિટ પર જીતી હતી. જોકે ઘણીવાર વિવાદાસ્પદ નિવેદનોને લીધે લાઈમલાઈટમાં આવતી રહે છે.

### ધાર્મિક લાગણીને ઠેસ પહોંચાડવાના આરોપ સાથે ડિરેક્ટર વિરૂદ્ધ FIR

# એસએસ રાજામૌલી ભગવાન હનુમાન પર ટિપ્પણી કરી મુશ્કેલીમાં મુકાયા

(સંપૂર્ણ સમાચાર સેવા) **હૈદરાબાદ, તા.૧૯**

"RRR" અને "બાહુબલી" જેવી બ્લોકબસ્ટર ફિલ્મો માટે વિશ્વભરમાં જાણીતા દિગ્દર્શક એસએસ રાજામૌલી તાજેતરમાં સમાચારમાં છે. હૈદરાબાદમાં તેમની નવી ફિલ્મ "વારાણસી"ની ઈવેન્ટ દરમિયાન એસએસ રાજામૌલીએ આપેલા નિવેદનથી વિવાદ ઊભો થયો છે. મહેશ બાબુ, પ્રિયંકા ચોપરા જોનાસ અને પૃથ્વીરાજ સુકુમારન અભિનીત ફિલ્મનું પહેલું ટીઝર 15 નવેમ્બરના રોજ આ કાર્યક્રમમાં રિલીઝ થયું હતું. આ દરમ્યાન રાજામૌલીના નિવેદનથી દર્શકો ગુસ્સે થયા છે અને દિગ્દર્શકની જોરદાર ટીકા થઈ રહી છે. રાજામૌલીનું નિવેદન તેમને ભારે પડ્યું છે, અને તેમની સામે FIR દાખલ કરવામાં આવી છે. લોકોનું કહેવું છે કે, તેમણે હિન્દુઓની ભાવનાઓને ઠેસ પહોંચાડી છે.ભગવાન વિશે રાજામૌલીની ટિપ્પણી સોશિયલ મીડિયા પર વાયરલ થઈ હતી અને ઘણા લોકોએ કહ્યું હતું કે તેનાથી હિન્દુઓની ભાવનાઓને ઠેસ પહોંચી છે. આજે વાનર સેના સંગઠને સરૂરનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેમાં આરોપ લગાવ્યો હતો કે ફિલ્મ નિર્માતાએ ભગવાન હનુમાન વિશે વિવાદાસ્પદ ટિપ્પણી કરીને વિવાદ ઊભો કર્યો છે. પોલીસે જણાવ્યું કે હજુ સુધી કેસ નોંધ્યો નથી, પરંતુ ફરિયાદ મળ્યા બાદ તપાસ ચાલી રહી છે.

રાજામૌલીની આ ટિપ્પણી એવા સમયે આવી હતી જ્યારે શોમાં ટેકનિકલ મુશ્કેલીઓ આવતી હતી. તેમણે કહ્યું, "હું ભગવાનમાં બહુ માનતો નથી. મારા પિતાએ કહ્યું હતું કે ભગવાન હનુમાન મારી સમસ્યાઓનું નિરાકરણ લાવશે, પણ જ્યારે આ સમસ્યા ઊભી થઈ, ત્યારે મેં ગુસ્સામાં કહ્યું, "શું તે આ રીતે મદદ કરે છે? મારી પત્ની હનુમાનને મિત્ર માને છે, પણ તે ક્ષણે, મેં કાબૂ ગુમાવી દીધો. "વિડંબના એ છે કે, ટેકનિકલ સમસ્યાઓના કારણે મોડી રિલીઝ થયેલી ફિલ્મ વારાણસીના ટીઝરમાં ત્રેતાયુગથી પ્રેરિત એક દ્રશ્યમાં ભગવાન હનુમાનની એક નાની ઝલક બતાવવામાં આવી છે. આ ફિલ્મ એક સાહસિક ફિલ્મ હોવાનું કહેવાય છે, જે પૌરાણિક કથાઓને આધુનિક સ્ટોરી સાથે જોડે છે અને પ્રાચીન કાળના છુપાયેલા ખજાનાને શોધે છે. હજારો ચાહકોની હાજરીમાં આયોજિત આ 'ગ્લોબ ટ્રોટર' કાર્યક્રમમાં મહેશ બાબુનો ફર્સ્ટ લુક અને ફિલ્મનું શીર્ષક પણ રજૂ કરવામાં આવ્યું. 'વારાણસી'માં પ્રિયંકા ચોપરા "મંદાકિની" અને પૃથ્વીરાજ સુકુમારન "કુંભા" તરીકે જોવા મળશે. આ ફિલ્મ 2027માં સંક્રાંતિ પર રિલીઝ થવાની છે.

# ધનુષના મેનેજર પર કાસ્ટિંગ કાઉચના પ્રયાસનો આરોપ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૧૯**

ધનુષની ફિલ્મ 'તેરે ઈશ્ક મેં' ટૂંક સમયમાં રિલીઝ થવાની છે. તેવામાં સાઉથ સુપરસ્ટારના મેનેજર પર ગંભીર આરોપ લાગ્યા છે. તમિલ એક્ટ્રેસ માન્યા આનંદે દાવો કર્યો છે કે, શ્રેયસ નામનો એક વ્યક્તિ, જે પોતાને સાઉથ સુપરસ્ટાર ધનુષનો મેનેજર હોવાનો દાવો કરે છે, તેણે તેની સાથે કાસ્ટિંગ કાઉચ કરવાનો પ્રયાસ કર્યો હતો.

તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં માન્યાએ કહ્યું હતું કે, શ્રેયસ તેની સાથે લાંબા સમયથી એડજસ્ટમેન્ટ અંગે વાટાઘાટો કરી રહ્યો હતો અને કામ આપવાના નામે અયોગ્ય માંગણીઓ પણ કરી રહ્યો હતો. તમિલ વેબસાઈટ 'સિનેઉલાગમ'સાથેના એક ઈન્ટરવ્યૂમાં એક્ટ્રેસે વિગતવાર જણાવ્યું કે, કેવી રીતે શ્રેયસે તેનો અને અન્ય કલાકારોનો સંપર્ક કર્યો અને તેમને ધનુષ સાથે જોડાયેલા એક નવા ફિલ્મ પ્રોજેક્ટમાં ભૂમિકાઓ ઓફર કરી. આ દરમિયાન શ્રેયસે એવી માંગણીઓ કરી, જે તેને વાંધાજનક લાગી.

માન્યાએ જણાવ્યું કે, શ્રેયસે તેને કહ્યું હતું કે, તે એક એડજસ્ટમેન્ટ અને કમિટમેન્ટ છે. આના પર, તેણે પૂછ્યું, 'કેવા પ્રકારની કમિટમેન્ટ? મારે શા માટે કમિટમેન્ટ આપવી પડે?' માન્યાએ કહ્યું કે, 'મેં તેમને પહેલેથી જ સ્પષ્ટ કરી દીધું હતું કે, હું આવી કોઈ ઓફર સ્વીકારવા માંગતી નથી, પરંતુ શ્રેયસ મને મજબૂર કરતો રહ્યો. શ્રેયસે મને કહ્યું, 'તમે ધનુષ સર છે, છતાં પણ નહીં માનો?' વધુમાં, માન્યાએ દાવો કર્યો હતો કે, શ્રેયસે તેને ધનુષના પ્રોડક્શન હાઉસ 'વંડરબાર ફિલ્મ્સ'નું લોકેશન મોકલ્યું હતું અને તેને મળવા કહ્યું હતું. એક્ટ્રેસે એમ પણ કહ્યું હતું કે, મેનેજરે તેને સ્ક્રિપ્ટ મોકલી હતી, જે તેણે વાંચી ન હતી. 'ઇન્ડિયા ટુડે'ના અહેવાલ મુજબ, માન્યાએ કહ્યું, 'મેં તે વાંચ્યું નથી. હું આ ફિલ્મ નથી કરી રહી. અમે કલાકારો છીએ. અમે કંઈક બીજું કરી રહ્યા છીએ. તમે અમારી પાસેથી કામ તો કરાવી લો છો, પરંતુ બદલામાં કંઈક બીજું અપેક્ષા રાખશો નહીં.'તેણે વધુમાં ઉમેર્યું, 'જો અમે તમારી માંગણીઓનું પાલન કરીએ, તો અમારું નામ કંઈક બીજું જ પડી જશે. મને લાગે છે કે, જો લોકો આ રીતને ઓળખીને તેને સંબોધિત કરે, તો તે વધુ સારું રહેશે.' ધનુષ કે તેના મેનેજરે પ્રતિક્રિયા આપી નથી જોકે, હજુ સુધી ધનુષ કે તેના મેનેજર શ્રેયસે આ આરોપોનો જવાબ આપ્યો નથી. ધનુષ ટૂંક સમયમાં ડિરેક્ટર આનંદ એલ. રાયની ફિલ્મ 'તેરે ઈશ્ક મેં'માં જોવા મળશે, જે ૨૮ નવેમ્બરે રિલીઝ થવાની છે. આ ફિલ્મમાં ક્રિતી સેનન પણ મુખ્ય ભૂમિકામાં છે. તાજેતરમાં ફિલ્મનું ટ્રેલર રિલીઝ થયું છે.

# ધરમપુરમાં સાંસદ ધારાસભ્યના નેતૃત્વમાં સરદારની ૧૫૦ મી જન્મજયંતિ ઉજવણીમાં યુનિટી પદયાત્રા યોજાઈ





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૯**

ધરમપુર વિધાનસભાની ધરમપુર ખાતેથી લોકસભાના દંડક, વલસાડ-ડાંગ સાંસદ ધવલભાઈ પટેલની અધ્યક્ષતામાં તેમજ પ્રદેશ અગ્રણી અશોકભાઈ ધોરાજીયા, જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ મનહરભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં સરદાર વલ્લભભાઈ પટેલની સરદાર@150" જન્મજયંતિ વર્ષની ઉજવણીના ભાગરૂપે યુનિટી માર્ચ પદયાત્રા યોજાઈ હતી.

આ પ્રસંગે જિલ્લા ભાજપ મહામંત્રી શિલ્પેશભાઈ દેસાઈ, કમલેશભાઈ પટેલ, મહેન્દ્રભાઈ ચૌધરી, તાલુકા ભાજપ પ્રમુખ કેતનભાઈ વાઢુ, શહેર ભાજપ પ્રમુખ અમીતભાઈ ચોરેરા, ગણેસભાઈ બિરારી, જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યો, નગરપાલિકા સદસ્યો, તાલુકા પંચાયતના સભ્યો, સંગઠનના હોદ્દેદારો સહિત મોટી સંખ્યામાં શાળાના વિદ્યાર્થીઓ, વહીવટીતંત્રના અધિકારીઓ સ્કીય કાર્યકરો, નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

### ઉમેદવારી પત્રક પરત ખેંચવાના અંતિમ દિવસે ચિત્ર સ્પષ્ટ થતાં

# ચીખલી વસુધારા ડેરીમાં વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીમાં ૧૪ પૈકી માત્ર વર્તમાન ચેરમેનના ઝોન-૩માં ચૂંટણી યોજાશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી (વંકાલ), તા.૧૯**

ચીખલીની વસુધારા ડેરીમાં વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીમાં ઉમેદવારી પત્રક પરત ખેંચવાના અંતિમ દિવસે ચિત્ર સ્પષ્ટ થતા ૧૪ પૈકી માત્ર વર્તમાન ચેરમેનના ઝોન ૩ માં ચૂંટણી યોજાશે.

વસુધારા ડેરીના નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લાના કાર્ય વિસ્તારમાં સમાવિષ્ટ વ્યવસ્થાપક સમિતિના કુલ ૧૪ જેટલા ઝોન પૈકી ૧૧માં એક એક જ ઉમેદવારી પત્રક આવતા આ તમામ ઝોનના ઉમેદવારો ડિરેક્ટર પદે બિનહરીફ જાહેર થયા હતા. આ ઉપરાંત ચકાસણી દરમ્યાન ઝોન ૧ અને ૧૪ માં એક-એક મળી બે જેટલા ઉમેદવારોના ફોર્મ રદ્દ થતા આ ઝોન ૧ અને ૧૪ એમ બીજા બે ઝોનમાં એક એક જ ઉમેદવાર રહેતા આ બે ઝોનો પણ બિનહરીફ થવા સાથે કુલ ૧૪ પૈકી ૧૩ ઝોનના ઉમેદવારો ડિરેક્ટર પદે બિનહરીફ થયા હતા.

જો કે વર્તમાન ચેરમેન ગમનભાઈ પટેલે જે ઝોનમાંથી ઉમેદવારી કરેલ છે તે ઝોન ૩ માં તેમની સાથે કુલ ત્રણ ઉમેદવારી પત્રકો ભરાયા હતા. જે પૈકી એક ફોર્મ રદ્દ થતા તેમની સાથે બે ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. ત્યારે આજે બુધવારના રોજ ઉમેદવારી પત્રક ખેંચવાના અંતિમ દિવસે તેમના હરીફ ઉમેદવાર મહેન્દ્રભાઈ પટેલે ઉમેદવારી પરત ન ખેંચતા હવે માત્ર આ એક બેઠક માટે ૨૮ નવેમ્બરના રોજ વસુધારા ડેરી કેમ્પસમાં ૮ થી ૪ દરમ્યાન મતદાન યોજાશે અને તેજ દિવસે ૪.૩૦ વાગ્યા બાદ મત ગણતરી કરવામાં આવશે. વસુધારા ડેરીના નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લાના કાર્ય વિસ્તારમાં કુલ ૯૮૪ જેટલા મતદારો છે. ઝોન ૩ માં વર્તમાન ચેરમેનના હરીફ ઉમેદવારને સમજાવવાના આગેવાનોના પ્રયત્નો નિષ્ફળ રહેતા ચૂંટણી ટળી શકી ન હતી અને માત્ર એક બેઠક માટે ચૂંટણી યોજાશે.

# સુરત અને નવસારીમાં આવકવેરા વિભાગના દરોડા

(સંપૂર્ણ સમાચાર સેવા)
**સુરત,તા.૧૯**

સુરત અને નવસારી શહેરમાં આવકવેરા વિભાગ સક્રિય થયું છે. IT વિભાગે આજે બંને શહેરમાં પ્રતિષ્ઠિત ગ્રુપ પર દરોડાની કામગીરી હાથ ધરી. અલગ અલગ ૨૫ જગ્યા પર IT દ્વારા દરોડા પાડી તપાસ કરવામાં આવી રહી છે. સુરતમાં સચિન SEZમાં વારી સોલારમાં IT વિભાગના દરોડા પાડયા. વારી ગ્રુપના વાપી,ચીખલી અને મુંબઈની ઓફિસમાં IT વિભાગ દ્વારા તપાસનો દોર શરૂ થયો છે. IT વિભાના દરોડાથી ઉદ્યોગ જગતમાં ફફડાટનો માહોલ.

આવકવેરા વિભાગની ડીરેક્ટોરેટ ઓફ ઈન્વેસ્ટિગેશન વિંગના અધિકારીઓ દ્વારા સુરત શહેરના મોટા ગ્રુપના ત્યાં આજે દરોડા પાડવામાં આવ્યા. IT વિભાગ અચાનક સક્રિય થતા સોલાર પેનલ બનાવાતી વારી કંપનીમાં આજે દરોડા પાડ્યા. આ ગ્રુપ પર પાડવામાં આવેલ દરોડા કર્મચારીઓની પૂછપરછ કરાઈ હતી. દરોડાની કામગીરીમાં IT વિભાગને મહત્વના દસ્તાવેજ મળી આવ્યા. આ દસ્તાવેજની તપાસમાં મહત્વના ખુલાસા થાય તેવી શક્યતા છે. જણાવી દઈએ કે વારી ગ્રુપ સોલાર પેનલ બનાવાતી કંપની છે.

અધિકારીઓના જણાવ્યા મુજબ વારી ગ્રુપ જમીન સોદા સાથે સંકળાયેલ છે. ચીખલી-નવસારીમાં મોટી જમીન ખરીદી કરાઈ હોવાની IT વિભાગની જાણમાં આવ્યું. અલગ અલગ ૨૫ જગ્યા પર IT દ્વારા તપાસ કરાઈ રહી છે તેમજ વારી ગ્રુપને જમીન વેંચનારને ત્યા પણ તપાસ થશે તેવું સૂત્રોએ માહિતી આપી. મહત્વનું છે કે અગાઉ વર્ષ ૨૦૨૩માં સુરતમાં જમીનના ધંધા સાથે જોડાયેલા ચાર ગ્રુપો પર દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં IT વિભાગ દ્વારા દસ્તાવેજોની ચકાસણીમાં ૪ કરોડની રોકડ રકમ મળી આવી હતી.

### ટેકાના ભાવે મગફળીની અંગે કૃષિમંત્રીની જાહેરાત

# SMS મળ્યાના ૧૫ દિવસ સુધી ખેડૂત ટેકાના ભાવે મગફળી વેચી શકશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગાંધીનગર, તા.૧૯**

રાજયમાં કમોસમી વરસાદના કારણે ખેડૂતોના મોટાભાગના પાકોને મોટુ નુકસાન પહોંચ્યુ છે, ખાસ કરીને મગફળીને લઈને રાજ્ય સરકાર ખેડૂતોને એક પછી એક રાહત આપી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયમાં તાજેતરના અસાધારણ કમોસમી વરસાદને પરીણામે ખેડૂતોના ઉભા પાકને થયેલા વ્યાપક નુકસાન સામે સંપૂર્ણ સંવેદનાથી પડખે ઊભા રહીને ઐતિહાસિક રાહત સહાય પેકેજ પણ જાહેર કરેલુ છે. હવે આ મામલે કૃષિ મંત્રીએ પણ મગફળીની ખરીદી અંગે એક મહત્વની જાહેરાત કરી દીધી છે.

તાજેતરમાં જ કિસાન સન્માન નિધીના કાર્યક્રમમાં રાજયના કૃષિમંત્રી જીતુ વાઘાણીએ એક મહત્વની જાહેરાત કરીછે, રાજ્યમાં ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળીની ખરીદીની પ્રક્રિયા અંગે મોટી રાહત આપી છે. જાહેરાત કરતાં તેમને જણાવ્યું કે, જીસ્જી મળ્યાના ૧૫ દિવસ સુધી ખેડૂત ટેકાના ભાવે મગફળી વેચી શકશે, એટલે કે ટેકાના ભાવે મગફળી ખરીદીમાં ખેડૂત માટે સમયમર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે. અગાઉ મેસેજ મળ્યાના સાત દિવસ સુધી મગફળી વેચવાની સમય મર્યાદા હતી, જોકે, હવે મેસેજ મળ્યા ૧૫ દિવસ સુધી ગમે ત્યારે મગફળી વેચી શકશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં તાજેતરના અસાધારણ કમોસમી વરસાદને પરીણામે ખેડૂતોના ઉભા પાકને થયેલા વ્યાપક નુકસાન સામે સંપૂર્ણ સંવેદનાથી પડખે ઊભા રહીને ઐતિહાસિક રાહત સહાય પેકેજ જાહેર કરેલુ છે. આ ઐતિહાસિક અને ઉદારતમ રાહત સહાય પેકેજ અંતર્ગત ૯,૮૧૫ કરોડ રૂપિયા ધરતીપુત્રોને થયેલા નુકસાનની સહાય પેટે ફાળવવામાં આવ્યા છે. મુખ્યમંત્રીએ આપદાની વેળાએ ધરતીપુત્રોની સાથે રહીને આપેલા આ ઉદારતમ પેકેજ માટે કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ મુખ્યમંત્રીનો આભાર વ્યક્ત કર્યો છે. એટલું જ નહીં, વરસાદથી થયેલા નુકસાનનો સર્વે-પંચ રોજકામ, મંત્રીઓની અસરગ્રસ્ત જિલ્લાના ખેડૂતો સાથે પ્રત્યક્ષ મુલાકાત અને કૃષિ વિભાગ, મહેસુલ વિભાગ, નાણાં વિભાગ સહિત સંબંધિત વિભાગો સાથે સતત ઉચ્ચ સ્તરિય બેઠકો યોજીને પેકેજની જાહેરાત અને ઠરાવ થવા સુધીની સમગ્ર વહિવટી પ્રક્રિયા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં એક અઠવાડિયામાં જ પૂરી કરી દેવાના કિસાન હિતકારી અભિગમને કૃષિ મંત્રીએ વધાવ્યો છે.

બનાસકાંઠાના વાવ-થરાદ સહિત પાંચ જિલ્લાઓમાં અગાઉ થયેલા કમોસમી વરસાદના અસરગ્રસ્તોને પણ પિયત-બિનપિયત સમાન ધોરણે ૨૨ હજાર પ્રતિ હેક્ટર બે હેક્ટરની મર્યાદામાં સહાય જાહેર કરીને રાજ્યના ખેડૂતો પર આવી પડેલી વિપદામાં સમગ્રતયા ૧૧ હજાર ૧૩૭ કરોડનું રાહત સહાય પેકેજ આપવાનો જે સંવેદનશીલ નિર્ણય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કર્યો છે તે માટે પણ ખેડૂત સમાજ વતી આભાર વ્યક્ત કર્યો છે.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD NAME FROM ABHILASH TO **NEW NAME ABHILASH DAGAR** & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.
**SD: ABHILASH DAGAR**
**ADD:** NEAR SHASHI BHAVAN, BAMBA ROAD, HAPUR ROAD, SHASHTRI NAGAR, MODI NAGAR, PO: MODI NAGAR, DIST: GHAZIABAD, UTTAR PRADESH - 201204

# પ્રાથમિક શિક્ષકોને બીએલઓ તરીકે નિયુક્ત કરવાથી શિક્ષણ પર ગંભીર અસર: પ્રાથમિક શિક્ષક સંઘ



## આ પ્રથા શિક્ષણના અધિકાર કાયદાની કલમ તેમજ ભારતીય બંધારણની કલમ હેઠળ બાળકોના મૂળભૂત શિક્ષણના અધિકારનું ઉલ્લંઘન કરે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમદાવાદ,તા.૧૯**

નગર પ્રાથમિક શિક્ષક સંઘ, પ્રાથમિક શાળાના શિક્ષકોના એક માન્ય સંઘે, ભારતના મુખ્ય ચૂંટણી કમિશનરને પત્ર લખીને બૂથ લેવલ ઓફિસર (બીએલઓ) તરીકે પ્રાથમિક શિક્ષકોની સતત અને ફરજિયાત નિમણૂક અંગે ગંભીર ચિંતાઓ વ્યક્ત કરી છે. સંઘે ભારપૂર્વક જણાવ્યું છે કે આ પ્રથા શિક્ષણના અધિકાર કાયદાની કલમ તેમજ ભારતીય બંધારણની કલમ હેઠળ બાળકોના મૂળભૂત શિક્ષણના અધિકારનું ઉલ્લંઘન કરે છે.

શિક્ષણ પર થઈ રહેલી મુખ્ય અસરો અંગે સંઘના અધ્યક્ષ, ચંદ્રકાંત ખાખરીયાએ જણાવ્યું છે કે, શિક્ષકો રાષ્ટ્ર નિર્માણનું કાર્ય કરી રહ્યા છે, પરંતુ બીએલઓની ફરજોને કારણે તેઓ તેમના મુખ્ય કાર્ય, શિક્ષણ, પર ધ્યાન આપી શકતા નથી. વર્તમાન સઘન પુનરાવર્તન પ્રોજેક્ટ દરમિયાન શિક્ષકો ૧૨ થી ૧૫ કલાક કામ કરી રહ્યા છે. અને આ વધારાનો બોજ અસહ્ય છે.

સંઘ દ્વારા પ્રસ્તુત કરાયેલ મુખ્ય મુદ્દાઓમાં વર્ગખંડમાં વિક્ષેપ, જેમાં મતદાર યાદી ચકાસણી અને સર્વેક્ષણ માટે શિક્ષકોને શાળાના સમય દરમિયાન વારંવાર ગેર હાજર રહેવું પડે છે, જેનાથી વિદ્યાર્થીઓના શિક્ષણમાં સીધો અવરોધ થાય છે. કાર્ય-જીવન સંતુલનનો અભાવ, બીએલઓની જવાબદારીઓ નિયમિત શાળા સમય પછી પણ લંબાય છે, જેના કારણે શિક્ષકોમાં શારીરિક થાક અને માનસિક તાણ વધે છે. સલામતીના પ્રશ્નો જોઈએ તો ખાસ કરીને મહિલા શિક્ષકો માટે, અજાણ્યા અને દૂરના વિસ્તારોમાં ફરજ બજાવવાને કારણે સલામતી અને પરિવહનની ચિંતાઓ ઊભી થાય છે.

કાયદાકીય વિરોધાભાસ અને પૂર્વ નિર્ણયો અંગે સંઘે નોંધ્યું કે ગુજરાતના સીઈઓ દ્વારા ઓછામાં ઓછા શિક્ષકોની નિમણૂક માટે પત્ર જારી કરવામાં આવ્યો હોવા છતાં, ૧૨ અન્ય કેડરની ઉપલબ્ધતા હોવા છતાં, મોટા ભાગની નિમણૂક શિક્ષકોની જ છે.

સુપ્રીમ કોર્ટનો ચુકાદો તે. અંગે સંઘે જણાવ્યું છે કે સંઘે ૨૦૦૭ ના સિવિલ અરજી સુપ્રીમ કોર્ટ ઑફ ઈન્ડિયા દ્વારા આપવામાં આવેલા ચુકાદાનો ઉલ્લેખ કર્યો છે, જેમાં ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડિયાને બીએલઓમાં ફરજમાં શિક્ષકોની ઓછામાં ઓછી નિમણૂક કરવા સૂચન કરવામાં આવ્યું હતું. કાયમી સૂચનાનો ભંગ તેમાં ત્રણ વર્ષ સુધી બીએલઓ તરીકે સતત સેવા આપ્યા પછી શિક્ષકોને મુક્ત કરવાની સ્થાયી સૂચના હોવા છતાં, ઘણા શિક્ષકોને ફરજ બજાવવાની ફરજ પાડવામાં આવી રહી છે.

સંઘ દ્વારા ચૂંટણી પંચને કરાયેલા સૂચનોમાં શિક્ષણના ગુણવત્તા સાથે સમાધાન કર્યા વિના ચૂંટણી પ્રક્રિયા સુનિશ્ચિત કરવા માટે સંઘે કેટલાક સુધારાત્મક પગલાં સૂચવ્યા છે. જેમાં સમર્પિત બીએલઓ સ્ટાફ, શાળાના શિક્ષકોને બદલે ફક્ત ચૂંટણી કાર્ય માટે પૂર્ણ-સમય અથવા કરાર આધારિત બીએલઓ કર્મચારીઓની નિમણૂક કરવી. અન્ય વિભાગોનો ઉપયોગ કરવો જેમાં અન્ય સરકારી વિભાગો, નિવૃત્ત કર્મચારીઓ, આંગણવાડી કાર્યકરો અથવા તાલીમ પામેલા બેરોજગાર યુવાનોનો ઉપયોગ કરવો. ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની વાત કરીએ તો ભૌતિક સર્વેક્ષણોની જરૂરિયાત ઘટાડવા માટે મતદાર ચકાસણીને ડિજિટલાઈઝ કરવા માટે એજન્સીઓની નિમણૂક કરવી. નગર પ્રાથમિક શિક્ષક સંઘે ભારતીય ચૂંટણી કમિશનરને આ મુદ્દાની ગંભીરતા સમજવા અને લાખો વિદ્યાર્થીઓના ભવિષ્યને સુરક્ષિત કરવા માટે તાત્કાલિક સુધારાત્મક પગલાં લેવા વિનંતી કરી છે.

આ રજૂઆતથી ગુજરાત રાજ્યના મુખ્ય ચૂંટણી કમિશનર તેમજ રાજ્યના શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાઝા અને રાજ્ય શિક્ષણ મંત્રી રિવાબા જાડેજાને પણ માહિતગાર કરવામાં આવ્યા છે. તેવું ગુજરાત રાજ્ય નગર પ્રાથમિક શિક્ષક સંઘની યાદીમાં જણાવ્યું છે.

# રાજકોટમાં ખેતલા આપા મંદિરમાં વન વિભાગનો દરોડો: બાવન જેટલા સાપનું રેસ્ક્યુ કરાયું





(સંપૂર્ણ સમાચાર સેવા)
**રાજકોટ, તા.૧૯**

રાજકોટના સામાકાંઠા વિસ્તારમાં માર્કેટિંગ યાર્ડ નજીમ આવેલું ખેતલા આપાનું મંદિર લોકો માટે અસ્થાનું કેન્દ્ર છે. મંદિરમાં અંદાજીત ૧૦૦ જેટલા સાપ રહે છે. લોકો આ સાપને ખેતલા આપા હાજરા હજુર છે તેનું માને છે. મંદિરમાં આવતા દર્શનાર્થીઓ સાપને હાથમાં લઈને દર્શન કરતા હોય છે. ભરવાડ સમાજના લોકો મોટી સંખ્યામાં ખેતલા આપા પર આસ્થા ધરાવે છે એટલે જ ખેતલા આપાના મંદિરે મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ દર્શન માટે આવતા હોય છે. તાજેતરમાં જ સોશ્યલ મીડિયા પર ખેતલા આપા મંદિરનો વિડીયો વાયરલ થયો હતો.

જે વિડીયો આધારે રાજકોટ શહેર ઉત્તર રેન્જ વન વિભાગના અધિકારીઓએ તપાસ કરાવી હતી. જેમાં મંદિરમાં સાપની ખેતલા આપા તરીકે પૂજા કરવામાં આવતી હોવાનું સામે આવ્યું હતું. વન વિભાગના અધિકારીઓએ ગઈકાલે સાંજે દરોડો કરી મંદિરના મહંત મનુ મણીરામ દુધરેજીયાની અટકાયત કરી પર જેટલા સાપનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. વન વિભાગની કાર્યવાહી બાદ લોકોના ટોળે ટોળા એકત્ર થયા હતા. લોકોએ કહ્યું હતું કે, ખેતલા આપા સાથે અમારી આસ્થા જોડાયેલી છે. વન વિભાગે એક વખત અમને પૂછી તો જોવું હતું. વન વિભાગના અધિકારીઓ જેને સાપ કહે છે તેનું અમે પૂજન કરીએ છીએ અને તે અમારો બાપ ખેતલા આપા છે.

તો બીજી તરફ રાજકોટ શહેર ઉત્તર રેન્જના DCF યુવરાજસિંહ ઝાલાએ કહ્યું હતું કે, મંદિરમાં કોમન સેન્ડ બુઆ જાતિના સાપ હોવાની માહિતી મળી હતી. પર જેટલા સાપ મળી આવ્યા હતા. વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટને કારણે શેડ્યુલ ર માં આવે છે. જેને કોઈ એક જગ્યાએ રાખવા તે ગુનો બને છે. મંદિરના મહંત મનુ મણીરામ દુધરેજીયા સામે કાર્યવાહી કરવામાં આવી છે. જોકે સાપની કોઈ તસ્કરી કરવામાં આવતી હોય તેવું સામે આવ્યું નથી. આગામી દિવસોમાં આવા પ્રાણીઓ રાખતા મંદિરોમાં પણ તપાસ કરવામાં આવશે.

શિડયુલ ર ના પ્રાણીઓ રાખવા ગુનો છે અને તેમાં ૬ મહિનાની સજાની જોગવાઈ છે. મહંત મનુ મણીરામ દુધરેજીયા હાલ જામીન મુક્ત થયા છે. પરંતુ જરૂર પડશે તો વધુ તપાસ માટે પણ બોલાવવામાં આવશે.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM INABEN VIPULBHAI DESAI TO **INA DOLATRAI DESAI** AS PER DOCUMENT

torrent POWER DNHDD

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર કોર્પોરેશન લિમિટેડ દ્વારા (ટ્રાન્સમિશન) નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. નીચે દર્શાવેલ, સબસ્ટેશન સામે દર્શાવેલ, વિસ્તારોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૯:૦૦ થી સાંજના ૬:૦૦ કલાક દરમ્યાન વીજપૂરવઠો બંધ રહેશે. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૨૧/૧૧/૨૦૨૫ શુક્રવાર | દાદરા | ૨૦ MVA પાવર ટ્રાન્સફોર્મર નંબર ૧, ૨૦ MVA પાવર ટ્રાન્સફોર્મર નંબર ૨, ૨૦ MVA પાવર ટ્રાન્સફોર્મર નંબર ૩, ૨૦ MVA પાવર ટ્રાન્સફોર્મર નંબર ૫ | સીએમસી ગલી, ગ્રેઅર અને વેઇલ ગલી, સંદીપ ગલી અને કેનાલ વિસ્તાર, નોવા આઈ.ઈ., ડુગ્ગર, નેરો ફ્લિક્સ વિસ્તાર અને શ્રદ્ધા આઈ.ઈ. વિસ્તાર, સિલવાસા-વાપી મુખ્ય રોડ વિસ્તાર, સાંઈ કોમ્પ્લેક્સ વિસ્તાર, દાદરા ગાર્ડન વિસ્તાર, ટાઉન વિસ્તાર, બ્લુસ્ટાર ગલી અને ગ્લોમોર આઈ.ઈ., વલસાડ ફળિયા, ઓલ્ડ પ્રિન્સ પાઈપ વિસ્તાર, સ્પાઈરલ ફ્લેક્સ/નિશાત મોલ્ડિંગ વિસ્તાર, પાર્થ આઈ.ઈ. વિસ્તાર, યુરો ડેકોર વિસ્તાર અને મહેન્દ્ર શાહ ડી.ટી. વિસ્તાર, નવનીત શાહ, જિંદાલ અને અંકુર આઈ.ઈ., કેનાલ વિસ્તાર, ખંડેલવાલ વિસ્તાર, સુરત ગલી, દોશી ઈન્ડસ્ટ્રીયલ સ્ટેટ **૧૧ કેવી. એક્સપ્રેસ ફીડરઃ** આર. કે. ફિલામેન્ટ, રામ રત્ન વાયર્સ, જીએમ પ્લાસ્ટ + સીએમસી, સરલા પરફોર્મન્સ + એરો ફાઈબર પ્રાઈવેટ લિમિટેડ, સનફાર્મા + ગ્રેઅર અને વેઇલ ઈન્ડિયા લિમિટેડ યુનિટ ૨, એસઆરવી સિન્થેટિક, કલ્પના ઈન્ડસ્ટ્રીઝ + બ્લુસ્ટાર, સનફેબ, રેપિયર + સંદીપ ટેક્સચુરાઈઝર્સ, આકાર + ઈગલ + રંગોલી, વાલ્સન, મદુરા, ભૂમિ યાર્ન, ઈમરીસ મિનરલ, એવરલોન (વિષ્ણુ લક્ષ્મી), ઈશાન, રુઈયા રેયોન + આર.એમ. નિટર, મધુસુધાન **૬૬ કેવી. એક્સપ્રેસ ફીડરઃ** દામોદર ઈન્ડસ્ટ્રીયલ લિમિટેડ, ફીલાટેક્સ |

અસુવિધા બદલ દિલગીર છીએ

આરસીસીબી/ઈએલસીબીનો મોટો લાભ
તમારા પરિવારની સુરક્ષાની ખાતરી
અર્થ લિકેજ સર્કિટ બ્રેકર લગાવો
અને સુરક્ષિત રહો
એક નાનકડી ડિવાઈસ તમને વિજળીના ઝટકાથી બચાવશે



આપની સેવા માં હરહંમેશ હાજર
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

**કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ**

**જાહેર બાંધકામ વિભાગ - દમણ**
**ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના**

દમણ જિલ્લામાં વિવિધ શ્રેણીના રસ્તાઓ જેમ કે NH, MDR, ODR ની સફાઈ. (બીજો કોલ) (ઈ-૨૩૮૩૫)

ટેન્ડર આઈડી નં. : 2025_DAMAN_4535_1
પ્રીબીડ મીટિંગ તારીખ : ---
ડાઉનલોડની છેલ્લી તારીખ : 22/11/2025
હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ : 22/11/2025
બિડ ખોલવાની તારીખ : 22/11/2025

For details please scan https://ddtenders.gov.in

**કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.-૧, દમણ**
No. IP/DMN/2/5/2025-26/945, Dated: 19/11/2025

**કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ**

**જાહેર બાંધકામ વિભાગ - દમણ**
**ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના**

મોટી દમણમાં વિવિધ સરકારી ઈમારતોમાં રંગકામ અને ઉધઈની સારવાર પૂરી પાડવી. (ઈ-૩૦૪૬૯)

ટેન્ડર આઈડી નં. : 2025_DAMAN_4536_1
પ્રીબીડ મીટિંગ તારીખ : ---
ડાઉનલોડની છેલ્લી તારીખ : 22/11/2025
હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ : 22/11/2025
બિડ ખોલવાની તારીખ : 22/11/2025

For details please scan https://ddtenders.gov.in

**કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.-૧, દમણ**
No. IP/DMN/2/5/2025-26/946, Dated: 19/11/2025

વર્તમાન પ્રવાહ — વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

સવારની ચા સાથે તો માત્ર
સમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક
વર્તમાન પ્રવાહ


## સાંસદ ધવલ પટેલનો ચૈતર વસાવા પર પ્રચંડ પ્રહાર

# નવસારીના દેગામમાં ખુરશીઓ ખાલી રહેતા 'ટુકડે-ટુકડે ગેંગ' હવાતિયાં મારી રહી છે





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૯**

દક્ષિણ ગુજરાતના રાજકારણમાં ફરી એકવાર ગરમાવો આવ્યો છે. આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાના નવસારી અને વલસાડ પ્રવાસ બાદ વલસાડના સાંસદ ધવલ પટેલે એક પત્રકાર પરિષદ યોજીને તેમના પર આકરા પ્રહારો કર્યા હતા. ધવલ પટેલે દાવો કર્યો હતો કે ચૈતર વસાવાનો આ પ્રવાસ સદંતર નિષ્ફળ રહ્યો છે અને પ્રજાએ તેમને જાકારો આપ્યો છે.

**'ખાલી ખુરશીઓ' અને હતાશા:** સાંસદ ધવલ પટેલે જણાવ્યું હતું કે, ''ગઈકાલે નવસારીના દેગામમાં ચૈતર વસાવાની સભામાં ખુરશીઓ ખાલી હતી. લોકોએ તેમને સાંભળવામાં રસ દાખવ્યો નથી. આ નિષ્ફળતા અને અપમાનથી નાસીપાસ થઈને તેઓ હવે મારા પર વ્યક્તિગત હુમલાઓ કરી રહ્યા છે.'' તેમણે ચૈતર વસાવાને 'ટુકડે-ટુકડે ગેંગ'ના સભ્ય ગણાવીને કહ્યું હતું કે તેઓ માત્ર અરાજકતા ફેલાવવા આવ્યા છે.

**'હું કૃપાથી નહીં, જનતાના આશીર્વાદથી જીત્યો છું'':** ચૈતર વસાવાએ અગાઉ એવું નિવેદન આપ્યું હતું કે, ''ધવલ પટેલ તો કૃપાથી સાંસદ બન્યા છે.'' આ કટાક્ષનો જડબાતોડ જવાબ આપતા ધવલ પટેલે આંકડાકીય વિગતો રજૂ કરી હતી. તેમણે કહ્યું, ''હું કોઈની કૃપાથી નહીં, પરંતુ પ્રજાના આશીર્વાદ અને નરેન્દ્ર મોદી સાહેબના કામોને કારણે જીત્યો છું. મેં તમારા (ચૈતર વસાવાના) ખાસ મિત્ર એવા કોંગ્રેસના ધારાસભ્યને ૨ લાખ ૧૦ હજારની જંગી લીડથી હરાવ્યા છે. જ્યારે તમે પોતે ભરૂચમાં મનસુખ વસાવા સામે ૮૦,૦૦૦ મતોથી હારીને આવ્યા છો. જે વ્યક્તિ પોતે હારી હોય, તે બીજાની જીત પર સવાલ કેવી રીતે ઉઠાવી શકે?''

**દિલ્હી અને બિહારના ચૂંટણી પરિણામોનો હવાલો:** ધવલ પટેલે રાષ્ટ્રીય રાજનીતિના તાજેતરના પરિણામોનો ઉલ્લેખ કરીને 'આપ' અને કોંગ્રેસની હાલત પર કટાક્ષ કર્યો હતો.

* બિહાર: તેમણે કહ્યું કે બિહારમાં કોંગ્રેસની હાલત કફોડી છે અને તેમને માત્ર ૬ સીટો મળી છે. નાની પ્રાદેશિક પાર્ટીઓ પણ તેમનાથી આગળ છે.

* દિલ્હી: અરવિંદ કેજરીવાલ પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે, ''કેજરીવાલ જે બણગા ફૂંકતા હતા કે મોદી સાહેબ ૧૦ જન્મ લે તો પણ દિલ્હી નહીં જીતી શકે, તે દિલ્હીમાં પ્રજાએ આમ આદમી પાર્ટીની સરકારને હરાવીને ભાજપની સરકાર બનાવી દીધી છે.'' તેમણે ભવિષ્યવાણી કરી કે ગુજરાતમાં પણ 'આપ'ની હાલત દિલ્હી જેવી થશે અને અહીં પણ તેમની જમાનત જપ્ત થશે.

**આદિવાસી સમાજને ગેરમાર્ગે દોરવાનો આરોપ:** સાંસદ પટેલે આરોપ લગાવ્યો કે ચૈતર વસાવા અને તેમની ટીમ આદિવાસી સમાજને ઉશ્કેરવાનું અને ગેરમાર્ગે દોરવાનું કામ કરી રહી છે. પરંતુ આદિવાસી યુવાનો સત્ય જાણે છે અને તેઓ રાષ્ટ્રવાદ તથા વિકાસની સાથે છે. તેમણે દાવો કર્યો કે વાંસદામાં યોજાયેલી તેમની સભામાં ૫૦,૦૦૦થી વધુ યુવાનો જોડાયા હતા, જે સાબિત કરે છે કે આદિવાસી સમાજ ભાજપ અને મોદી સાહેબની સાથે અડીખમ ઉભો છે.

**અંતિમ ચેતવણી:** અંતમાં ધવલ પટેલે ચેતવણી આપતા કહ્યું હતું કે, ''તમે જેટલા પણ ષડયંત્રો કરશો, તેમાં તમે નિષ્ફળ જશો. આદિવાસી સમાજ હવે જાગૃત છે અને તમારા રાજકીય રોટલા શેકવાના ઈરાદાઓને ક્યારેય સફળ થવા દેશે નહીં.''

# માતાની સેવા એ માત્ર ભાવ નહીં, સમાજને ઉજળું બનાવવાનો સંકલ્પ છે

**''બેટા, આ સોનાં-ચાંદીના દાગીનાં તો માત્ર શરીરની ચમક છે. આ નાશવંત શરીરને શણગારીને શું કરીશ? જો તું ખરેખર મને સજાવવા માંગતો હોય તો મારાં દેહને નહીં પણ આપણાં ગામમાં એક શાળા બનાવ તેથી બાળકો ભણી શકે, એક નાનુ દવાખાનું ખોલ જેમાં બિમાર લોકોને સારવાર મળી શકે અને ત્રીજું એક અનાથાલય બનાવ જે અનાથ બાળકોને આશ્રય અને પ્રેમ મળી શકે'' માતાના આ શબ્દોએ વિદ્યાસાગરની માતૃભક્તિની વર્ષામાં સપ્તરંગી ધનૂષ સજાવી દીધું**

વાત છે બંગાળના મિદનાપુર જિલ્લાના બિરસિંહા ગામમાં જન્મેલા ઈશ્વરચંદ્ર બંદોપાધ્યાયની. આ એ જ બાળક છે કે જેણે પોતાની માતાનું સપનું સમાજના કલ્યાણમાં ફેરવી દીધું હતું.

પરિવાર ગરીબ હતો. પિતા ઠાકુરદાસ સંસ્કારી બ્રાહ્મણ હતા. માતા ભગવતીદેવી ત્યાગમૂર્તિ હતી. પરંતુ બંને માતા-પિતાએ પોતાના પુત્રમાં સંસ્કારની અમીરી ઠાંસોઠાંસ ભરી હતી.

ઈશ્વરચંદ્ર બાળપણથી જ અભ્યાસુ હતા. પરિવારની ગરીબ પરિસ્થિતિને કારણે સંઘર્ષ તેમના જીવનનો પર્યાય બની ગયો હતો. કહેવાય છે કે, તેઓ રાત્રે સ્ટ્રીટની બત્તીના અજવાળે અભ્યાસ કરતા. તેમણે કઠોર પરિશ્રમથી ઉચ્ચ શિક્ષણ મેળવ્યું. વિદ્યા અને સાહિત્યપ્રેમને કારણે તેમને ''વિદ્યાસાગર'' ઉપાધિ આપવામાં આવી હતી.

ઈશ્વરચંદ્ર શિક્ષણના ક્ષેત્રમાં અગ્રેસર હતા. તેમ છતાં સમાજમાં ઘર કરી ગયેલાં કુરિવાજો માટે તેઓ સતત ચિંતિત રહેતાં. ખાસ કરીને એ સમયમાં સ્ત્રીવર્ગની મોટા પાયે ઉપેક્ષા કરાતી. બાળવિવાહથી કન્યાઓની સ્વતંત્રતા છીનવાઈ જતી હતી. કન્યાઓને શિક્ષણથી વંચિત રાખવામાં આવતી. વિધવા સ્ત્રીઓનું એકલવાયું જીવન તેમના અંતરમાં ડંખતું હતું. ટૂંકમાં કહીએ તો અંધશ્રદ્ધાના અજગરે સ્ત્રી દાક્ષિણ્યને કોળિયો બનાવી દીધો હતો. તેથી તેમણે નારીઓના ઉત્કર્ષ માટે રીતસર એક અભિયાન ચલાવ્યું.

સમાજની કુપ્રથાઓ અને અંધશ્રદ્ધાના વિરોધમાં તેમણે અનેક લેખો અને પ્રવચનો આપ્યાં.

તેમણે સ્ત્રીશિક્ષણને માત્ર અધિકાર નહીં, પરંતુ સ્વતંત્રતાની ડાળ માની હતી. તેમણે શિક્ષણની સમાનતા માટે સ્ત્રીઓ માટે શાળાઓ ખોલાવી - તે સમયે આ વિચાર બહુ ક્રાંતિકારી ગણાતો.

તેઓએ વિધવા પુનર્વિવાહ (Widow Remarriage) માટે પણ જોરદાર લડત લડી. તેમના જ પ્રયાસથી ૧૮૫૬માં બ્રિટિશ

## સિક્કાની ત્રીજી બાજુ





- સ્વામી ચિન્મયદાસ

સરકારે વિધવા પુનર્વિવાહ કાયદો (Hindu Widows' Remarriage Act) પસાર કર્યો.

બાળપણની ગરીબી અને માતાની ત્યાગમય સેવા તેમની ક્રાંતિના મૂળમાં હતાં.

માતાનું સુખ જોવા વિદ્યાસાગર હંમેશા ઉત્સુક રહેતાં. તેઓ જાણતાં હતા કે તેમની માતાએ ગરીબીમાં પરિવારના ઉછેરના કારણે કદીએ કિંમતી વસ્ત્રો કે આભૂષણોના સ્વપ્ન સેવ્યા નો'તા.

વિદ્યાસાગરને તે વાતનો હૃદયમાં ખેદ હતો. સુખના દિવસો આવતાં જ એક દિવસ, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર પોતાની માતાને મળવા માટે પોતાના ગામ આવ્યા. માતાના ચરણોમાં બેસીને પ્રેમથી કહ્યું: ''મા, આજે તમારો દીકરો માન, પ્રતિષ્ઠા અને ધન.. બધું મેળવી ચૂક્યો છે. હવે તમે જે ઈચ્છો તે કહો - હું તમને સોના-ચાંદીના આભૂષણ પહેરાવીશ.''

માતા સ્મિત કરતાં બોલી: ''બેટા, આ ઘડપણના ઓવારે બેઠેલી મને આભૂષણની જરૂર નથી. ગરીબીનો સૂર્ય આથમ્યો તે જ મારી ખુશી!''

''પણ પોતાની માતાને સોનાં-ચાંદીના ઘરેણાંથી શોભતી જોવાની મારી મહેચ્છાનું શું?'' એટલું કહેતાં વિદ્યાસાગરની આંખો ભરાઈ આવી.

''બેટા, આ સોનાં-ચાંદીના દાગીનાં તો માત્ર શરીરની ચમક છે. આ નાશવંત શરીરને શણગારીને શું કરીશ? જો તું ખરેખર મને સજાવવા માંગતો હોય તો મારાં દેહને નહીં પણ આપણાં ગામને... આપણાં સમાજને ચમકાવે તેવાં શણગાર મને આપ!'' માતાના આ શબ્દોએ વિદ્યાસાગરની માતૃભક્તિની વર્ષામાં સપ્તરંગી ધનૂષ સજાવી દીધું.

''મા, કયા આભૂષણોની તમે ઈચ્છા કરો છો?'' વિદ્યાસાગરે આશ્ચર્યથી પૂછ્યું.

માતાએ ધીમા છતાં મક્કમ સ્વરે કહ્યું:,

''મને ત્રણ આભૂષણ જોઈએ. આપણાં ગામમાં એક શાળા બનાવ, જેનાથી ગરીબ બાળકો ભણી શકે. બીજું, એક નાનું દવાખાનું ખોલ કે જેમાં બિમાર લોકોને સારવાર મળી શકે અને ત્રીજું એક અનાથાલય બનાવ, જેથી અનાથ બાળકોને આશ્રય અને પ્રેમ મળી શકે! આ ત્રણ આભૂષણો જો તું મને આપશે, તો હું એમ માનીશ કે તેં મારાં સમગ્ર જીવનને શણગારી દીધું છે!''

ચરણસ્પર્શ કરી માતાના આ આદેશને ઈશ્વરચંદ્રે સહર્ષ સ્વીકારી લીધો.

થોડા સમય પછી તેમણે પોતાના ખર્ચે તેમની માતાના ત્રણેય સંકલ્પોને સાકાર સ્વરૂપ આપી ધન્યતા અનુભવી.

ભગવતી દેવીની આંખોમાં આનંદના આંસુ છલકાયા. ઈશ્વરચંદ્રની માતૃભક્તિ જોઈ પોતાને ''દુનિયાની સૌથી સુખી માતા છે,'' તેવો અહેસાસ થયો.

તેમને મન તો કરુણા અને સેવા ભાવનાથી બનેલાં આ આભૂષણો સોના ચાંદી કરતાં અનેક ઘણાં ચડિયાતાં હતાં.

આજેય બિરસિંહા ગામમાં દાન, દયા અને માતાની મમતાના પ્રતિકરૂપે ત્રણેય આભૂષણો શોભી રહ્યાં છે. તેનો ચળકાટ અનંતકાળ સુધી અન્યના જીવનને પ્રકાશિત કરતો રહેશે.

સાચી માતા એ જ છે, ''જે પોતાના સંતાનમાં સેવા અને કરુણાના બીજ વાવે. માતાનું કર્તવ્ય એ છે કે પોતાના સંતાનોને સાચી કલ્યાણની દિશા બતાવે.'' અને સાચો પુત્ર એ જ છે, ''જે માતાની ઈચ્છાને માનવીય કલ્યાણમાં ફેરવે.''

માતાની સેવા એ માત્ર ભાવ નહીં, સમાજને ઉજળું બનાવવાનો સંકલ્પ છે.

''માતૃશક્તિ'' સંસ્કારોના આભૂષણોથી શણગારી સમાજને ઉચ્ચ ભૂમિકા તરફ દોરી શકે છે.

# ધરમપુર નાની વહિયાળમાં યોજાયેલ ધારાસભ્ય ચૈતર વસાવાની સભામાં ભાજપ-કોંગ્રેસના ૫૦૦ કાર્યકર 'આપ'માં જોડાયા

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૯**



ભરૂચ ડેડીયાપાડા આપના ધારાસભ્ય ચૈતર વસાવા આજકાલ દક્ષિણ ગુજરાતના પ્રવાસે છે. ગઈકાલે નવસારીની જાહેર સભા બાદ આજે બુધવારે ધરમપુર વિસ્તારના નાની વહિયાળ ગામે આપની જાહેર સભા યોજાઈ હતી. સભામાં દાવો કરાયો હતો કે ભાજપ-કોંગ્રેસના ૫૦૦ જેટલા કાર્યકરો આમ આદમી પાર્ટી (આપ)માં જોડાયા છે.

સૌરાષ્ટ્રના વિસાવદરની પેટા ચૂંટણીમાં ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા ગોપાલ ઈટાલીયાની જીત બાદ આમ આદમી પાર્ટી ફોર્મમાં આવી ગઈ છે. ડેડીયાપાડા ભરૂચના આપના ધારાસભ્ય ચૈતર વસાવા મળી ગુજરાતમાં આપના બે ધારાસભ્ય થયા છે તેથી આમ આદમી પાર્ટી જુસ્સાના અતિરેકમાં આવી ગઈ છે. ગામડે ગામડે સભાઓ યોજી રહ્યા છે. ગઈકાલે નવસારીની સભા બાદ ચૈતર વસાવાની આજે ધરમપુર નાની વહિયાળ ગામે જાહેર સભા યોજાઈ હતી. જો કે નવસારી દેહગામની સભા નિષ્ફળ રહી છે. છતાં પણ ચૈતર વસાવા જોર મારી રહ્યા છે. ધરમપુરના સભામાં ભાજપ અને કોંગ્રેસના ૫૦૦ જેટલા કાર્યકરો આમ આદમીમાં જોડાયા હોવાનો દાવો કર્યો હતો. સભામાં ચૈતર વસાવાએ ભાજપ સરકારને આડા હાથે લઈ મોટી મોટી ડીંગ હાંકી હતી. તેઓ ૨૦૨૭માં ગુજરાતમાં આપની સરકાર બનવાના સપના જોઈ રહ્યા છે.

# પારડી હાઈવે ઉપર થાણાથી સુરત જતા પરિવારને બેહોશ કરી લાખોની લૂંટ કરનાર આરોપીને એલ.સી.બી.એ ઝડપી પાડ્યો




## આરોપી અંકૂશ મદનલાલ પાલ ફ્રાન્સની બાબલા એપ્લીકેશનથી ગુના આચરતો હતો, તપાસમાં ૩૮ ગુનાનો ભેદ ખુલ્યો

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૯**

પારડી હાઈવે ઉપર હોટલ રામદેવમાં જમવા રોકાયેલ મુંબઈ થાણાથી સુરત જતા પરિવારના ઘરેણા, રોકડ વગેરેની લાખોની લૂંટની ફરિયાદ પારડી પોલીસમાં ગત તા.૦૩ સપ્ટેમ્બરના રોજ નોંધાઈ હતી. આ લૂંટનો ભેદ ઉકેલવામાં વલસાડ એલ.સી.બી.ને જબરજસ્થ સફળતા મળી છે. આંતરરાજ્ય ૩૮ જેટલા ગુનાના ભેદ ઉકેલાયા છે.

લૂંટના સાતીર આરોપી અંકૂશ મદનલાલ પાલ ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, યુ.પી. સહિતના વિવિધ રાજ્યોમાં ફ્રાન્સની બાબલા એપ્લીકેશનની મદદને લોકોને બેહોશ બનાવી લૂંટ કરતો હતો. તા.૦૩ સપ્ટેમ્બરે મુંબઈ થાણાથી સુરત જવા પોતાની કારમાં નિકળ્યા હતા તે દરમિયાન પારડી હાઈવે ઉપર હોટલ રામદેવમાં જમવા રોક્યા હતા. ત્યારબાદ અચાનક કારમાં પરિવાર બેહોશ થઈ ગયો હતો ત્યારે આરોપી અંકુશ મદનલાલ પાલ ઘરેણા, રોકડા, લેપટોપ મળી લાખોની લૂંટ ચલાવી ફરાર થઈ ગયો હતો. ફરિયાદ બાદ પોલીસે હાથ ધરેલી સફળ તપાસમાં આરોપી ઝડપાઈ ગયો હતો. પોલીસે રેલવે સહિત અન્ય રાજ્યોમાં રૂા.૧૦ હજાર જેટલા સીસીટીવી ફૂટેજ અને ઈન્ટેલીજન્સથી આરોપીનો ચહેરો ટ્રેસ કરી લીધો. અંતે દિલ્હીથી આરોપીને પોલીસે ઝડપી પાડ્યો હતો. આરોપીએ વિવિધ રાજ્યમાં ૩૮ જેટલા ગુના કર્યા હોવાનું તપાસમાં કબુલાત કરી હતી.

# વાપી મોરાઈ હાઈવે ઉપર મહત્ત્વાકાંક્ષી ફલાય ઓવરબ્રિજ ઉપર હેવી ગડરો નાખવાની કામગીરી યુધ્ધના ધોરણે શરૂ



**ફલાય ઓવરબ્રિજની કામગીરી પુર્ણ થયા બાદ હાઈવે ઉપરની ટ્રાફિક સમસ્યા હળવી થશે**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૯**

વાપી નેશનલ હાઈવે મોરાઈથી ભિમપોર દમણ જતા રોડ ઉપર રેલવે અને હાઈવે ફલાય ઓવરબ્રિજની કામગીરી ચાલી રહી છે. આ ફલાય ઓવરબ્રિજ ઉપર હેવી ગડરો નાખવાની કામગીરી હાલ યુધ્ધના ધોરણે ચાલી રહી છે.

વાપી વિસ્તારમાં કાર્યરત વિકાસ પ્રોજેક્ટ પૈકીનો મોરાઈ રેલવે ફલાય ઓવરબ્રિજની પણ કામગીરી ચાલી રહી છે. જેના અંતિમ તબક્કાની કામગીરીમાં હેવી ગડરો નાખવાની કામગીરી હાલ પુરઝડપે ચાલી રહી છે. આ પ્લાય ઓવરની ડિઝાઈન ખુબ અલગ પ્રકારની છે. રેલવે અને હાઈવે બન્નેના ઓવરબ્રિજનો સમાવેશ કરાયેલો છે. હાઈવેથી દમણ, ભિમપોર ઔદ્યોગિક વસાહતને જોડતો મોરાઈ રોડ ઉપર ફલાય ઓવરબ્રિજ બની રહ્યો છે. દૈનિક સેંકડો હેવી કોમર્શિયલ વાહનો આ રોડ ઉપરથી પસાર થાય છે. વારંવાર ફાટક બંધ થઈ જવાથી હાઈવે ઉપર અને ભિમપોર તરફના રોડ ઉપર વાહનોની લાંબી કતારો નિરંતરલાગતી રહે છે. પરિણામે મેઈન હાઈવે પર ટ્રાફિકની સમસ્યા પણ સર્જાતી રહે છે. હવે પછી ઓવરબ્રિજની જેમ મોરાઈ ફલાય ઓવરબ્રિજ પણ બે ફાંટીયામાં સાકાર થઈ રહ્યો છે. મુંબઈ આવતા વાહનો અને સુરત તરફ જતા વાહનો આપોઆપ ફંટાઈ જશે તેવી પુલની ડિઝાઈન બનાવાઈ છે.

# વાપી ડુંગરા અને વલસાડ હાઈવે ઉપર રોડ અકસ્માતના બે બનાવ: બન્ને વાહનોના ચાલક ઘાયલ

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૯**



વાપી સેલવાસ રોડ ડુંગરા પાસે આજે બુધવારે સવારે રોડ અકસ્માત સર્જાયો હતો. સેલવાસ તરફથી આવી રહેલ પીકઅપ સાથે પુરઝડપે પાછળથી આવી રહેલ ડમ્પર ટ્રક ધડાકાભેર અથડાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં પીકઅપનો કાચ તૂટવા સહિત એન્જિનનો હિસ્સો ડેમેજ થયો હતો. ચાલકને સામાન્ય ઈજા થઈ હતી. જ્યારે બીજો અકસ્માત આજે વલસાડમાં સર્જાયો હતો.

વલસાડ હાઈવે ધરમપુર ચોકડી નજીક સુરત તરફથી પુરઝડપે આવી રહેલ હેવી ટ્રેઈલરના ચાલકે ઓવરટેક મારતા આગળ વાહન સાથે ટ્રેઈલર ભટકાતા કેબિનનો હિસ્સો દબાઈ ગયો હતો. ટ્રેઈલર ચાલકને અકસ્માતમાં પગે મોટી ઈજા થઈ હતી. તેથી પોલીસે નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો. અકસ્માત હાઈવે વચ્ચોવચ થતા ટ્રાફિકજામ વધુ ના થાય જેથી પોલીસે ક્રેઈનની મદદથી ટ્રેઈલરને સાઈડિંગ કરી ટ્રાફિક નિયંત્રિત કરી દીધો હતો. મોટાભાગના અકસ્માતોમાં ઓવરટેક અને વાહનની વધુ ગતિ જવાબદાર હોય છે તેથી વાહન સાવધાનીપૂર્વક ચલાવવું જરૂરી છે.

# ચીખલીના સાદકપોરની મહિલા સાથે ઓનલાઈન છેતરપિંડી: મહિલાએ ૬૭ હજાર ગુમાવ્યા

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી (વંકાલ), તા.૧૯**

ચીખલીના સાદકપોરની મહિલાને પતિને દસ હજાર આપવાનું જણાવી ભૂલથી વધારે પૈસા આવી ગયા હોવાનું કહી ઓનલાઈન છેતરપિંડીમાં મહિલાએ ૬૭,૦૦૦/- રૂપિયા ગુમાવવાનો વારો આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ચીખલી તાલુકાના સાદકપોર સંજય ફાર્મ ખાતે રહેતા ફરિયાદી હંસાબેન સુરેશભાઈ પટેલ (ઉ.વ.૪૫) ના પતિ વિદેશમાં રહેતા હોય ત્યારે ગત તા.૪ નવેમ્બર ૨૫ના રોજ હંસાબેનને એક અજાણ્યા નંબર પરથી ફોન કરી જણાવ્યું હતું કે, હું અનિલભાઈ બોલું છું તમારા પતિ સુરેશભાઈને મારે ૧૦,૦૦૦ રૂપિયા આપવાના છે. પરંતુ મારા ગૂગલ-પે થી સુરેશભાઈને પૈસા ટ્રાન્સફર નથી થઈ રહ્યા જેથી સુરેશભાઈએ તમારા નંબર પર ગુગલ-પે કરવા જણાવ્યું છે. પરંતુ મારાથી ઉતાવળમાં અલગ અલગ ટ્રાન્ઝેક્શનથી તમારા ખાતામાં વધુ રકમ જમા થઈ ગઈ છે. ઉપરોક્ત રકમોના ટેક્સ મેસેજ પણ તમારા મોબાઈલમાં આવ્યા હશે. ત્યારબાદ હંસાબેને મોબાઈલ ફોનમાં જોતા અજાણ્યા નંબર પરથી અલગ અલગ ટ્રાન્ઝેક્શનના ટેક્સ મેસેજ આવતા બાદમાં અનિલભાઈના વારંવારના ફોનથી હંસાબેન પટેલે ૨૭,૦૦૦/- રૂપિયા તેમજ બાદમાં ૪૦,૦૦૦/- રૂપિયા મળી કુલ્લે રૂ.૬૭,૦૦૦/- ટ્રાન્સફર કરી દઈ બાદમાં હંસાબેને પોતાના બેંક એકાઉન્ટમાં બેલેન્સ ચેક કરતા ત્યારે તેમાં કોઈ રૂપિયા જમા થયા ન હોતા અને તેમને પોતાની સાથે ઓનલાઈન વિશ્વાસઘાત અને છેતરપિંડી થઈ હોવાનું જણાતા બનાવ અંગે તેમની ફરિયાદમાં પોલીસે બે મોબાઈલ નંબરના વપરાશકર્તાઓ વિરુદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો નોંધી વધુ તપાસ પીઆઈ-ડી.એસ.કોરાટે હાથ ધરી હતી.